દૈનિક

# મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૩ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 136 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ જયેષ્ઠ સુદ - ૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 10 June 2025, Tuesday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58488 ★

મંગળવાર, ૧૦ જૂન ૨૦૨૫ (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

તરોતાજા પૂર્તિ


# લાઈફલાઈન બની ડેથલાઈન

## મુંબ્રા નજીક વિચિત્ર અકસ્માતમાં ચાર યુવાનનાં મોત

**અકસ્માત પછી મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે દુખ વ્યક્ત કર્યું હતું અને અકસ્માત અંગે તપાસ હાથ ધરવાની જાહેરાત કરી હતી. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ અકસ્માત પીડિતોને તાત્કાલિક મદદ પૂરી પાડવાની હૈયાધારણ આપી હતી તેમ જ મૃતકના પરિવારને સહાય પૂરી પાડવાની જાહેરાત કરી હતી. નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે પણ પ્રવાસીઓની સુરક્ષા પૂરી પાડવા સાથે ભીડમુક્ત લોકલ ટ્રેનની વ્યવસ્થા ઊભી કરવાની જાહેરાત કરી હતી**


અકસ્માત પછી જાગ્યું રેલવે તંત્ર ૧૦


### ચાલુ ટ્રેનમાંથી અનેક ટ્રેક પર પટકાયાં ▶ ઓટોમેટિક ક્લોઝ ડોરવાળી લોકલ ટ્રેન દોડાવવાની રેલવેની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સબર્બન મુંબઈ રેલવેનું નેટવર્ક જેટલું ઝડપી વિસ્તરી રહ્યું છે, પરંતુ પ્રવાસીઓની સુવિધા અને સુરક્ષા પૂરી પાડવા મુદ્દે રેલવેનો પનો ટૂંકો પડી રહ્યો છે, જે સોમવારે પુરવાર થયું હતું. મધ્ય રેલવેની મેઈન લાઈનમાં મુંબ્રા રેલવે સ્ટેશને ચાલતી લોકલ ટ્રેનમાંથી અનેક પ્રવાસીઓ પડ્યાં હતા, જેમાં ચાર પ્રવાસીનાં મોત થયા હતા. અકસ્માત પછી ઈજાગ્રસ્ત પ્રવાસીઓને તાત્કાલિક હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા તથા ઘટના અંગે તપાસ હાથ ધરવાનો રેલવેએ નિર્દેશ આપ્યો હતો.

આ અકસ્માતમાં રેલવે પોલીસના જવાનનું મોત થયું હતું, જ્યારે અનેક પ્રવાસીઓને ઈજા પહોંચી હતી. સોમવારે સવારના ૯.૨૦ વાગ્યાના સુમારે થાણે સેક્શનમાં બનાવ બન્યો હતો. કસારાની એક લોકલ ટ્રેન (ઈએમયુ) સીએસએમટી જઈ રહી હતી, જ્યારે બીજી ટ્રેન કસારા જઈ રહી હતી ત્યારે બનાવ બન્યો હોવાની શંકા વ્યક્ત કરી હતી. આ બંને ટ્રેનના ફૂટબોર્ડ પર લટકતા પ્રવાસીઓની બેગ એકબીજા સાથે ટકરાવવાને કારણે અકસ્માત થયો હોવાની અધિકારીએ શક્યતા વ્યક્ત કરી હતી. આ અકસ્માત પછી મધ્ય રેલવેની લોકલ ટ્રેનસેવા પર અસર પડી હતી. મોર્નિંગ પીકઅવર્સથી લઈને બપોર સુધી લોકલ ટ્રેન અડધોથી પોણો કલાક મોડી દોડતા પ્રવાસીઓને હાલાકી પડી હતી.

અકસ્માતમાં માર્યા જનારાની ઓળખ કરવામાં આવી છે, જેમાં એક રેલવે પોલીસના જવાનનો સમાવેશ થાય છે. મૃતકમાં કેતન સરોજ, રાહુલ ગુપ્તા, મયુર શાહ અને થાણે રેલવે પોલીસ સ્ટેશન (જીઆરપી)ના કોન્સ્ટેબલ વિક્કી બાબાસાહેબ મુખ્યદળ તરીકે ઓળખ કરી હતી. મૃતકના પરિવાર માટે પાંચ લાખ રૂપિયાના વળતર આપવાની જાહેરાત કરવામાં આવી હતી.

આ અકસ્માત અંગે ભિવંડીના રહેવાસી એક સાક્ષીએ કહ્યું હતું કે મેં કલ્યાણથી કસારા સીએસએમટી લોકલ ટ્રેન પકડી હતી. ટ્રેન જ્યારે મુંબ્રાથી પસાર થઈ રહી હતી ત્યારે આ બનાવ બન્યો હતો. કોચને કંઈ ટકરાયા પછી અમુક પ્રવાસીઓ બહારની તરફ ધકેલાયા હતા, પરિણામે ત્રણથી ચાર પ્રવાસીઓ કોચમાંથી પડ્યા હતા. આ બનાવમાં લગભગ સાતથી આઠ લોકોએ સંતુલન ગુમાવ્યું હતું.

તેણે કહ્યું કે મારો મિત્ર રહેમાન શેખ કલ્યાણથી થાણે આવી રહ્યો હતો ત્યારે તેને આ બનાવનો અનુભવ થયો હતો. મુંબઈમાં હવે ડાઉન લાઈનમાં પણ પેસેન્જરનો ટ્રાફિક


(જુઓ પાનું ૨) ▶▶


## ટ્રમ્પે રાષ્ટ્રીય સુરક્ષા દળ ગોઠવ્યા બાદ લૉસ ઍન્જલસમાં વિરોધ પ્રદર્શન ઉગ્ર બન્યું





**વિરોધ પ્રદર્શન:** 'ઈમિગ્રેશન રેડ'ના વિરોધમાં રવિવારે લૉસ ઍન્જલસમાં મેટ્રોપોલિટન ડિટેન્શન સેન્ટર નજીક અનેક ટૅક્સીને સળગાવી દેવામાં આવ્યા બાદ પોલીસ અધિકારીઓએ વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકો પર રબ્બરની બુલેટ છોડી હતી. (એજન્સી)

લૉસ ઍન્જલસ: અમેરિકાના લૉસ ઍન્જલસમાં ઈમિગ્રેશન એજન્ટો દ્વારા કરવામાં આવી રહેલી છાપામારી અને ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા મોટા પ્રમાણમાં સુરક્ષા દળ ગોઠવી દેવાના તેમ જ મહત્ત્વના ફ્રીવેને બ્લૉક કરવાના લેવાયેલા નિર્ણયના વિરોધમાં ભડકેલી હિંસા વધુ ઉગ્ર બની છે.

અમેરિકામાં ગેરકાયદે વસતા લોકોને દેશપાર કરવાની ઝુંબેશના ભાગરૂપ આ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

અમેરિકાનું બીજા ક્રમાંકનું સૌથી મોટું શહેર લૉસ ઍન્જલસ અરાજકતાની આગમાં સળગી રહ્યું છે. ત્રણ દિવસથી અહીં ઈમિગ્રેશન રેડના વિરોધમાં પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. સ્થાનિક વેપારીઓ પર કરવામાં આવી રહેલી છાપામારી દરમિયાન પ્રદર્શનકર્તાઓએ સતત ત્રીજે દિવસે ઈમિગ્રેશન એજન્ટોનો વિરોધ કર્યો હતો

પ્રદર્શનકર્તાઓને વિખેરવા પોલીસ દ્વારા અશ્રુવાયુ, રબ્બર બુલેટ અને ફ્લેશબૅંગના કરવામાં આવેલા ઉપયોગને પગલે રોષે ભરાયેલા પ્રદર્શનકર્તાઓએ ફ્રીવે પર સિમેન્ટના બ્લૉક મૂકી અવરોધ ઊભો કર્યો હતો અને ઈલેક્ટ્રિક વાહનો અને ચાર સેલ્ફ ડ્રાઈવિંગ કારને આગ ચાંપી હતી તો અમુક લોકોએ પોલીસ પર હુમલો કર્યો હતો. પ્રદર્શનકર્તાઓએ 'શૅઈમ' અને 'ગૉ હૉમ'ના


(જુઓ પાનું ૨) ▶▶


## આસામમાં પૂરની સ્થિતિ હજુ ગંભીર

### ૨.૬ લાખ લોકો પ્રભાવિત

ગુવાહાટી: આસામમાં પૂરની સ્થિતિ હજુ પણ ગંભીર છે. રાજ્યના છ જિલ્લાઓમાં લગભગ ૨.૬ લાખ લોકો હજુ પણ પૂરથી પ્રભાવિત છે. જો કે રાજ્યના ઘણા ભાગોમાં જળસ્તરમાં ઘટાડો થઇ રહ્યો છે. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

આસામ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ(એએસડીએમએ)ના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે લગભગ તમામ જળમગ્ન વિસ્તારોમાંથી પૂરનાં પાણી ઓસરી રહ્યાં છે. રાજ્યના મોટાભાગના ભાગોમાં છેલ્લા ૨૪ કલાકમાં વરસાદ પડ્યો નથી. તેમણે કહ્યું કે જો આજે વરસાદ ન પડે તો રાજ્યના મોટાભાગના ભાગોમાં પરિસ્થિતિમાં નોંધપાત્ર સુધારો જોવા મળવાની અમને આશા છે.

એએસડીએમએ દ્વારા જારી એક અહેવાલમાં જણાવાયું છે કે કામરુપ જિલ્લામાં વધુ ત્રણ લોકોનાં મોત થયાં છે. તેમજ છ જિલ્લાઓમાં લગભગ ૨.૬ લાખ લોકો પૂરથી પ્રભાવિત છે. આ વર્ષે પૂર અને


(જુઓ પાનું ૨) ▶▶


## વડા પ્રધાન મોદીએ એક નવા યુગની શરૂઆત કરી: નડ્ડા

### ભાજપ અધ્યક્ષે પીએમના નેતૃત્વમાં સરકારનાં ૧૧ વર્ષ પૂર્ણ થતાં અનેક સિદ્ધિઓ ગણાવી

નવી દિલ્હી : દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ભાજપ સરકારે ૧૧ વર્ષ પૂર્ણ કર્યા છે. આ વર્ષો દરમિયાન ભારતે અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. જે અંગે ભાજપ અધ્યક્ષ જે.પી. નડ્ડાએ નવી દિલ્હીમાં ભાજપ કાર્યાલય ખાતે પત્રકાર પરિષદનું આયોજન કર્યું હતું. જેમાં તેમણે સરકારની સિદ્ધિઓ ગણાવી હતી. તેમણે કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની રાજકીય સંસ્કૃતિ બદલીને એક નવા યુગની શરૂઆત કરી છે. જ્યાં તુષ્ટિકરણનું સ્થાન જવાબદારી, પારદર્શિતા અને વિકાસે લીધું છે. જે.પી.નડ્ડાએ પીએમ મોદીના નેતૃત્વ હેઠળની સરકારને એક મજબૂત સરકાર ગણાવી અને કહ્યું કે આ એક એવી


(જુઓ પાનું ૨) ▶▶


## ગોંડલનાં અમિત ખૂંટ કેસમાં મોટો વળાંક, જયરાજસિંહના માણસો ખોટાં નિવેદન આપવા દબાણ કર્યું હોવાનું સગીરાનું જજ સમક્ષ નિવેદન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટના રીબડામાં અમિત દામજીભાઇ ખૂંટ આત્મહત્યા કેસમાં નવો વળાંક આવ્યો છે, જેમાં દુષ્કર્મનો ભોગ બનનારી ૧૭ વર્ષીય સગીરાએ ૯ જૂન સોમવારના રોજ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાં નિવેદન આપ્યું હતું. આરોપી સગીરાએ ચોંકાવનારું નિવેદન આપ્યું હતું કે, જયરાજસિંહ જાડેજાના માણસોએ ખોટા નિવેદન માટે દબાણ કર્યું હતું. સગીરાએ પોલીસ પર ગંભીર આરોપ લગાવ્યો હતો કે, પોલીસે પણ જયરાજસિંહ કહે તેવું નિવેદન આપવા તેના પર દબાણ કર્યું હતું. સગીરાએ વધુમાં કહ્યું હતું કે, મારા પરિવારને પણ ધાકધમકી આપવામા આવી હતી.

અમિત ખૂંટ આપઘાત કેસમાં સગીરાનું નિવેદન મહત્ત્વની કડી સાબિત થઇ શકે છે. ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાં જજ સામે સગીરાએ કહ્યુ હતુ કે, અનિરુદ્ધસિંહ જાડેજા, રાજદીપસિંહ જાડેજાને હું ક્યારેય પણ મળી નથી. બંને વકીલો દિનેશ પાતર અને સંજય પંડિતને પણ ખોટા ફસાવવામાં આવ્યા હોવાની વાત સગીરાએ તેના નિવેદનમાં કહીં હતી. તો રાજકોટ ગ્રામ્ય પોલીસ ઉપર પણ સગીરા દ્વારા આક્ષેપો લગાવવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૩ મેના રોજ રાજકોટ શહેરમાં મૉડેલિંગક્ષેત્રે કાર્યરત ૧૭ વર્ષીય સગીરાએ અમિત ખૂંટ નામના યુવાન સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. ત્યાર બાદ ૫ મે, ૨૦૨૫એ દુષ્કર્મના આરોપી એવા અમિત ખૂંટે રીબડા ગામમાં ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાસ્થળેથી મૃતકની સુસાઈડ નોટ મળી હતી, જેમાં તેણે લખ્યું છે કે મને મારવા પાછળ અનિરુદ્ધસિંહ રીબડાનો હાથ છે. રાજદીપ ત્રાસ આપતો, પૈસા આપી ખોટી ફરિયાદ કરાવી હતી. ઉલ્લેખનીય છે કે મૃતક અમિત ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાનો સમર્થક હતો. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી સમયથી રીબડા(અનિરુદ્ધસિંહ જાડેજા) અને ગોંડલ જૂથ(જયરાજસિંહ જાડેજા) સામસામે છે. આ બે બાહુબલીઓના વર્ચસ્વની લડાઈમાં એક યુવકને જીવ ગુમાવવો પડ્યો હતો. મૃતક અમિત ખૂંટ પર ૨૦૨૨ની ચૂંટણી બાદ હુમલો થયો હતો. ત્યારથી લઇ અત્યારસુધી આ વિવાદ ચાલતો હતો, જેમાં જમીન વિવાદ અને હની ટ્રેપનાં તત્ત્વો ઉમેરાયાં અને અમિત ખૂંટે જિંદગી ટૂંકાવવાનો વારો આવ્યો હતો. ■

## દેશમાં કોરોનાના ૩૫૮ નવા કેસ

### એક્ટિવ કેસ ૬000ને પાર, અત્યાર સુધી ૬૫નાં મોત

નવી દિલ્હી : દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાઇરસના ૩૫૮ નવા કેસ નોંધાયા છે. આ સાથે એક્ટિવ કેસોની સંખ્યા ૬,૦૦૦ને પાર પહોંચી ગઈ છે. સોમવારે (૯ જૂન) સવારે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ સૌથી વધુ કેરળમાં કેસ નોંધાઈ રહ્યા છે, ત્યારબાદ ગુજરાત, પશ્ચિમ બંગાળ અને દિલ્હીમાં કેસો નોંધાયા છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે, ભારતમાં સક્રિય કૉવિડ-૧૯ દર્દીઓની સંખ્યા ૬,૪૯૧ પર પહોંચી ગઈ છે. સૌથી રાહતની વાત એ છે કે, છેલ્લા ૨૪ કલાકમાં કોઈ કોરોના દર્દીનું મોત થયું નથી અને વધુ ૬૨૪ દર્દીઓ સાજા થતા ડિસ્ચાર્જ કરાયા છે. અગાઉ રવિવારે છેલ્લા ૨૪ કલાકમાં છ દર્દીના મોત થયા હતા. આ વર્ષે જાન્યુઆરીથી દેશમાં કોરોનાના કારણે ૬૫ લોકોનાં મોત


(જુઓ પાનું ૨) ▶▶


## કેરળના દરિયાકાંઠે સિંગાપોરનાં જહાજમાં આગ

કોચી: કેરળના દરિયાકાંઠે સોમવારે સિંગાપોરનાં ધ્વજવાળા કન્ટેનર જહાજમાં આગ લાગી હોવાના અહેવાલ મળ્યા હતા, અને ક્રૂને બચાવવામાં આવી રહ્યા હતા, એમ એક સંરક્ષણ પીઆરઓએ જણાવ્યું હતું. એમવી વાન હૈ ૫૦૩ જહાજ પર સવાર ૨૨ ક્રૂ સભ્યમાંથી, ૧૮ જહાજ છોડીને ગયા છે અને ભારતીય નૌકાદળ અને કોસ્ટ ગાર્ડ દ્વારા તેમને બચાવવામાં આવી રહ્યા છે. હાલમાં જહાજમાં આગ લાગી છે અને તે તણાઈ રહ્યું છે, એમ તેમણે જણાવ્યું હતું.

રક્ષા સૂત્રોએ જણાવ્યું હતું કે ભારતીય કોસ્ટ ગાર્ડનાં જહાજો સચેત, અર્ન્વેશ, સમુદ્ર પ્રહરી, અભિનવ, રાજદૂત અને સી-૧૪૪ ચાલુ બચાવ કામગીરીમાં સામેલ હતા.

અધિકારીઓએ અગાઉ કહ્યું હતું કે એમવી વાન હૈ ૫૦૩ જહાજમાં વિસ્ફોટ થયો હોવાની જાણ થઈ હતી,


(જુઓ પાનું ૨) ▶▶


## પીજી મેડિકલમાં મોડા પ્રવેશથી હૉસ્પિટલોને રેસિડન્ટ ડૉક્ટરો સમયસર મળી શકશે નહીં

અમદાવાદ: પોસ્ટ ગ્રેજ્યુએશન (પીજી) મેડિકલ એમ.ડી.-એમ.એસ.માં પ્રવેશ માટે લેવાનારી પીજી નીટ ૧૫મી જૂનના બદલે હવે ૩ ઑગસ્ટે લેવાની જાહેરાત કરાઈ છે. આ પરીક્ષાનું પરિણામ ૩ સપ્ટેમ્બરે જાહેર કરાશે. આમ, ચાલુ વર્ષે પણ પોસ્ટ ગ્રેજ્યુએશનની પ્રવેશ પ્રક્રિયામાં ભારે વિલંબના કારણે નવેમ્બર-ડિસેમ્બર સુધીમાં પૂર્ણ કરાશે. જેના કારણે હૉસ્પિટલમાં નવા રેસિડેન્ટ ડોક્ટરો સમયસર મળી શકશે નહીં. એટલું જ નહીં છેલ્લાં ત્રણ વર્ષથી સતત વિલંબના કારણે આખી બેંચ સ્કીપ થઇ જાય તેવી સ્થિતિ ઊભી થઇ છે.

નેશનલ બોર્ડ ઓફ એક્ઝામીનેશન દ્વારા દર વર્ષે પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલમાં પ્રવેશ માટે પીજી નીટ લેવામાં આવે છે. ચાલુ વર્ષે ૧૫મી જૂનના રોજ નીટ લેવાની જાહેરાત કરાઈ હતી. બે શિફ્ટમાં લેવામાં આવતી નીટની સાથે જુદા જુદા મુદ્દાઓને કારણે સુપ્રીમ કોર્ટમાં રિટ થતાં તાજેતરમાં કોર્ટે એક જ શિફ્ટમાં નીટ લેવાનો નિર્દેશ કર્યા બાદ હાલમાં સમગ્ર કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. નવા શિડ્યુલ પ્રમાણે હવે ૩ ઑગસ્ટના રોજ એક જ શિફ્ટમાં પીજી નીટ લેવાશે. આમ, એક જ શિફ્ટમાં નીટ બાદ તેનું પરિણામ સપ્ટેમ્બરમાં જાહેર કરવામાં આવશે. પરિણામ જાહેર થયા બાદ રજિસ્ટ્રેશન સહિતની પ્રક્રિયા સપ્ટેમ્બરના અંત સુધીમાં જાહેર કરવામાં આવશે. જેના કારણે ઓક્ટોબર માસમાં પ્રવેશનો પહેલો રાઉન્ડ શરૂ કરવામાં આવશે. પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલ માટે ત્રણથી ચાર રાઉન્ડ કરવામાં આવતાં હોવાથી નવેમ્બરમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થાય તેવી ગણતરી છે.

મેડિકલના તજજ્ઞોઓ આશંકા વ્યક્ત કરી હતી કે, આ દરમિયાન ઓક્ટોબરમાં દિવાળીનું વેકેશન પણ આવતું હોવાથી ભારે મુશ્કેલી ઊભી થશે. ગત વર્ષે પોસ્ટ ગ્રેજ્યુએશન પ્રવેશમાં કોઇ સમસ્યા નહોતી. આમ છતાં યુજી નીટમાં વિવાદ થવાના કારણે પીજી નીટ પણ રદ કરી દેવામાં આવી હતી. એટલું જ નહીં પરીક્ષા એક શિફ્ટમાંથી બદલીને બે શિફ્ટમાં કરીને સપ્ટેમ્બરમાં પરીક્ષા લેવામાં આવી હતી. ગત વર્ષે ભારે વિલંબ થતાં જુદા જુદા રાજ્યોની હૉસ્પિટલને રેસિડેન્ટ ડૉક્ટરો સમયસર મળી શક્યા નહોતા. છેવટે જૂના રેસિડેન્ટ ડોક્ટરોને લાંબા સમય માટે ચાલુ રાખવા પડ્યા હતા. ગત વર્ષની જેમ ચાલુ વર્ષે પણ પ્રવેશ પ્રક્રિયામાં વિલંબ ન થાય તે માટે ૧૫મી જૂનના રોજ પ્રવેશ પરીક્ષા લેવાની જાહેરાત કરી દેવામાં આવી હતી. ■

## છત્તીસગઢમાં આઇઇડી વિસ્ફોટમાં એએસપી શહીદ

સુકમા: છત્તીસગઢના સુકમા જિલ્લામાં સોમવારે નક્સલીઓ દ્વારા લગાવવામાં આવેલા ઇમ્પ્રુવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઇસ (આઇઇડી)માં વિસ્ફોટ થવાથી એક અધિક પોલીસ અધિક્ષક શહીદ થયા હતા. જ્યારે બે પોલીસકર્મી ઘાયલ થયા હતા. આ માહિતી પોલીસે આપી હતી.

મુખ્ય પ્રધાન વિષ્ણુ દેવ સાઇએ વિસ્ફોટમાં અધિક પોલીસ અધિક્ષક (કોટા વિભાગ) આકાશ રાવ ગિરેપુંજેના મોત પર શોક વ્યક્ત કરતાં જણાવ્યું કે નક્સલીઓએ આ કૃત્યનાં પરિણામો ભોગવવા પડશે. ગૃહ મંત્રાલયનો પણ કાર્યભાર સંભાળતા રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન વિજય શર્માએ જણાવ્યું કે ૨૦૧૩ બેચના રાજ્ય પોલીસ સેવા અધિકારી ગિરેપુંજે વિસ્ફોટમાં શહીદ થયા હતા. તેમણે જણાવ્યું કે


(જુઓ પાનું ૨) ▶▶


## અમેરિકાએ ૩૭ ગેરકાયદેસર નેપાળી નાગરિકને દેશનિકાલ કર્યા

કાઠમંડુ: અમેરિકન સરકારે અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા ૩૭ નેપાળી નાગરિકને દેશનિકાલ કર્યા છે, એમ એક અધિકારીએ સોમવારે જણાવ્યું હતું. ઇમિગ્રેશન વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે ગેરકાયદેસર નેપાળી નાગરિકોને લઈને એક ચાર્ટર્ડ ફ્લાઇટ રવિવારે સાંજે અમેરિકાથી અહીં આવી હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે અમેરિકા દ્વારા એક જ દિવસમાં દેશનિકાલ કરાયેલા નેપાળીઓની આ સૌથી મોટી સંખ્યા છે.

અધિકારીએ જણાવ્યું હતું કે તેઓએ યુએસ ઇમિગ્રેશન કાયદાઓનું ઉલ્લંઘન કર્યું હોવાનું જાણવા મળ્યું હતું. ત્રિભુવન આંતરરાષ્ટ્રીય હવાઇમથક ખાતે ઇમિગ્રેશન ઓફિસના પ્રવક્તા અંજન ન્યુપાને જણાવ્યું હતું કે રવિવારના દેશનિકાલ સાથે, જાન્યુઆરીમાં પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે પદ સંભાળ્યા પછી અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા ૧૭૭ નેપાળી નાગરિકને પાછા મોકલવામાં આવ્યા છે.



**તાલીમ:** જમ્મુ-કાશ્મીરના સુંદરબન સેક્ટરસ્થિત લાઈન ઑફ કંટ્રોલ (એલઓસી) અને ઈન્ટરનેશનલ બૉર્ડર (આઈબી)ની સુરક્ષા વધારવા સોમવારે વિલેજ ડિફેન્સ ગાર્ડને તાલીમ આપી રહેલા બૉર્ડર સિક્યોરિટી ફૉર્સ (બીએસએફ)ના અધિકારીઓ. (એજન્સી)

**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ટ્રમ્પની જીદ અમેરિકાને અરાજકતા-અંધાધૂંધીમાં ધકેલી દેશે

**ડોનલ્ડ** ટ્રમ્પ આ વર્ષના જાન્યુઆરીમાં ફરી અમેરિકાના પ્રમુખ બન્યા ત્યારે કેટલાક વિશ્લેષકોએ ચેતવણી આપી હતી કે ટ્રમ્પ અમેરિકાને અરાજકતા અને અંધાધૂંધી તરફ ધકેલી દેશે. ટ્રમ્પને છ મહિના પણ નથી થયા ત્યાં આ આગાહી સાચી પડી રહી હોય એવું લાગી રહ્યું છે. ટ્રમ્પની નીતિઓના કારણે અમેરિકામાં અસંતોષ વધી રહ્યો છે અને લોસ એન્જલસની ઘટનાએ સાબિત કર્યું છે કે, ટ્રમ્પ પોતાની નીતિઓ નહીં બદલે તો અમેરિકા અરાજકતા અને અંધાધૂંધીની આગમાં ધકેલાઈ શકે છે.

ટ્રમ્પે પ્રમુખ બનતાં જ અમેરિકામાં ગેરકાયદે રીતે રહેતા ભારતીયો સહિતના વિદેશીઓને દેશમાંથી ધકેલવાનો કાર્યક્રમ શરૂ કરી દીધેલો. પહેલા તબક્કામાં કોઈ પણ દસ્તાવેજો વિના અમેરિકામાં ઘૂસતાં ઝડપાઈ ગયેલા વિદેશીઓને પ્લેનમાં બેસાડી બેસાડીને તેમના દેશભેગા કરી દેવાયેલા. ટ્રમ્પનો એ કાર્યક્રમ બહુ સફળ નહોતો થયો પણ ટ્રમ્પના માથે વિદેશીઓને તગેડવાની સનક સવાર છે એટલે ટ્રમ્પ એક કદમ આગળ વધ્યા છે. હવે ટ્રમ્પે અમેરિકામાં મોટાં શહેરોમાં ગેરકાયદે રીતે રહેતા વિદેશીઓને શોધી શોધીને ઘરભેગા કરવાનું ફરમાન બહાર પાડ્યું છે.

ટ્રમ્પના આદેશના પગલે અમેરિકન સરકારે ૬-૭ જૂનના રોજ લોસ એન્જલસમાં ગેરકાયદે ઇમિગ્રન્ટ્સ સામે ઝુંબેશ શરૂ કરી અને તેની સામે ભડકો થઈ ગયો. ટ્રમ્પની દેશનિકાલ નીતિના ભાગરૂપે શરૂ કરાયેલી આ ઝુંબેશ સામે લોકો રસ્તા પર આવી ગયાં છે. લોસ એન્જલસમાં ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સ સામે કડક કાર્યવાહીના વિરોધમાં ચાર દિવસથી દેખાવો થઈ રહ્યા છે અને આ દેખાવોએ હિંસક સ્વરૂપ ધારણ કરી લીધું છે.

ગેરકાયદે રીતે રહેતાં લોકો સામે ટ્રમ્પ સરકારની કાર્યવાહીના વિરોધમાં કેલિફોર્નિયામાં સ્થાનિક લોકો મેદાનમાં આવી ગયાં છે કેમ કે કેલિફોર્નિયાની ઈકોનોમી ગેરકાયદે રીતે રહેતાં લોકોના ભરોસે જ ચાલે છે. કેલિફોર્નિયામાં આવેલાં વિશાળ ખેતરોથી માંડીને હોલિવૂડ સુધી બધે જ મજૂરીનાં કામ આ લોકો જ કરે છે. આ લોકોને તગેડી મુકાય તો કામ કોણ કરે એ ચિંતામાં સ્થાનિક લોકોએ મોરચો માંડ્યો છે.

દેખાવકારોને વિખેરવા માટે સિક્યુરિટી કર્મચારીઓ ટીયર ગેસના શેલ, ફ્લેશ બેન્ગ વિસ્ફોટકો અને આંખમાં બળતરા થાય તેવો મરી-મરચાંનો ભૂકો ફેંકી રહ્યા છે. સામે દેખાવકારો પણ પૂરી તૈયારી સાથે આવ્યા છે એટલે બોર્ડર પેટ્રોલના વાહનો પર પથ્થરો અને સિમેન્ટનો મારો ચલાવી રહ્યા છે. દેખાવકારોએ શહેરામાં અનેક સ્થળે આગ ચાંપી દીધી છે અને અનેક વાહનોને ફૂંકી માર્યાં છે.

દેખાવકારો રસ્તા પર ટાયરો સળગાવ્યા, સળગાવીને ધુમાડો ધુમાડો કરી દીધો છે તેથી સિક્યુરિટી કર્મચારીઓ પણ અટવાઈ ગયા છે. ભીડને કાબૂમાં લેવા માટે જાત સજાતના ઉપાયો કરવા છતાં ભીડ વિખેરાતી નથી તેથી ટ્રમ્પે નેશનલ ગાર્ડ્સને મોકલવા પડ્યા છે. આ હિંસામાં કોઈનો જીવ ગયો નથી, પણ સ્થિતિ ગંભીર છે તેમાં બેમત નથી.

એક તરફ હિંસા ભડકી છે ત્યારે બીજી તરફ રાજકીય જંગ પણ જામ્યો છે. લોસ એન્જલસના મેયર તરીકે ટ્રમ્પની વિરોધી ડેમોક્રેટિક પાર્ટીનાં કારેન બાસ છે જ્યારે કેલિફોર્નિયાના ગવર્નર તરીકે પણ ડેમોક્રેટિક પાર્ટીના ગેવિન ન્યૂસમ છે. કેલિફોર્નિયાના ગવર્નર ગેવિન ન્યૂસમ અને લોસ એન્જલસના મેયર કારેન બાસ બંનેએ લોસ એન્જલસમાં ગેરકાયદે રીતે રહેતા વિદેશીઓ સામે કોઈ પણ કાર્યવાહી કરવા સામે ચેતવણી આપેલી, પણ ટ્રમ્પે તેમને અવગણીને કાર્યવાહી શરૂ કરાવી.

આ કાર્યવાહીના કારણે હિંસા ફાટી નિકળી પછી ટ્રમ્પે નેશનલ ગાર્ડ્સ મોકલવાનો નિર્ણય લીધો. નેશનલ ગાર્ડને મોકલતાં પહેલાં રાજ્યના ગવર્નર અને શહેરના મેયરની સંમતિ જરૂરી છે પણ કારેન અને ન્યૂસમ બંનેએ નેશનલ ગાર્ડ્સ મોકલવાનો વિરોધ કર્યો હતો. ટ્રમ્પ આ વિરોધને ઘોળીને પી ગયા અને ટ્રમ્પે લોસ એન્જલસમાં પરિસ્થિતિને નિયંત્રિત કરવા માટે ૨૦૦૦ નેશનલ ગાર્ડ્સ મોકલ્યા. અમેરિકાના ઈતિહાસમાં પહેલી વાર કોઈ રાજ્યના ગવર્નરની મંજૂરી વિના નેશનલ ગાર્ડ્સને મોકલવામાં આવ્યા હોય એવું બન્યું છે તેથી જોરદાર જંગ જામ્યો છે. કેલિફોર્નિયાના ગવર્નર ગેવિન ન્યૂસમ અને લોસ એન્જલસના મેયર કારેન બાસે નેશનલ ગાર્ડ્સ મોકલવા સામે કોર્ટમાં જવાનો અને ટ્રમ્પ સામે દાવો માંડવાનું એલાન કરતાં આ મુદ્દે કાનૂની જંગ જામશે એ નક્કી છે.

સોશિયલ મીડિયા પર પણ આ મુદ્દે જંગ જામ્યો છે. લોસ એન્જલસનાં મેયર કારેન બાસ અશ્વેત છે તેથી મેક્સિકન અને કેરેબિયન અશ્વેતોને છાવરી રહ્યાં છે એવા આક્ષેપો થઈ રહ્યા છે. દેખાવકારોમાં ઘણા મેક્સિકન ઝંડા ફરકાવી રહ્યા છે તેના કારણે મેક્સિકો સાથેની સરહદ તાત્કાલિક સીલ કરવાની માગણી પણ શરૂ થઈ છે. લોસ એન્જલસમાં રમખાણો શાંત થવાનું નામ નથી લેતાં તેના માટે મેયર કારેન બાસને જવાબદાર ગણાવીને તેમની ધરપકડ કરવાની માગણી પણ સોશિયલ મીડિયા પર થઈ રહી છે.

સોશિયલ મીડિયા યુઝર્સ દાવો કરી રહ્યા છે કે આ રમખાણો મેયર બાસે જ શરૂ કરાવ્યા છે કે જેથી ફરીથી ચૂંટણી જીતી શકાય. આ પહેલાં આ વર્ષના જાન્યુઆરીમાં લોસ એન્જલસ પાસેના જંગલમાં આગ ફાટી નીકળી હતી, ત્યારે પણ સોશિયલ મીડિયા પર કારેનની ધરપકડ કરવા જોરદાર ઝુંબેશ શરૂ કરાઈ હતી. ડેમોક્રેટિક પાર્ટીનું કહેવું છે કે, ટ્રમ્પ પોતાના રાજકીય ફાયદા માટે ગેરકાયદે રીતે રહેનારાં વિદેશીઓ સામેની કાર્યવાહીને જોરદાર પબ્લિસિટી આપે છે અને લોકોમાં ઉન્માદ પેદા કરે છે. ટ્રમ્પનું કહેવું છે કે, અક્ષમ ગવર્નર અને મેયર હંમેશાની જેમ કામ કરવામાં અસમર્થ સાબિત થયાં તેના કારણે તોફાનો ભડક્યાં છે.

લોસ એન્જલસનાં તોફાનો અમેરિકામાં ભવિષ્યમાં કેવી સ્થિતિ સર્જાશે તેનું ટ્રેલર છે. ટ્રમ્પને અમેરિકાને ફરી મહાન બનાવવા માટે તમામ વિદેશીઓને તગેડી મૂકવામાં રસ છે, પણ તેમને તગેડવા અઘરા છે. અમેરિકામાં લગભગ દોઢ કરોડ વિદેશીઓ ગેરકાયદે રીતે રહે છે. હવે લોસ એન્જલસ જેવા એક શહેરમાં જ વિદેશીઓને તગેડવાની ઝુંબેશ સામે ઉગ્ર દેખાવો થતા હોય ને હિંસા ફાટી નિકળતી હોય તો અમેરિકાના બીજા ભાગોમાં કેવાં રીએક્શન આવશે તેની કલ્પના કરવી અઘરી નથી. લોસ એન્જલસ જેવાં રીએક્શનના કારણે અમેરિકા આંતરિક યુદ્ધ તરફ ધકેલાઈ શકે કેમ કે ટ્રમ્પ માને છે તેમ બળ વાપરીને બધા વિદેશીઓને પાછો માકલવા શક્ય નથી.

અમેરિકનો પણ ગેરકાયદે રીતે રહેતા વિદેશીઓને પાછા તગેડવાની તરફેણમાં નથી એ કેલિફોર્નિયાના દેખાવોએ સાબિત કર્યું છે. આ ગેરકાયદે રીતે રહેતા વિદેશીઓ સસ્તામાં મજૂરી કરીને અમેરિકનોનાં કામ ચલાવે છે તેથી તેમને અમેરિકનો પણ અમેરિકામાં જ રાખવા ઈચ્છે છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ, મંગળવાર, તા. ૧૦-૬-૨૦૨૫, ચંપક ચતુર્દશી, વ્રતની પૂનમ, વટપૂર્ણિમા,

- ભારતીય દિનાંક ૨૦, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, જયેષ્ઠ સુદ-૧૪
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે જયેષ્ઠ, તિથિ સુદ-૧૪
- પારસી શહેનશાહી રોજ ૩૦મો અનેરાન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૩૦મો અનેરાન, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૨મો ગોવાદ, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૩મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૪મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- નક્ષત્ર અનુરાધા સાંજે ક. ૧૮-૦૧ સુધી, પછી જયેષ્ઠા.
- ચંદ્ર વૃશ્ચિકમાં.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૫, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૩, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૩, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૧૧-૫૨, રાત્રે ક. ૨૩-૧૫
- ઓટઃ સાંજે ક. ૧૭-૫૦, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૨૬ (તા. ૧૧)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’ નામ સંવત્સર, જયેષ્ઠ શુક્લ – ચતુર્દશી. ચંપક ચતુર્દશી (બંગાળ), વ્રતની પૂનમ, વટપૂર્ણિમા, વિંછુડો, ભદ્રા સવારે ક. ૧૧-૩૭થી ક. ૨૪-૨૮. સૂર્ય મહાનક્ષત્ર મૃગશીર્ષમાં, વાહન શિયાળ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, શનિ-મંગળ ગ્રહદેવતાનું પૂજન, અગ્નિદેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, તુલસીપૂજા, મુંડન કરાવવું નહિ, પૂજા નિમિત્તે નવાં વસ્ત્રો, આભૂષણ, નિત્ય થતાં પશુ લે-વેંચ, સ્થાવર લેવડદેવડના કામકાજ, બી વાવવું, શાંતિ પૌષ્ટિક પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ સ્વપ્નદષ્ટા, બુધ-નેપ્ચૂન ચતુષ્કોણ અવ્યવહારું.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ, બુધ-નેપ્ચૂન ચતુષ્કોણ ચંદ્ર-જયેષ્ઠા યુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-સિંહ, બુધ-મિથુન, ગુરુ-મિથુન, શુક્ર-મેષ શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# મૈતેઈ નેતાની ધરપકડઃ મણિપુરના પાંચ જિલ્લામાં ઈન્ટરનેટ બંધ

ઈમ્ફાલઃ મૈતેઈના નેતા અને બીજા ચારની ધરપકડને પગલે મણિપુરમાં પ્રતિબંધક હુકમોનો ભંગ કરીને રવિવારે રાત્રે દેખાવકારોએ ટોર્ચલાઈટ સરઘસ કાઢ્યું હતું, એક સરકારી મકાનને આગ ચાંપી હતી અને સુરક્ષા દળો સાથે અથડામણ કરી હતી. આ અથડામણને પગલે પાંચ જિલ્લામાં ઈન્ટરનેટ સેવા બંધ કરવામાં આવી હતી.

પોલીસ અધિકારીએ કહ્યું હતું કે દેખાવકારો અને સુરક્ષા દળ વચ્ચે ઈમ્ફાલ વેસ્ટના ક્વાકેઈથેલ અને સગિજમેઈમાં અથડામણ થતાં પોલીસે ટોળાને વિખેરવા અશ્રુવાયુના ટેટા અને રબર બુલેટ છોડવી પડી હતી. ઈમ્ફાલ ઈસ્ટ જિલ્લામાં ચૈરિપોક તુલિહલમાં સબ ડિવિઝનલ કલેકટરની ઑફિસમાં આગ ચાંપવામાં આવી હતી જેમાં મકાનને આંશિક નુકસાન થયું હતું. સત્તાવાર રેકોર્ડ નાશ પામ્યા હતા.

અધિકારીએ માહતિ આપી હતી કે પોલીસે આગ લગાડનારા ગુનેગારોને શોધવા તપાસ શરૂ કરી છે અને અનિચ્છનીય બનાવ ટાળવા વિસ્તારમાં સુરક્ષા જડબેસલાક બનાવી છે.

દેખાવકારોએ ઈમ્ફાલ વેસ્ટના સેકમાઈ અને કોઈરેન્ગઈમાં સુરક્ષા દળોની ગતિવિધિ અટકાવવા રોડ પર માટીના ઢગલા કર્યા હતા.

બીજા એક અધિકારીએ માહિતી આપી હતી કે દેખાવકારોએ ઈમ્ફાલ ઈસ્ટ જિલ્લાના વાન્ગખેઈ, ચૈરીપોક અને ખુરાઈમાં જવાનો સાથે અથડામણ કરી હતી અને ટોળાનો વિખેરવા સુરક્ષા દળોએ ટીયર ગૅસના ટેટા છોડ્યા હતા.

સોમવારે સવારે ઈમ્ફાલના અનેક વિસ્તારોમાં રોડ પર બળેલા ટાયરમાંથી ધુમાડા નીકળી રહ્યા હતા. પોલીસ અધિકારીએ કહ્યું હતું કે પરિસ્થિતિ તંગ છે. દેખાવકારોએ વાંસની લાકડી વડે રોડ અને ખાસ કરીને ઈમ્ફાલ હવાઈમથક જતો ટિડિમ રોડને બ્લોક કરી દીધો હતો.

સુરક્ષા દળોએ પછી આ રોડ પરના અંતરાયો દૂર કર્યા છે. ખુરાઈમાં મહિલાના જૂથે પણ ટોર્ચ લાઈટ પ્રોટેસ્ટમાં ભાગ લીધો હતો. આ ગ્રૂપે રાજ્યમાં સરકાર રચવાની માગણી કરી હતી. મણિપુરમાં હાલમાં રાષ્ટ્રપતિ શાસન છે. (એજન્સી) ■

# ‘પર્પઝ’ શ્રેષ્ઠ નાટક ઍવૉર્ડ જીત્યું અને કારા યંગ માટે ટોની ઍવૉર્ડ્સનો ઈતિહાસ રચ્યો

ન્યૂ યોર્કઃ રવિવારના ટોની ઍવૉર્ડ્સમાં શ્રેષ્ઠ નવા નાટકની ટ્રોફી ‘પર્પઝ’ને મળી. આ વર્ષ જેકબ્સ-જેનકિન્સ માટે એક નોંધપાત્ર વર્ષ હતું, જેમણે ‘પર્પઝ’ માટે પુલિત્ઝર પુરસ્કાર મેળવ્યો હતો અને સતત ટોનીઝ જીતવા ઉપરાંત – તેમના ‘એપ્રોપ્રિએટ’ એ ૨૦૨૪માં શ્રેષ્ઠ નાટક પુનરુત્થાન જીત્યું હતું ઓગસ્ટ વિલ્સને ૧૯૮૭ માં ‘ફેન્સિસ’ માટે ટ્રોફી જીતી ત્યારથી જેકબ્સ-જેનકિન્સ શ્રેષ્ઠ નવા નાટકનો એવોર્ડ જીતનાર પ્રથમ અશ્વેત નાટ્યકાર બન્યા છે. તેમણે ટોની દર્શકોને પ્રાદેશિક થિયેટરોને ટેકો આપવા વિનંતી કરી હતી. કારા યંગ – સતત ચાર વર્ષમાં ટોની ઍવૉર્ડ માટે નામાંકિત થનારી પ્રથમ અશ્વેત મહિલા અભિનેત્રી – ‘પર્પઝ’માં તેના કામ માટે ફીચર્ડ અભિનેત્રી સાથે સતત બે ટોની ટ્રોફી જીતનાર પ્રથમ અશ્વેત વ્યક્તિ બની હતી. યંગે તેના માતાપિતા, જેકબ્સ-જેનકિન્સ, તેના કલાકારો અને દિગ્દર્શક ફિલિસિયા રશાદનો આભાર માન્યો હતો.

‘સક્સેશન’ સ્ટાર સારાહ સ્નૂકે ‘ધ પિક્ચર ઓફ ડોરિયન ગ્રે’માં તેના અથાક કાર્ય માટે નાટકમાં મુખ્ય અભિનેત્રીની ટ્રોફી જીતી, જ્યાં તેણે બધી ૨૬ ભૂમિકાઓ ભજવી હતી.

ફ્રાન્સિસ જ્યુએ ‘ચલો ફેસ’માં તેના કામ માટે એક નાટકમાં ફીચર્ડ ભૂમિકામાં શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ જીત્યો હતો. ■

# યુક્રેન પર રશિયાનો સૌથી મોટો ડ્રોન-મિસાઈલ હુમલો, અનેક શહેરો તબાહ

નવી દિલ્હીઃ રશિયા અને યુક્રેન વચ્ચે ત્રણ વર્ષથી ચાલી રહેલા યુદ્ધમાં ગઇકાલની રાત યુક્રેન માટે ખૂબ જ ભયાનક રહી હતી. રશિયાએ યુક્રેન પર ૪૭૯ ડ્રોન અને ૨૦ મિસાઇલો દ્વારા અત્યાર સુધીનો સૌથી મોટો હવાઇ હુમલો કર્યો હતો.

યુક્રેનિયન વાયુ સેનાના જણાવ્યા અનુસાર આ હુમલામાં ખાસ કરીને દેશના મધ્ય અને પશ્ચિમી પ્રદેશોને નિશાન બનાવવામાં આવ્યા હતા. તાજેતરમાં યુક્રેને રશિયાના એરબેઝને નિશાન બનાવ્યું હતું અને ત્યારબાદ કરવામાં આવેલો આ હુમલો ખૂબ મોટો માનવામાં આવી રહ્યો છે.

યુક્રેનની વાયુ સેનાએ દાવો કર્યો કે તેણે ૨૭૭ ડ્રોન અને ૧૯ મિસાઇલોને હવામાં જ નષ્ટ કરી નાખી હતી. જ્યારે ૧૦ ડ્રોન અને મિસાઇલો તેમના લક્ષ્ય સુધી પહોંચી હતી. આ હુમલામાં એક વ્યક્તિ ઘાયલ થયો હતો. જો કે યુક્રેનના આ દાવાઓની કોઇપણ રીતે પુષ્ટિ થઇ શકી નથી.

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ જણાવ્યું કે પૂર્વીય અને ઉત્તરપૂર્વીય મોરચે પરિસ્થિતિ ખૂબ જ ખરાબ છે. તેમણે રશિયન હુમલાઓથી થઇ રહેલા નુકસાન અંગે વધુ જાણકારી આપી ન હતી. યુક્રેનને તેના પશ્ચિમી સાથીઓ પાસેથી ખાસ કરીને એર ડિફેન્સ સિસ્ટમની વધુ મદદની જરૂર છે. પરંતુ અમેરિકાની નીતિને લઇને અનિશ્ચિતતાને કારણે પરિસ્થિતિ ખરાબ છે.

આ દરમિયાન રશિયાએ એવો પણ દાવો કર્યો કે તેણે યુક્રેનના ૪૯ ડ્રોન તેના પ્રદેશના સાત ભાગોમાં તોડી પાડ્યા છે. રશિયાના વોરોનિશ ક્ષેત્રમાં ૨૫ ડ્રોન તોડી પાડવામાં આવ્યા હતા, જેના કારણે ગેસ પાઇપલાઇનને નુકસાન થયું હતું અને આગ ફાટી નીકળી હતી. ■

## પહેલા પાનાનું ચાલુ

### લાઈફલાઈન બની

વધ્યો છે, જેમાં મુંબઈથી થાણે, કલ્યાણમાં નોકરી કરનારાની સંખ્યા વધી છે, તેથી પ્રવાસીઓનો ટ્રાફિક વધારે રહે છે, એમ અન્ય એક પ્રવાસીએ જણાવ્યું હતું.

આ અકસ્માત પછી મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે દુખ વ્યક્ત કર્યું હતું અને અકસ્માત અંગે તપાસ હાથ ધરવાની જાહેરાત કરી હતી. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ અકસ્માત પીડિતોને તાત્કાલિક મદદ પૂરી પાડવાની હૈયાધારણ આપી હતી તેમ જ મૃતકના પરિવારને સહાય પૂરી પાડવાની જાહેરાત કરી હતી. નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે પણ પ્રવાસીઓની સુરક્ષા પૂરી પાડવા સાથે ભીડમુક્ત લોકલ ટ્રેનની વ્યવસ્થા ઊભી કરવાની જાહેરાત કરી હતી.

આ અકસ્માત પછી રેલવે બોર્ડ દ્વારા પણ સામાન્ય લોકલ ટ્રેનમાં ઓટોમેટિક ક્લોઝ ડોર લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હાલમાં દોડાવવામાં આવતી લોકલ ટ્રેનના કોચનું પણ રિડિઝાઈનિંગ કરવામાં આવશે, અને તમામ ટ્રેનના કોચમાં પણ ઓટોમેટિક ડોર બંધ થાય એવી સુવિધા ઉપલબ્ધ કરાવી આપવામાં આવશે. જોકે, ચોંકાવનારી વાત એ છે કે અગાઉ પશ્ચિમ રેલવેમાં ઓટોમેટિક ડોરવાળી ટ્રેનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, પણ સફળ રહ્યો નહોતો.

મધ્ય રેલવે હોય કે પશ્ચિમ રેલવેમાં દર બે મિનિટ યા દર ત્રણ મિનિટ ટ્રેન દોડાવાય છે, પરંતુ ટ્રેનની સર્વિસમાં વધારવાની સાથે બાર કોચમાંથી પંદર કોચની સર્વિસ વધારવામાં આવે તો ફાયદો થઈ શકે છે. મુંબઈ સબર્બન રેલવેમાં પ્રવાસીઓની સુવિધા માટે મેટ્રો પ્રકારની ટ્રેનની સિસ્ટમ હવે અમલી બને તો ફાયદો થઈ શકે છે, એમ પ્રવાસી સંગઠને દાવો કર્યો હતો.

કલ્યાણ લોકસભાના સાંસદ સભ્ય શ્રીકાંત શિંદેએ સોમવારે સવારે થાણે જિલ્લાના મુંબ્રા નજીકના અકસ્માતમાં માર્યા જનારા પ્રવાસીઓ અંગે દુઃખ વ્યક્ત કરી ભીડને હળવી કરવા માટે થાણે પછીના નેટવર્કમાં તાત્કાલિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડ કરવાની માગ કરી હતી.

દરમિયાન વિરોધ પક્ષના નેતા અને કૉંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ આ અકસ્માતમાં માર્યા જનારા અંગે દુખ વ્યક્ત કર્યું હતું તથા ઈજાગ્રસ્તો વહેલા સાજા થાય એના માટે અપેક્ષા વ્યક્ત કરી હતી. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને ભારતીય રેલવેના પ્રવાસીઓની સુરક્ષા મુદ્દે સરકાર પર ગંભીર સવાલો કર્યા હતા. બીજી બાજુ મહારાષ્ટ્રમાંથી રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (એસપી)ના પ્રમુખ શરદ પવારે વધતી ભીડને ધ્યાનમાં રાખીને મુંબઈની લોકલ ટ્રેનમાં ઓટોમેટિક ક્લોઝડોરવાળી ટ્રેન શરૂ કરવાનો અનુરોધ કર્યો હતો. મનસે પ્રમુખ રાજ ઠાકરે સહિત શિવસેનાના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ પણ રેલવે તંત્રની ટીકા કરી હતી.

અહીં એ જણાવવાનું કે મુંબઈ સબર્બન રેલવેમાં રોજના ૭૫ લાખથી વધુ પ્રવાસી ટ્રાવેલ કરે છે, જ્યારે રોજની ૩,૨૦૦થી વધુ ટ્રેનની ફેરી દોડાવાય છે, પરંતુ વધતા અકસ્માતો રેલવે માટે ચિંતાનો વિષય છે. ■

### ટ્રમ્પે રાષ્ટ્રીય

સૂત્રોચ્ચાર કરી સુરક્ષા ચોકિયાતો પર હુમલો કર્યો હતો.

ગેરકાયદે ઈમિગ્રન્ટોની ધરપકડ કરીને ડિટેન્શન સેન્ટરમાં રાખવામાં આવ્યા છે. રાષ્ટ્રીય સુરક્ષા દળના જવાનો હાથમાં બંદૂક અને પ્રોટેકટિવ શિલ્ડ સાથે મેટ્રોપોલિટન ડિટેન્શન સેન્ટરની બહાર પહેરો ભરી રહ્યા છે તો અમુક પોલીસ ઘોડા પર સવાર થઈને રસ્તા પર પહેરો ભરી રહ્યા છે.

ડેમોક્રેટિક ગવર્નરે ગૅવિન ન્યૂસમે ટ્રમ્પ વહીવટીતંત્રને સુરક્ષા દળને પાછું ખસેડી લેવાની વિનંતી કરી હતી. ગવર્નરની પરવાનગી વિના જ રાષ્ટ્રીય સુરક્ષા દળને ગોઠવી દેવામાં આવ્યું હતું. છેલ્લે ૧૯૬૫માં ગવર્નરની પરવાનગી વિના અલ્બામામાં રાષ્ટ્રીય સુરક્ષા દળને ગોઠવી દેવામાં આવ્યું હતું.

કૅલિફોર્નિયાના ગવર્નર સહિત અમુક અધિકારીઓએ પણ ટ્રમ્પ વહીવટીતંત્રના નિર્ણયને ભડકાઉ લેખાવી તેનો વિરોધ કર્યો છે.

ભૂતપૂર્વ ઉપપ્રમુખ કમલા હૅરિસે કહ્યું હતું કે લોકોમાં ગભરાટ ફેલાવવા અને ભાગલા પાડવાના ક્રૂર એજન્ડાને આગળ વધારવા ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

અગાઉ શુક્રવારે લૉસ ઍન્જલસમાં વ્યાપક છાપામારી કરવામાં આવી હતી અને એ દરમિયાન ઓછામાં ઓછા ૪૪ જણની ધરપકડ કરવામાં આવી હતી.

લૉસ ઍન્જલસમાં હાલમાં સ્થાનિક વેપારીઓ પર છાપામારી કરવામાં આવી રહી છે જેનો સખત વિરોધ કરવામાં આવી રહ્યો છે.

ઈમિગ્રેશન ઍન્ડ કસ્ટમ્સ ઍન્ફોર્સમેન્ટ (આઈસીઈ) દ્વારા અમેરિકામાં ગેરકાયદે વસતા લોકો પર કરવામાં આવી રહેલી છાપામારીને કારણે લોકોમાં નારાજગી જોવા મળી રહી છે.

લૉસ ઍન્જલસ કેલિફોર્નિયા પ્રાન્તનું સૌથી મોટું શહેર છે. લૉસ ઍન્જલસની વસતી અંદાજે ૪૦ લાખની છે. જનસંખ્યાને મામલે પણ ન્યૂ યૉર્ક બાદ લૉસ ઍન્જલસનું નામ આવે છે અને તે હૉલિવૂડ અને અમેરિકાના ફિલ્મ ઉદ્યોગનું મુખ્ય કેન્દ્ર પણ છે. (એજન્સી) ■

### વડા પ્રધાન મોદીએ

સરકાર છે જે મજબૂત નિર્ણયો લે છે અને આર્થિક શિસ્ત લાવે છે.

જે.પી.નડ્ડાએ ભારપૂર્વક જણાવ્યું કે મોદી સરકારે એક નવી વ્યવસ્થા સ્થાપિત કરી છે. આ એક એવી સરકાર છે જે ભવિષ્ય માટે કામ કરે છે. પહેલાની સરકારો ભ્રષ્ટાચારમાં ડૂબેલી હતી અને તુષ્ટિકરણમાં માનતી હતી, પરંતુ આ સરકાર નકારાત્મકતાથી સકારાત્મકતા તરફ આગળ વધી રહી છે. તેમ જ આજે ભારતનો સામાન્ય નાગરિક માને છે કે મોદી હૈ તો મુમકીન હૈ. તેમણે સરકારની ત્રણ મુખ્ય સિદ્ધિઓ વિકાસ સંશોધન અને નવીનતા અંગે વાત કરી હતી. તેમણે કહ્યું, પ્રદર્શન, સુધારા અને પરિવર્તનનો મંત્ર અમારી નીતિઓમાં દેખાય છે. અમે ‘સબકા સાથ, સબકા વિશ્વાસ, સબકા પ્રયાસ’ ના સિદ્ધાંતને અપનાવ્યો છે.

ભાજપ અધ્યક્ષે સરકારના કેટલાક ઐતિહાસિક નિર્ણયોનો ઉલ્લેખ કર્યો જેમાં કલમ ૩૭૦ નાબૂદ, ટ્રિપલ તલાકનો સમાવેશ થાય છે. કલમ ૩૭૦ નાબૂદનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું, દેશે સ્વીકાર્યું હતું કે આ શક્ય નથી, પરંતુ મોદી સરકારે જમ્મુ અને કાશમીરમાંથી કલમ ૩૭૦ દૂર કરી. લોકસભામાં મતદાન ૫૮.૪૬ ટકા હતું.જમ્મુ અને કાશમીર વિધાનસભા ચૂંટણીમાં મતદાન ૬૩ ટકા હતું. આ પરિવર્તન મોદી સરકારના બોલ્ડ નિર્ણયને કારણે આવ્યું છે. ટ્રિપલ તલાક નાબૂદ કરીને અમારી સરકારે મહિલાઓને સન્માન અને અધિકારો આપ્યા.

તેમણે કહ્યું કે સરકારે દેશ અને સમુદાયના હિતને મજબૂત કરવા માટે નવો વકફ કાયદો બનાવ્યો છે. તેમણે એમ પણ કહ્યું કે અમારી સરકારે નાગરિકતા સુધારો કાયદો ,નોટબંધી, મહિલા અનામત અને બજેટ સુધારા જેવા પગલાં લીધાં છે. ભારત ટૂંક સમયમાં વિશ્વનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર બનવા જઈ રહ્યું છે. વિદેશી હૂંડિયામણ ભંડાર, નિકાસ અને વિદેશી સીધા રોકાણમાં વધારો થયો છે. કર વસૂલાતમાં ૨૩૮ ટકાનો વધારો થયો છે. નડ્ડાએ કહ્યું, તમામ પ્રતિકૂળ પરિસ્થિતિઓ છતાં ભારતનું અર્થતંત્ર મજબૂત રીતે આગળ વધી રહ્યું છે. આ સરકાર પારદર્શિતાનું નવું ઉદાહરણ સ્થાપિત કરી રહી છે. ■

### છત્તીસગઢમાં

નક્સલવાદીઓએ હિંસાનો ત્યાગ કરીને મુખ્ય પ્રવાહમાં જોડાવું જોઇએ અને સમાજના વિકાસમાં યોગદાન આપવું જોઇએ. એક અધિકારીએ જણાવ્યું કે આ ઘટના કોંટા-એર્રાબોર રોડ પર ડોંડ્રા ગામ નજીક, જ્યારે એએસપી અને અન્ય કર્મચારીઓ વિસ્તારમાં નક્સલીઓએ એક અર્થ-મૂવર મશીનને આગ ચાંપી હોવાની માહિતી મળ્યા બાદ પગપાળા પેટ્રોલિંગ પર નીકળ્યા ત્યારે બની હતી.

તેમણે જણાવ્યું કે જ્યારે પોલીસકર્મીઓ ઘટનાસ્થળે પહોંચ્યા ત્યારે આઇઇડી વિસ્ફોટ થયો હતો. જેમાં એએસપી ગિરેપુંજે, સબ-ડિવિઝનલ પોલીસ અધિકારી (એસડીઓપી-કોંટા વિસ્તાર) ભાનુપ્રતાપ ચંદ્રકાર અને કોંટા પોલીસ સ્ટેશનના હાઉસ ઓફિસર ઇન્સ્પેક્ટર સોનલ ગ્વાલા ઘાયલ થયા હતા. તેમણે જણાવ્યું કે તમામ ઘાયલ કર્મચારીઓને પ્રાથમિક સારવાર માટે કોંટા હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. વિસ્ફોટના સીધા સંપર્કમાં આવવાથી ગિરેપુંજે ગંભીર રીતે ઘાયલ થયા હતા અને સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. રાયપુર જિલ્લાના રહેવાસી ૪૨ વર્ષીય એએસપીની ૨૦૧૩માં પોલીસ અધિક્ષક તરીકે ભરતી કરવામાં આવી હતી. તેઓ ગયા વર્ષથી કોંટામાં એએસપી તરીકે કાર્યરત હતા. ■

### દેશમાં કોરોનાના

થયા છે. ૨૨ મે સુધી દેશમાં સક્રિય દર્દીઓની સંખ્યા ૨૫૭ હતી. વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં ડેટાની વાત કરીએ તો, આ વર્ષે કુલ ૬૪૯૧ એક્ટિવ કેસ નોંધાયેલા છે, જ્યારે ૬૮૬૧ દર્દીઓ સજા પણ થયા છે. આ ઉપરાંત કોરોના સંક્રમિત કુલ ૬૫ લોકોએ જીવ ગુમાવ્યો છે.

છેલ્લા ૨૪ કલાકના ડેટાની વાત કરીએ તો સૌથી વધુ ગુજરાતમાં ૧૫૮, ત્યારબાદ કર્ણાટકમાં ૫૭, પશ્ચિમ બંગાળમાં ૫૪, દિલ્હીમાં ૪૨, તમિળનાડુમાં ૨૫, મહારાષ્ટ્રમાં ૧૨, સિક્કિમમાં ૮, કેરળમાં ૭, ઉત્તર પ્રદેશમાં ૬, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, પુડુચેરીમાં ચાર-ચાર, ઉત્તરાખંડમાં ત્રણ, આસામ, હરિયાણામાં બે-બે, જ્યારે આંધ્ર પ્રદેશ, બિહાર, ઓડિશા, તેલંગાણામાં એક-એક કેસ નોંધાયા છે. ડેટા મુજબ છત્તીસગઢ, પંજાબ, ગોવા, જમ્મુ અને કાશ્મીર, ઝારખંડ, હિમાચલ પ્રદેશ, ચંડીગઢ, ત્રિપુરા, અરૂણાચલપ્રદેશ અને મિઝોરમમાં એક પણ કેસ નોંધાયા નથી.

### કેરળના દરિયાકાંઠે

પરંતુ બાદમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે તે આગ હતી. મુંબઈના મેરીટાઇમ ઓપરેશન્સ સેન્ટર દ્વારા સવારે લગભગ ૧૦.૩૦ વાગ્યે કોચીમાં તેમના સમકક્ષોને અંડરડેકમાં આગ લાગવાની જાણ કરવામાં આવી હતી.

આ જહાજ સિંગાપોર ફ્લેગ કન્ટેનર જહાજ છે, જે ૨૭૦ મીટર લાંબું અને ૧૨.૫ મીટર પહોળું છે અને એલપીસી કોલંબો સાથે છે. આ જહાજ ૭ જૂન, ૨૫ ના રોજ એનપીસી મુંબઈથી કોલંબો રવાના થયું હતું, એમ પીઆરઓ તરફથી મળેલા સંદેશમાં જણાવાયું છે.

તેમણે કહ્યું કે જવાબમાં, ભારતીય નૌકાદળે તાત્કાલિક સહાય પૂરી પાડવા માટે આઈએનએસ સુરતને ડાયવર્ટ કર્યું હતું, જે કોચીમાં ડોક કરવાનું હતું. પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા અને સહાયનું સંકલન કરવા માટે કોચીમાં નૌકાદળના હવાઈ મથક આઈએનએસ ગરુડથી નૌકાદળના ડોર્નિયર વિમાનની ઉડાન ભરવાનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. ■

### આસામમાં પૂરની

ભૂસ્ખલનમાં જીવ ગુમાવનારા લોકોનો કુલ આંક વધીને ૨૬ થવા પામ્યો છે. શ્રીભૂમિ સૌથી વધુ અસરગ્રસ્ત છે. જ્યાં ૧.૬૨ લાખથી વધુ લોકો પ્રભાવિત છે. ત્યારબાદ હૈલકંડીમાં લગભગ ૫૨,૦૦૦ અને કચરમાં ૩૬,૦૦૦થી વધુ લોકો પૂરનાં પાણીમાં ફસાયેલા છે. વહીવટીતંત્ર ચાર જિલ્લાઓમાં ૧૩૦ રાહત શિબિરો અને રાહત વિતરણ કેન્દ્રો ચલાવી રહ્યું છે. જ્યાં હાલમાં ૨૪,૯૦૮ વિસ્થાપિત લોકોની સારસંભાળ રાખવામાં આવી રહી છે.

એએસડીએમએના જણાવ્યા મુજબ હાલમાં ૭૪૧ ગામો પાણીમાં ડૂબી ગયા છે અને ૬,૩૧૧.૧૬ હેક્ટર પાક વિસ્તારને નુકસાન થયું છે. રાજ્યભરના અનેક જિલ્લાઓમાં પૂરના પાણીના કારણે બાંધ, રસ્તાઓ, પુલો અને અન્ય માળખાકીય સુવિધાઓને નુકસાન થયું છે. હાલમાં એકેય નદી ખતરાના નિશાનથી ઉપર વહી રહી નથી. ■

# ગ્લોબલ રેલી અને આરબીઆઇના રેટ કટના ડોઝને આધારે બેન્ચમાર્કે સતત ચોથા સત્રમાં આગેકૂચ જારી રાખી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની અણધારી નીતિગત હળવાશ, મજબૂત યુ.એસ. જોબ ડેટા અને યુ.એસ.-ભારત વેપાર વાટાઘાટોમાં સકારાત્મક પરિણામ આવવાની આશા વચ્ચે સોમવારે ભારતીય બેન્ચમાર્ક શેરઆંક ઊંચા સ્તરે બંધ થયા, જેમાં સત્ર દરમિયાન બેંકિંગ બેન્ચમાર્ક રેકોર્ડ ટોચ પર પહોંચ્યો હતો. સત્રને અંતે સેન્સેક્સ ૨૫૬.૨૨ પોઈન્ટ અથવા ૦.૩૧ ટકા વધીને ૮૨,૪૪૫.૨૧ પર બંધ થયો, જ્યારે એનએસઇ નિફ્ટી ઇન્ડેક્સ ૧૦૦.૧૫ પોઈન્ટ અથવા ૦.૪૦ ટકા વધીને ૨૫,૧૦૩.૨૦ પર બંધ થયો છે.

અમેરિકાના મજબૂત યુએસ જોબ ડેટા અને યુએસ-ભારત વેપાર વાટાઘાટોમાં પ્રોત્સાહક વિકાસની આશા, તેમજ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના મજબૂત નાણાકીય નીતિ પગલાંની અસર વચ્ચે સોમવારે ભારતીય શેરબજારોમાં પ્રારંભિક સત્રમાં ઉછાળો જોવા મળ્યો હતો. આ તબક્કે તમામ ૧૩ મુખ્ય સેકટર્સમાં સુધારો જોવા મળ્યો હતો, જેમાં હેવીવેઇટ ફાઇનાન્શિયલ્સ અને ખાનગી બેંકો દરેકમાં લગભગ એકાદ ટકાનો વધારો થયો હતો. સ્મોલ અને મિડકેપ શેરો સહિત વ્યાપક સૂચકાંકોમાં પણ તેજી જોવા મળી હતી.

આરબીઆઈ દ્વારા રેપો રેટમાં ૫૦ બેસિસ પોઈન્ટ અને સીઆરઆરમાં ૧૦૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરવાના આક્રમક પગલાથી બજારના સેન્ટિમેન્ટ્સમાં ઉત્સાહ જોવા મળ્યો છે. યુ.એસ.-ભારતની વેપાર વાટાઘાટોમાં પ્રગતિ જોવા મળી છે. બંને દેશ નવમી જુલાઈની સમયમર્યાદા પહેલા કૃષિ અને ઓટોમોબાઈલ ક્ષેત્રોમાં ટેરિફ ઘટાડા પર કેન્દ્રિત વચગાળાના કરાર તરફ કામ કરી રહ્યા હોવાનું ભારત સરકારના સાધનોએ જણાવ્યું હતું.

સેન્સેક્સના શેરોમાં, કોટક મહિન્દ્રા બેંક, બજાજ ફાઇનાન્સ, એક્સિસ બેંક, પાવર ગ્રીડ, ઇન્ડસઇન્ડ બેંક, મારુતિ, બજાજ ફિનસર્વ અને એનટીપીસી સૌથી વધુ વધ્યા હતા. જોકે, ઇટર્નલ, આઇસીઆઇસીઆઇ બેંક, ટાઇટન, મહિન્દ્રા અને મહિન્દ્રા, અદાણી પોર્ટ્સ, ટાટા સ્ટીલ અને ભારતી એરટેલ ટોપ લૂઝર્સ બન્યા હતા.

કોર્પોરેટ હલચલમાં, સુઝલોન એનર્જીમાં પ્રમોટર્સ ફેમીલી ૧.૪૫ ટકા હિસ્સો વેચશે એવી ચર્ચા વચ્ચે તેના શેરમાં સુધારો જોવા મળ્યો હતો. ઇલેક્ટ્રિસિટ ડેરિવેટીવ્ઝ માટે સેબીની મંજૂરીની ચર્ચા વચ્ચે એમસીએક્સમાં ઉછાળો જોવા મળ્યો હતો. ટાટા મોટર્સ ૨૦૩૦ સુધીમાં સાત નવા મોડલ સહિતના પ્રોડક્ટ લોન્ચ માટે રૂ. ૩૩,૦૦૦ કરોડથી રૂ. ૩૫,૦૦૦ કરોડનું રોકાણ કરશે.

ઇ કોમર્સ માર્કેટપ્લેસ ફ્લિપકાર્ટે નિલ્સન આઇક્યુ સાથે મળીને બ્યૂટી ગ્લેમ અપ રિપોર્ટ જારી કર્યો છે. આ ફ્લેગશિપ ફેસ્ટની ત્રીજી એડિશનમાં ૬૦૦૦થી વધુ ક્રિએટર્સ અને ૧૦૦થી વધુ બ્રાન્ડ સહભાગી થઈ હતી, જેમાં હિન્દુસ્તાન યુનિલિવર, પીએનજી, હિમાલયા, કીરો, હોનાસા સહિતની બ્યૂટી પ્રોડક્ટ બ્રાન્ડનો સમાવેશ હતો. ફ્લિપકાર્ટ ૫૦ કરોડનો રજિસ્ટર્ડ યુઝર બેઝ ધરાવે છે અને ૮૦ કેટેગરીની ૧૫ કરોડ પ્રોડક્ટને પ્લેટફોર્મ આપે છે. કોન્ટીનેન્ટલ પીવી બિઝનેસના વિસ્તરણ માટે રૂ. ૧૦૦ કરોડનું રોકાણ કરશે.

સ્ટેટ બેન્ક સરકારને ૨૦૨૫ માટે ડિવિડંડ પેટે રૂ. ૮૦૭૬.૮૪ કરોડની ચૂકવણી કરી છે. વેદાંતા રૂ. ૫૦૦૦ કરોડના એનસીડી ફંડનો ઉપયોગ હાઇ કોસ્ટ ડેટ ઘટાડીને રૂ. ૩૫૦ કરોડનો વ્યાજ ખર્ચ બચાવવા માટે કરશે. એપોલો ગ્રીન એનર્જીએ નાણા વર્ષ ૨૦૨૫માં રૂ. ૪૪.૩૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. અદાણી જૂથે નાણાકીય વર્ષ ૨૦૨૫ના કરવેરાની ચૂકવણી માટે રૂ. ૭૫,૦૦૦ કરોડનો અંદાજ જાહેર કર્યો છે. સેઇલે પાછલા વર્ષે અંદાજે રૂ. ૭૫૦ કરોડનું કરજ ઘટાડ્યું છે અને આ નાણા વર્ષમાં તેમાં ઓર ઘટાડો કરવાની યોજના ધરાવે છે. જાહેર ક્ષેત્રની સેન્ટ્રલ બેન્કે રૂ. ૫૭ કરોડના રોકાણ સાથે ફ્યુચર જેનરાલી ઇન્ડિયા લાઇફ ઇન્સ્યુરન્સનો ૨૫.૧૮ ટકા હિસ્સો હસ્તગત કર્યો છે.

રિઝર્વ બેન્કના અપેક્ષિત જમ્બો બુસ્ટરને કારણે બજારને જમ્પીંગ ફેક્ટર પૂરું પાડ્યું છે અને હવે બજારની નજર આર્થિક ડેટાની જાહેરાતો અને ચોમાસાની પ્રગતિ પર મંડાયેલી છે. બજાર વિશ્લેષકોના મતે, ભારતીય શેરબજારો આ અઠવાડિયે વૈશ્વિક વલણો, ફુગાવાના આંકડા અને વિદેશી રોકાણકારોની પ્રવૃત્તિમાંથી સંકેતો મેળવશે.

એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઆઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ સકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયા હતા. યુરોપિયન બજારો નજીવા ઘટાડા સાથે ટ્રેડ થઈ રહ્યા હતા. શુક્રવારે યુએસ બજારો તીવ્ર ઉછાળા સાથે બંધ થયા હતા. એક્સચેન્જ ડેટા અનુસાર, શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ૧,૦૦૯.૭૧ કરોડ રૂપિયાના ઇક્વિટી ખરીદ્યા હતા.

વૈશ્વિક ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૩૦ ટકા વધીને ૬૬.૬૭ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. શુક્રવારે, ૩૦ શેરવાળા સેન્સેક્સ ૭૪૬.૯૫ પોઈન્ટ અથવા ૦.૯૨ ટકાના વધારા સાથે ૮૨,૧૮૮.૯૯ પર બંધ થયો હતો. નિફ્ટી ૨૫,૦૦૦ પોઈન્ટ અથવા ૨૫૨.૧૫ પોઈન્ટ અથવા ૧.૦૨ ટકાના વધારા સાથે ૨૫,૦૦૩.૦૫ પર બંધ થયો હતો.

દરમિયાન પાછલા સપ્તાહે લીલા હોટલ અને એજીસ વોપેક અને સ્કોડા ટ્યુબ્સના નિરસ લિસ્ટિંગ છતાં પ્રાઇમરી માર્કેટમાં ફરી હલચલનો સંતચાર જોવા મળ્યો છે. આગામી ત્રણથી છ મહિનામાં બારેક કંપનીઓના આઇપીઓ આવી રહ્યા છે, જેમાં એચડીએફસી બેન્કની પેટાકંપની અને એનએસડીએલનો પણ સમાવેશ છે. જોકે, ગયા વર્ષે સમાનગાળામાં ૨૯ જાહેર ભરણાં આવ્યા હતા તેની સામે ૨૦૨૫માં અત્યાર સુધીમાં માત્ર ૧૬ આઇપીઓ લોન્ચ થયા છે. મર્ચન્ટ બેન્કર્સ અનુસાર બાકીના છ મહિનામાં વધુ જાહેર ભરણાં આવી શકે છે.

ટોચના માર્કેટ એનાલિસ્ટે કહ્યું હતું કે, રોકાણકારો મુખ્ય આર્થિક ડેટા પર નજીકથી નજર રાખશે. કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ (સીપીઆઇ) ફુગાવાના ડેટા પરથી માગના સ્તર અને તેને આધારે સેન્ટ્રલ બેંક દ્વારા શક્ય પગલાંનો તાગ મેળવી શકાશે. આ ઉપરાંત, ચોમાસાની પ્રગતિ અને પાક વાવણી પેટર્નને પણ ટ્રેક કરવામાં આવશે, કારણ કે તે ગ્રામીણ માગ અને વપરાશને અસર કરે છે.

ટોચની સ્ટોક બ્રોકિંગ ફર્મના રિસર્ચ હેડે જણાવ્યું હતું કે, રિઝર્વ બેન્ક દ્વારા વ્યાજદરમાં ઘટાડા અને ભારત-અમેરિકા વેપાર કરાર પોઝિટિવ રહેવા અંગેના આશાવાદને કારણે બજારો ઉપર તરફ આગળ વધી શકે છે. કરારના પ્રથમ તબક્કાને અંતિમ સ્વરૂપ આપવા માટે બંને દેશોના અધિકારીઓ નવી દિલ્હીમાં મળે તેવી અપેક્ષા છે.

જોકે, વિશ્લેષકોએ ચેતવણી પણ આપી હતી કે નવા યુએસ ટેરિફ અને ભૂ-રાજકીય તણાવ જેવા વૈશ્વિક મુદ્દાઓ બજારની અસ્થિરતાનું કારણ બની શકે છે. જ્યારે આરબીઆઈનું સાહસિક પગલું અને સ્થિર જીડીપી દૃષ્ટિકોણ આત્મવિશ્વાસને ટેકો આપે છે, ત્યારે વૈશ્વિક અનિશ્ચિતતા હજુ પણ જોખમ ઊભું કરે છે.

વિદેશી ફંડોનું વલણ આગળ કેવું રહે છે એ પણ મહત્ત્વની બાત છે. ભારતીય બજારમા એફઆઇઆઇએ સાત સત્રમાં આઠ હઝાર કરોડ રૂપિયાથી વધુ વેચવાલી કરી છે.

વિશ્લેષકોને કોર્પોરેટ સેકટરના નાણાકીય પરિણામો નબળા રહેવાની આશંકા છે. કોર્પોરેટ ઈન્ડિયાના તાજેતરમાં માર્ચ ૨૦૨૫ના અંતના ચોથા ત્રિમાસિકના નાણાકીય પરિણામો એકંદર સારી વૃદ્ધિના જાહેર થવા છતાં સમીક્ષકો ચાલુ પૂર્ણ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ અને વર્ષ ૨૦૨૬-૨૭ માટે સાવચેતી સાથે વૃદ્ધિના અંદાજો ઘટાડીને મૂકવા લાગ્યા છે. ■

# અમેરિકાના મજબૂત જોબ ડેટા અને અમેરિકા-ચીન વચ્ચે વેપાર વિવાદ ઉકેલાવાના આશાવાદે સોનામાં ₹ ૧૨૮૧નું ગાબડું, ચાંદીમાં ₹ ૨૭૫નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગત શુક્રવારે અમેરિકાનાં જાહેર થયેલા નોન ફાર્મ પે રોલ ડેટા બજારની અપેક્ષા કરતાં મજબૂત આવવાની સાથે અમેરિકા-ચીન વચ્ચેના વેપાર વિવાદનો ઉકેલ આવે તેવા આશાવાદે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોનાના ભાવમાં અંદાજે બે ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સ નબળો પડતાં હાજરમાં સોનાના ભાવમાં ઘટ્યા મથાળેથી સાધારણ ૦.૩ ટકાનો સુધારો આવ્યો હતો અને વાયદામાં ભાવ ૦.૨ ટકા ઘટીને ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હતો. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે ગત શુક્રવારના વૈશ્વિક બજારનાં નિરુત્સાહી અહેવાલો તેમ જ આજે ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી આયાત પડતરો ઘટવાથી સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨૭૬થી ૧૨૮૧નું ગાબડું પડ્યું હતું, જ્યારે ચાંદીમાં સ્ટોકિસ્ટોની લે-વેચના અભાવ વચ્ચે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૨૭૫ વધી આવ્યા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની મર્યાદિત લે-વેચ સામે ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૭૫ના સુધારા સાથે રૂ. ૧,૦૫,૫૬૦ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં ગત શુક્રવારનાં વિશ્વ બજારનાં નિરુત્સાહી અહેવાલ, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની નિરસ માગ અને ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ રહેતા વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવ રૂ. ૧૨૭૬નાં ઘટાડા સાથે રૂ. ૯૫,૪૮૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૨૮૧ ઘટીને રૂ. ૯૫,૮૬૪ના મથાળે રહ્યા હતા.

ગત શુક્રવારે ન્યૂ યોર્ક ખાતે સોનાના ભાવમાં બે ટકા જેટલો ઘટાડો નોંધાયા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈતરફી વલણ રહેતાં હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૩૩૧૭.૯૭ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૨ ટકા ઘટીને ૩૩૩૮.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ખાસ કરીને અમેરિકા-ચીન વચ્ચે લંડન ખાતે વેપારના મુદ્દે થનારી વાટાઘાટોમાં ઉકેલ આવે તેવા આશાવાદ વચ્ચે રોકાણકારોની લેવાલી પાંખી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. વધુમાં આજે હાજરમાં ચાંદીના ભાવ પણ આગલા બંધ સામે સાધારણ ૦.૯ ટકા વધીને ઔંસદીઠ ૩૬.૨૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન ખાતે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પનાં ત્રણ અધિકારીઓ અને ચીનના અધિકારીઓ સાથે થનારી વાટાઘાટને ધ્યાનમાં લેતા અમે ટૂંકા સમયગાળા દરમિયાન સોનામાં નવી લેણની પોઝિશનથી દૂર રહીશું, એમ ઓએનડીએના એશિયા પેસિફિક વિભાગનાં એનાલિસ્ટ કેલ્વિન વૉન્ગે જણાવતા ઉમેર્યું હતું કે આ મંત્રણામાં ટૅરિફની ચર્ચા ન થાય તેવું નહીં બને, પરંતુ બેઝલાઈન દરમાં ઘટાડાની શક્યતા છે. તેમ છતાં હવે અમેરિકામાં વ્યવસાયીક ખર્ચમાં વધારો થવાની સાથે અંદાજપત્રીય ખાધમાં વધારો ફુગાવાલક્ષી દબાણ વધારી શકે છે.

જોકે, ટેક્નિકલ દૃષ્ટિએ વૈશ્વિક સોનામાં ઔંસદીઠ ૩૨૯૬ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થાય તેવી શક્યતા રૉઈટર્સના વિશ્લેષક વૉન્ગ તાઉએ વ્યક્ત કરી હતી. વધુમાં અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે ફેડરલ રિઝર્વના આગામી અધ્યક્ષની ટૂંક સમયમાં જાહેરાત કરવામાં આવશે અને સારા અધ્યક્ષ વ્યાજદરમાં ઘટાડો કરે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી. સામાન્યપણે નીચા વ્યાજદરના સંજોગોમાં સોના જેવી વ્યાજની ઊપજ ન આપતી અસ્ક્યામતોમાં રોકાણકારોની લેવાલી રહેતી હોય છે. ■

## આરબીઆઇના રેટકટ બાદ જાહેર અને ખાનગી ક્ષેત્રની બેન્કો દ્વારા ધિરાણદરમાં ઘટાડો શરૂ

મુંબઇ: રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ) દ્વારા ગયા અઠવાડિયે જાહેર કરાયેલા પચાસ બેસિસ પોઈન્ટ રેપો રેટ ઘટાડા બાદ રાજ્ય સરકારની માલિકીની પંજાબ નેશનલ બેંક (પીએનબી), બેંક ઓફ બરોડા, યુકો બેંક, બેંક ઓફ ઈન્ડિયા અને ખાનગી ક્ષેત્રની કરૂર વૈશ્ય બેંકે તેમના ધિરાણ દરોમાં ઘટાડો કર્યો છે.

આરબીઆઇની રેટ-સેટિંગ મોનેટરી પોલિસી કમિટી (એમપીસી)એ રિપોઝિશનપો રેટ ઘટાડીને ૫.૫૦ ટકા કરીને નાણાકીય ક્ષેત્રના નિરિક્ષકોને આશ્ચર્યચકિત કરી દીધાં હતાં. નાણાં બજારમાં ૨૫ બેસિસ પોઈન્ટ ઘટાડાની અપેક્ષાઓ રહી હતી.

નોંધવું રહ્યું કે, આ સાથે, રિઝર્વ બેન્કે નાણાકીય વર્ષ ૨૦૨૫ માં પોલિસી રેટમાં કુલ ૧૦૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો છે, જેમાં ફેબ્રુઆરીમાં કરવામાં આવેલા ૨૫ બેસિસ પોઈન્ટ, એપ્રિલમાં કરવામાં આવેલા ૨૫ બેસિસ પોઈન્ટ અને જૂનમાં કરવામાં આવેલા ૫૦ બેસિસ પોઈન્ટનો સમાવેશ છે. પીએનબી, બીઓબી અને બેંક ઓફ ઈન્ડિયાએ રેપો-લિંક્ડ રેટ ઘટાડ્યા છે. પંજાબ નેશનલ બેંકે તેના રેપો-લિંક્ડ લેન્ડિંગ રેટ (આરએલએલઆર)ને ૮.૮૫ ટકાથી સુધારીને ૮.૩૫ ટકા કર્યો, જે નવમી જૂનથી અમલમાં આવશે. જોકે, બેંકે તેના માર્જિનલ કોસ્ટ ઓફ ફંડ્સ બેઝ્ડ લેન્ડિંગ રેટ (એમસીએલઆર)ને યથાવત રાખ્યો છે. ■

## ગુજરાત

# અમદાવાદ-ભુજ નમો ભારત રેપિડ રેલને બે નવા સ્ટોપેજ મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદથી કચ્છ ભુજ તરફ જતી અમદાવાદ-નમો ભારત રેપિડ રેલ અંગે પશ્ચિમ રેલવેએ એક મહત્ત્વની જાહેરાત કરી હતી. પશ્ચિમ રેલવે દ્વારા ૯૪૮૦૧/ ૯૪૮૦૨ અમદાવાદ-ભુજ નમો ભારત રેપિડ રેલ માટે વધારાના સ્ટોપેજની જાહેરાત કરવામાં આવી હતી. રેલવેની જાહેરાત બાદ ૯ જૂનથી મુસાફરોને આંબલી રોડ અને સાણંદ ખાતે નવા સ્ટોપેજનો લાભ મળવાનો શરૂ થયો હતો. સાણંદમાં ભુજ-અમદાવાદ નમો ભારત રેપિડ રેલનું આગમન થયું ત્યારે સાણંદના ધારાસભ્ય કનુભાઈ પટેલની ઉપસ્થિતિમાં વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નમો ભારત રેપિડ રેલને સાણંદમાં સ્ટોપેજ મળતા સ્થાનિક લોકોમાં ખુશીનું મોજું ફરી વળ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો અને નાગરિકોએ ટ્રેનનું ભવ્ય સ્વાગત કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે ગત વર્ષે સપ્ટેમ્બર માસમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ ટ્રેનનો શુભારંભ કરાવ્યો હતો.

૯૪૮૦૧ અમદાવાદ-ભુજ નમો ભારત રેપિડ રેલએ સોમવારે સવારે અમદાવાદથી તેની યાત્રા શરૂ કરી હતી, તેમાં હવે આ નવા સ્ટોપેજ શામેલ થયા હતા. તેવી જ રીતે, ૯૪૮૦૨ ભુજ-અમદાવાદ નમો ભારત રેપિડ રેલ, જે ભુજથી ઉપડી હતી, તે પણ નવા સ્ટોપેજ પર ઊભી રહેશે.

નવા સ્ટોપેજ સાથેના સુધારેલા સમયપત્રકમાં જણાવ્યા મુજબ ટ્રેન ૯૪૮૦૧ અમદાવાદ-ભુજ નમો ભારત રેપિડ રેલ અમદાવાદથી ૧૭:૨૫ વાગ્યે પ્રસ્થાન કરશે તેનું સાબરમતી ૧૭:૩૫ વાગ્યે આગમન થશે જ્યારે ૧૭:૩૭ પ્રસ્થાન કરશે. ચાંદલોડિયા સ્ટેશને ૧૭:૪૦ વાગ્યે આગમન થશે જ્યારે ૧૭:૪૨ પ્રસ્થાન કરશે. આંબલી રોડ સ્ટેશને ૧૭:૪૭ વાગ્યે આગમન થશે અને ૧૭:૪૯ વાગ્યે પ્રસ્થાન કરશે. જ્યારે સાણંદ સ્ટેશને ૧૭:૫૯ વાગ્યે પહોંચશે, ૧૮:૦૧ વાગ્યે પ્રસ્થાન કરશે.

જ્યારે ટ્રેન ૯૪૮૦૨ ભુજ-અમદાવાદ નમો ભારત રેપિડ રેલનું ૦૯:૪૮ વાગ્યે સાણંદ ખાતે આગમન થશે અને ૦૯:૫૦ વાગ્યે તે પ્રસ્થાન કરશે. ત્યારે બાદ આંબલી રોડ સ્ટેશને ૦૯:૫૯ વાગ્યે આગમન અને ૧૦:૦૧ વાગ્યે પ્રસ્થાન કરશે, ચાંદલોડિયા સ્ટેશને ૧૦:૦૮ વાગ્યે આગમન અને ૧૦:૧૦ વાગ્યે પ્રસ્થાન કરશે. સબારમતી સ્ટેશને ૧૦:૨૦ વાગ્યે આગમન અને ૧૦:૨૨ વાગ્યે પ્રસ્થાન કરશે. જ્યારે અમદાવાદ સ્ટેશને ૧૦:૫૦ વાગ્યે પહોંચશે. જો કે, સામખિયાળી, ભચાઉ, ગાંધીધામ, અંજાર અને ભુજ માટેના સમયપત્રકમાં કોઈ ફેરફાર થયો નથી. ■

# ગુજરાત હાઈ કોર્ટને બૉમ્બથી ઉડાવવાનો ઈ-મેઈલ મળ્યો: કોર્ટ બંધ કરી તંત્ર દ્વારા તપાસ કાર્યવાહી કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત હાઈ કોર્ટને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. ગુજરાત હાઈ કોર્ટના ઈ-મેલ આઈડી પર કોઈ શખ્સે હાઈ કોર્ટને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો મેઈલ કર્યો હતો. આ સમાચાર મળતા સમગ્ર કોર્ટમાં ચકચાર પ્રસરી હતી. આ બનાવ અંગે પોલીસને જાણ કરાતા ડૉગ-સ્કવૉડ અને બૉમ્બ-સ્કવૉડ દ્વારા ચેકિંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

ગુજરાત હાઈ કોર્ટને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. આ બનાવ અંગે પોલીસ તંત્રમાં દોડધામ મચી હતી. તાત્કાલિકના ધોરણે બૉમ્બ સ્કવૉડ અને ડૉગ-સ્કવૉડ બોલાવીને તપાસ કરવામાં આવી હતી.

આ સમય દરમિયાન કોર્ટના તમામ દરવાજા બંધ કરાયા હતા. હાઈ કોર્ટનો ૫-નંબરનો સ્ટાફ પ્રવેશનો ગેટ બંધ કરવામાં આવ્યો હતો તેમ જ કોર્ટમાં અંદર આવતા દરેક વાહનોની તપાસ કરવામાં આવી હતી. કોર્ટમાં બપોરે રિસેસ પછી તપાસ અને સલામતીના ભાગરૂપે કોર્ટ બંધ કરવાની સૂચના આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, કોર્ટમાં પ્રાથમિક તપાસ કરતા કોઈ શંકાસ્પદ વસ્તુઓ મળી ન હતી. પોલીસ તંત્ર દ્વારા આ ધમકીભર્યા ઈ-મેઈલ અંગે સઘન તપાસ શરૂ કરાઈ છે તેમ જ ઈ-મેઈલ કરનાર શખ્સની તજવીજ હાથ ધરાઈ છે. ■

# પાઠ્યપુસ્તક મંડળમાં હલકી કક્ષાનો કાગળ વાપરી ૧૩ કરોડના કૌભાંડનો કૉંગ્રેસનો આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત પાઠ્યપુસ્તક મંડળ દર વર્ષે લાખો વિદ્યાર્થીઓ માટે ટેન્ડર દ્વારા કાગળ ખરીદી પુસ્તકો છાપતું હોય છે. હલકી ગુણવત્તાવાળો કાગળ વાપરીને પાઠ્ય પુસ્તક મંડળે કરોડો રૂપિયાની કટકી કરી હોવાનો આક્ષેપ કૉંગ્રેસ પાર્ટીએ કર્યો હતો. તાજેતરમાં પાઠ્યપુસ્તક મંડળે ખરીદેલા ૨૦ હજાર મેટ્રિક ટન કાગળ લેબ ટેસ્ટમાં ફેઈલ થતાં સમગ્ર કૌભાંડ બહાર આવ્યુ છે. ગુણવત્તાવાળા કાગળના બદલે હલકી ગુણવત્તાવાળો કાગળ આપી રૂપિયા ૧૩ કરોડનું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો કૉંગ્રેસે ગંભીર આક્ષેપ કરતાં રાજકીય ગરમાવો આવ્યો છે.

ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના પ્રવક્તા હેમાંગ રાવલે જણાવ્યું હતું કે, ગુજરાત પાઠ્યપુસ્તક મંડળે વિદ્યાર્થીઓ માટે પુસ્તકો બનાવવા માટે ૨૦ હજાર મેટ્રિક ટન કાગળ ખરીદવા માટે રૂપિયા ૧૦૭ કરોડનું ટેન્ડર બહાર પાડ્યું હતુ. મુજબ વર્ષ ૨૦૨૩-૨૪માં પાઠ્યપુસ્તક મંડળે પેપરના પ્રતિ કિલોના રૂપિયા ૧૦૮ના ભાવે ટેન્ડર નક્કી કર્યું હતું. આ ટેન્ડર છેલ્લાં ૧૫ વર્ષથી એક જ એજન્સીને આપવામાં આવી રહ્યું છે.

એજન્સી જે કાગળ આપતી હતી તે પ્રકારના કાગળ અન્ય એજન્સી પ્રતિ કિલોના રૂપિયા ૮૭ થી આપવા તૈયાર હતી. તેમ છતાં પ્રતિ કિલોના ૧૦૭ રૂપિયાના ભાવે કાગળ ખરીદવામાં આવ્યા હતા. આ મામલો હાઈ કોર્ટમાં પણ લઈ જવામાં આવ્યો હતો. તાજેતરમાં વર્ષ-૨૦૨૫ના નવું ટેન્ડર બહાર પાડી જૂન મહિનામાં આપવામાં આવનાર પુસ્તકો માટેના કાગળ ખરીદીમાં પાઠ્ય પુસ્તક મંડળે પ્રતિ કિલોએ ૫૩.૫૦ પ્રમાણે મીલોના ભાવથી ૭૦ ગ્રામ વજનવાળી ગુણવત્તાનો પેપર ખરીદ કર્યો હતો.

તેમણે ઉમેર્યું હતું કે, ટેન્ડર મુજબ ૭૦ ગ્રામ જીએસએમ (પ્રતિ ગ્રામ ચોરસ મીટર) પ્રતિ સ્કવેર મીટર અને કાગળની બ્રાઈટનેસ ૮૨ થી ૯૫ રાખવાની જોગવાઈ કરવામાં આવી હતી. જો કે, પાઠ્યપુસ્તક મંડળ અને એજન્સી દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરાયું હોવાનું લેબ ટેસ્ટના રિપોર્ટમાં સામે આવ્યું છે.

સામાજિક કાર્યકર જૈનિક પટેલે પાઠ્ય પુસ્તક મંડળે ખરીદેલા કાગળના સેમ્પલ લઈ એમએસએમઈની સરકારી ટેસ્ટીંગ લેબમાં ટેસ્ટ કરાવતાં સમગ્ર કૌભાંડ બહાર આવ્યું છે. લેબ ટેસ્ટમાં પુસ્તક માટે વપરાયેલાં કાગળનો જીએસએમ ૭૦ હોવો જોઈએ તેના બદલે ૬૬.૫૪ જોવા મળ્યો છે. જ્યારે કાગળની બ્રાઈટનેસ ૮૨ થી ૯૫ને બદલે ૭૫.૬ જોવાં મળી છે. નક્કી કરેલાં કાગળ પ્રમાણે ૫૩.૫ રૂપિયા ભાવ ભરવામાં આવ્યો છે.

ગુણવત્તા ન જાળવી હલકી ગુણવત્તાવાળા કાગળનો વપરાશ કરી પુસ્તક છાપવામાં આવ્યા હોવાનો લેબ ટેસ્ટના રિપોર્ટમાં ખુલાસો થયો છે. પાઠ્ય પુસ્તક મંડળે ૨૦ હજાર મેટ્રીક ટનનું ટેન્ડર આપ્યું હોવાથી કાગળમાં બજાર ભાવ પ્રમાણે પ્રતિ કિલોએ ૬.૫ રૂપિયા વધુ ચુકવાયા હોવાથી પાઠ્યપુસ્તક મંડળ અને એજન્સી દ્વારા રૂપિયા ૧૦૭ કરોડના ટેન્ડરમાં રૂપિયા ૧૩ કરોડનું કૌભાંડ આચરાયું હોવાનો ઘટસ્ફોટ થયો છે.

હેમાંગ રાવલે વધુમાં જણાવ્યું હતું કે, એક સક્ષમ વિરોધપક્ષ તરીકેની ભૂમિકા ભજવતા કૉંગ્રેસે કૌભાંડને ઉજાગર કર્યું છે. સામાજિક કાર્યકર જૈનિક પટેલ દ્વારા લેબ ટેસ્ટિંગ કરાવતા કાગળની ગુણવત્તા ૭૦ જીએસએમના બદલે ૬૬ જીએસએમ સાબિત થઈ છે.

જ્યારે બ્રાઈટનેસ ૯૨ ના બદલે ૭૫ સાબિત થઈ છે. બાળકોને આપવામાં આવેલા પાઠ્યપુસ્તકોમાં ત્રણથી ચાર પ્રકારના હલકી ગુણવત્તાવાળા કાગળ વાપરવામાં આવ્યા છે. તેથી કૉંગ્રેસે માગ કરી હતી કે, કાગળના ટેન્ડર મામલે જવાબદાર વ્યક્તિઓ અંગે તપાસ કરી જનતાના ટેક્સના પૈસે થયેલા ભ્રષ્ટાચારના કરોડો રૂપિયા રીકવર કરવામાં આવે.

ફેડરેશન ઓફ બુક્સ એન્ડ સ્ટેશનરી એસોસિએશનના પ્રમુખ નરેશ શાહે જણાવ્યું હતું કે, ૬૬.૫૪ જીએસએમ અને ૭૫ બ્રાઈટનેસનો બજારભાવ ૪૫ થી ૪૭ રૂપિયા કરતાં પણ ઓછો થાય છે.

માર્કેટ રેટ પ્રમાણે મહત્તમ ૪૭ રૂપિયાનો ભાવ ગણીએ તો પણ ટેન્ડરમાં ૫૩.૫ રૂપિયા ભાવ નક્કી કર્યો છે તેના કરતાં ૬.૫ રૂપિયાનો ભાવ વધારે આપ્યો છે. પાઠ્યપુસ્તક મંડળે ખરીદેલાં કાગળોમાં જીએસએમ અને બ્રાઈટનેસમાં તફાવત હોવાથી ૨૦ હજાર મેટ્રીક ટન પ્રમાણે ૧૩ કરોડનું કૌભાંડ આચર્યું હોવાનું કહીં શકાય. ■

# ગુજરાતમાં સ્ટેચ્યૂ ઑફ યુનિટીની ૨.૫૦ લાખથી વધુ પ્રવાસીએ મુલાકાત લીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સ્ટેચ્યૂ ઑફ યુનિટી પ્રવાસ ક્ષેત્રે લોકોનું પ્રિય સ્થળ છે. આ વર્ષે ઉનાળામાં સ્ટેચ્યૂ ઑફ યુનિટીમાં પ્રવાસીઓનો ધસારો વધુ જોવા મળ્યો હતો. આ વર્ષે મે મહિનામાં ૨.૫૦ લાખથી વધુ પ્રવાસીએ મુલાકાત લીધી હતી.

રાજપીપળાના એકતાનગર ખાતે સ્ટેચ્યૂ ઑફ યુનિટીમાં ઉનાળા વેકેશન દરમિયાન પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો હતો. સોમવારથી ઉનાળુ સત્રનું વેકેશન પૂર્ણ થતા શનિવાર અને રવિવારે પ્રવાસીઓએ સ્ટેચ્યૂ ઑફ યુનિટીમાં સરદાર પટેલની સૌથી ઊંચી પ્રતિમાની મુલાકાત લીધી હતી. આ દરમિયાન ૪૧થી ૪૫ ડિગ્રી તાપમાન વચ્ચે પણ પ્રવાસીઓની સુવિધા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી.

એસઓયુ સત્તામંડળ દ્વારા કેનોપી વોકવે, પીવાના પાણીની વ્યવસ્થા, એસી બસ અને એસી બસ સ્ટોપ, સ્પ્રિંકલર જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ■

# ગુજરાત રાજ્ય સરકાર દ્વારા પાઠ્યપુસ્તકોના અપૂરતા સ્ટોક વિતરણથી વેપારીઓને આર્થિક નુકસાનની ભીતિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સોમવારથી શૈક્ષણિક સત્રની શરૂઆત થઈ હતી ત્યારે રાજકોટમાં પાઠ્યપુસ્તકોની અછત સર્જાઈ હતી. સોમવારે પ્રથમ સત્રની શરૂઆત થતા શાળા ખૂલતા જ પાઠ્ય પુસ્તકો ખરીદવા વાલીઓ અને વિદ્યાર્થીઓની ભીડ જોવા મળી હતી. ગાંધીનગરમાં આવેલા ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ સાથે જોડાયેલા રાજકોટ જિલ્લા મધ્યસ્થ ગ્રાહક સહકારી ભંડારમાંથી રાજકોટ શહેર અને જિલ્લાઓની દુકાનોમાં પાઠ્યપુસ્તકોનું વિતરણ કરવામાં આવે છે. રાજકોટમાં પુસ્તકોનો માત્ર ૩૦ ટકા સ્ટોક જ આવ્યો હતો, જેથી વેપારીઓને આર્થિક નુકસાન થયું હતું.

ગુજરાત રાજ્યમાં શૈક્ષણિક સત્રની શરૂઆતમાં જ વાલીઓને પુસ્તક મેળવવા માટે મુશ્કેલી પડી હતી. દર વર્ષની જેમ આ વર્ષે પણ પાઠ્યપુસ્તકોનો સંપૂર્ણ સેટ મળ્યો નથી. ધોરણ ૧ થી ૧૨ના પાઠ્યપુસ્તકોનો સંપૂર્ણ સેટ પહેલા રાઉન્ડમાં આવ્યો નથી. આ સિવાય બીજા રાઉન્ડમાં પણ પુસ્તકોનો રૂ. ૩.૪૯ કરોડનો ઓર્ડર આપ્યો છે. રાજ્ય સરકાર દ્વારા પાઠ્યપુસ્તકોનો સ્ટોક વહેલી તકે પૂર્ણ કરવા જણાવ્યું હતું. પાઠ્ય પુસ્તકોના અડધા સેટથી વિદ્યાર્થીઓ અને વાલીઓને જે-તે વિષયના પુસ્તક મેળવવા માટે વારંવાર દુકાનના ધક્કા ખાવા પડે છે. રાજકોટ જિલ્લા મધ્યસ્થ ગ્રાહક સહકારી ભંડાર જિલ્લા કક્ષાની સહકારી સંસ્થા છે.

આ સંસ્થામાં ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ ગાંધીનગર દ્વારા પુસ્તકોની વહેંચણી કરવામાં આવે છે. ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ધોરણ ૧થી ૧૨ના પાઠ્યપુસ્તકો અપના બજારને આપવામાં આવે છે અને ત્યાંથી પુસ્તકોનું જિલ્લામાં વિતરણ કરવામાં આવે છે. ■

# કચરાપેટીમાંથી ભેંસનું કાપેલું માથું મળતાં થાણેમાં તંગદિલી

થાણેઃ થાણેમાં કચરાપેટીમાંથી મળી આવેલું પ્રાણીનું કાપેલું માથું ભેંસનું હોવાની શક્યતાને પગલે તંગદિલી ફેલાઈ હતી. પોલીસે સમયસર પગલાં લઈને મામલો શાંત પાડ્યો હતો.માહિતી મળતાં જ રવિવાની રાતે થાણેના વાગળે એસ્ટેટ પરિસરના હજુરી વિસ્તારમાં પોલીસની ટીમ પહોંચી હતી. પ્રાણીની ખોપડી ફોરેન્સિક તપાસ માટે મોકલી દેવાઈ હતી.

વાગળે એસ્ટેટ પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર શિવાજી ગવરેએ જણાવ્યું હતું કે અમુક રાહદારીઓની નજર કચરાપેટીમાં પડેલા માથા તરફ ગઈ હતી. આ વાત ફેલાતાં જ લોકોનું ટોળું જમા થઈ ગયું હતું અને તાત્કાલિક પોલીસ પગલાં લેવાની માગણી કરવામાં આવી હતી.અમુક હિન્દુ સંગઠનોએ આ મુદ્દે વિરોધ પ્રદર્શન કરતાં વાતાવરણમાં તંગદિલી ફેલાઈ હતી. તપાસ કરીને દોષી પર કાર્યવાહીની માગણી કરવામાં આવી હતી. પોલીસની સમજાવટ પછી મામલો શાંત પડ્યો હતો.

વાગળે એસ્ટેટ પોલીસે ખોપડી તાબામાં લીધી હતી અને સૅમ્પલ ચકાસણી માટે લૅબોરેટરીમાં મોકલ્યાં હતાં. પ્રાથમિક ખાતરી માટે એક વેટરનરી ડૉક્ટરને પણ ઘટનાસ્થળે બોલાવવામાં આવ્યો હતો, એવું અધિકારીએ જણાવ્યું હતું. આ પ્રકરણે પોલીસે અજાણ્યા શખસ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૯૯, ૩૦૨ અને ૩૨૫ તેમ જ ઍનિમલ ઍક્ટની જોગવાઈ હેઠળ એફઆઈઆર નોંધ્યો હતો. પોલીસ લૅબોરેટરીના અહેવાલની રાહ જોઈ રહી છે. (પીટીઆઈ) ■

# પુણેના ઘરમાં ડૉક્ટરનો આપઘાત

પુણેઃ પ્રતિષ્ઠિત હૉસ્પિટલના જુનિયર ડૉક્ટરે પુણે સ્થિત નિવાસસ્થાને કથિત આત્મહત્યા કરી હતી. પોલીસના જણાવ્યા મુજબ રવિવારની રાતે ઢોલે પાટીલ રોડ વિસ્તારમાં આવેલા ઘરમાંથી ડૉ. શ્યામ વહોરા (૨૮)નો મૃતદેહ ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. પોલીસને ઘરમાંથી એક નોટ મળી આવી હતી, જેમાં ડૉક્ટરના મોબાઈલ ફોનનો પાસવર્ડ નોંધવામાં આવ્યો હતો અને 'થેન્ક્સ એવરીવન' લખ્યું હતું. ઘટનાની નોંધ કરી પોલીસે તપાસ હાથ ધરી હતી. ડૉક્ટરની આત્મહત્યાનું કારણ તાત્કાલિક જાણી શકાયું નહોતું. (પીટીઆઈ) ■

# ૪૦થી વધુ ગુનામાં સંડોવાયેલા રીઢા ચોર સહિત ચાર પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચોરીના ૪૦થી વધુ ગુનામાં સંડોવાયેલા રીઢા ચોર સહિત ચાર આરોપીની ધરપકડ કરી પોલીસે ચોરીની મતા હસ્તગત કરી હતી.

કુરાર પોલીસે પકડી પાડેલા આરોપીઓની ઓળખ અબ્દુલ રફીક હમીદ અન્સારી ઉર્ફે અપ્પુ ખોટા (૨૯), દીપાલી ભૂલ ઉર્ફે દીપાલી વિશાલ શર્મા (૨૫), સૂરજ સંજય જાધવ (૨૯) અને આકાશ ચંદ્રકાંત પવાર (૨૫) તરીકે થઈ હતી. આરોપી અન્સારી ઉર્ફે અપ્પુ ખોટા વિરુદ્ધ વિવિધ પોલીસ સ્ટેશનોમાં ચોરીના ૪૦થી વધુ ગુના નોંધાયેલા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

મલાડ પૂર્વમાં કુરાર વિલેજ સ્થિત પિંપરીપાડાની એક ચાલમાંથી સોના-ચાંદીના દાગીના અને ૮૦ હજારની રોકડ ચોરાઈ હતી. આ ચોરી ૩૦ મેથી ૩ જૂન દરમિયાન થઈ હતી. આ પ્રકરણે નઝીર ખાને નોંધાવેલી ફરિયાદને આધારે કુરાર પોલીસે ગુનો નોંધ્યો હતો.

તપાસ દરમિયાન પોલીસે યુવતી સહિત ચારની ધરપકડ કરી હતી. તેમની પાસેથી ચોરીની બધી મતા હસ્તગત કરવામાં આવી હતી. આરોપીઓની પૂછપરછમાં કુરાર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અન્ય ત્રણ ગુના પણ ઉકેલાયા હોવાનો દાવો પોલીસે કર્યો હતો. ■

# સાત કરોડની લોન અપાવવાને નામે ૧૪ લાખ રૂપિયા પડાવ્યા

થાણેઃ સસ્તા દરે સાત કરોડ રૂપિયાની બિઝનેસ લોન અપાવવાને બહાને પ્રિન્ટિંગ પ્રેસના માલિક પાસેથી ૧૪ લાખ રૂપિયા પડાવી કથિત છેતરપિંડી કરવામાં આવી હતી.

નવી મુંબઈ પોલીસના જણાવ્યા મુજબ આરોપી કૌશિક લાઠિયાએ મુંબઈના વડાલા વિસ્તારમાં પ્રિન્ટિંગ પ્રેસ ધરાવતા ફરિયાદીનો સંપર્ક સાધ્યો હતો. સાત કરોડ રૂપિયાની લોન અપાવવાની ખાતરી આપી આરોપીએ સ્ટેમ્પ ડ્યૂટી ચાર્જીસને નામે ફરિયાદી પાસેથી ૧૪ લાખ રૂપિયા પડાવ્યા હતા. નાણાં ટ્રાન્સફર કરવામાં આવ્યા બાદ લાઠિયાએ ફરિયાદીના કૉલ રિસીવ કરવાનું બંધ કરી દીધું હતું. પોતે છેતરાયો હોવાની જાણ થતાં ફરિયાદીએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. ફરિયાદને આધારે પોલીસે શુક્રવારે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ) ■

# મનસેનું આજે થાણેમાં વિરોધ પ્રદર્શન

થાણેઃ ગઇ કાલે સવારે મુમ્બ્રામાં થયેલી દુર્ઘટનાના સંદર્ભમાં મનસે આજે થાણેમાં રેલવે વહીવટીતંત્ર સામે વિરોધ પ્રદર્શન કરશે. આ દુર્ઘટનામાં નવ ઘાયલ અને ચાર લોકોનાં મોત થયાં હતાં. આ વિરોધ મોરચો સવારે ૯ વાગ્યે ગાવદેવી મેદાનથી શરૂ થશે અને થાણે રેલવે સ્ટેશન પર સમાપ્ત થશે, એમ મનસે થાણે-પાલઘર પ્રમુખ અવિનાશ જાધવે જણાવ્યું હતું. તેમણે દાવો કર્યો હતો કે દરરોજ, ઉપનગરીય ટ્રેન સંબંધિત દુર્ઘટનાઓમાં ઓછામાં ઓછા ૮ થી ૧૦ મુસાફરો મૃત્યુ પામે છે. ''મનસેના એક પદાધિકારીએ મધ્ય રેલવેને પત્ર લખીને આ વિસ્તારમાં અકસ્માતની ચેતવણી આપી હતી, પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. વધુને વધુ લોકો વિરોધ પ્રદર્શનમાં ભાગ લે એવી વિનંતી કરું છું જેથી રેલવે પોતાનું બેદરકારીભર્યું વલણ બંધ કરે,'' જાધવે જણાવ્યું હતું. ■

# પાલઘરથી તડીપાર મહિલા ૨૦ કિલો ગાંજા સાથે પકડાઈ

પાલઘરઃ બે વર્ષ માટે પાલઘર જિલ્લામાંથી તડીપાર કરાયેલી મહિલાને મીરા-ભાયંદર વસઈ-વિરાર પોલીસની ક્રાઈમ બ્રાન્ચે અંદાજે આઠ લાખ રૂપિયાના ૨૦ કિલો ગાંજા સાથે પકડી પાડી હતી. ધરપકડ કરાયેલી મહિલાની ઓળખ શારદા ઉર્ફે કુડી ગોપી બંજારા (૪૩) તરીકે થઈ હતી. તેની વિરુદ્ધ નાલાસોપારા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. કોર્ટે તેને ૧૫ જૂન સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. ગુનાહિત ભૂતકાળને જોતાં શારદાને ૨૦૨૪થી બે વર્ષ માટે પાલઘર જિલ્લામાંથી તડીપાર કરવામાં આવી હતી. આ સંબંધેનો આદેશ પોલીસ કમિશનરે ૧૮ જૂન, ૨૦૨૪ના રોજ બહાર પાડ્યો હતો. તડીપાર કરાયા છતાં મહિલા નાલાસોપારા-વિરાર પરિસરમાં ડ્રગ્સ સપ્લાય કરતી હોવાની માહિતી પોલીસને મળી હતી. માહિતીને આધારે ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૩ની ટીમે ૭ જૂનની રાતે છટકું ગોઠવ્યું હતું. (પીટીઆઈ) ■

# ...તો બીએમસી મેયરનું પદ શિવસેનાને મળવું જોઈએઃ ગોગાવલે

મુંબઈઃ શિવસેનાના પ્રધાન ભરત ગોગાવલેએ ભારપૂર્વક જણાવ્યું હતું કે જો આગામી બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણીમાં મહાયુતિ ગઠબંધન વિજયી બને, તો મેયરનું પદ શિવસેનાને મળવું જોઈએ. આ દાવાને યોગ્ય ઠેરવતા તેમણે કહ્યું કે મુખ્યમંત્રી ભાજપના હોવાથી, શિવસેનાએ મુંબઈમાં મેયરપદનો યોગ્ય રીતે દાવો કરવો જોઈએ.

ગોગાવલેએ એ પણ ભાર મૂક્યો હતો કે ભાજપ, શિવસેના (એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળ) અનેએનસીપી (અજિત પવાર જૂથ)નો સમાવેશ કરતું મહાયુતિ ગઠબંધન બીએમસીની ચૂંટણી સંયુક્ત રીતે લડશે. સમગ્ર મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની તૈયારીઓ તેજ થઈ રહી છે, અને શાસક ગઠબંધનના ભાગીદારો હાલમાં બેઠક વહેંચણીને અંતિમ સ્વરૂપ આપવા માટે તેમની પાયાની તાકાતનું મૂલ્યાંકન કરી રહ્યા છે.

શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાએ પોતાને મજબૂત કરવા માટે રાજ્યવ્યાપી સભ્યપદ અભિયાન શરૂ કર્યું છે. રાજકીય નિરીક્ષકોનું અનુમાન છે કે ભાજપ, શિવસેના અને એનસીપી બીએમસી ચૂંટણી સાથે લડી શકે છે, જ્યારે ઉદ્ધવ ઠાકરેની શિવસેના (યુબીટી) અને રાજ ઠાકરેની મનસે જેવા વિપક્ષી પક્ષો એક મહત્ત્વપૂર્ણ પડકાર ઊભો કરવા માટે એક સાથે આવી શકે છે.

બેઠકોની વહેંચણી અંગેના પ્રશ્નોના જવાબમાં, ગોગાવલેએ વિધાનસભા ચૂંટણીની જેમ ભાજપને વધુ બેઠકો મળવાની શક્યતાને નકારી કાઢી હતી. ''ભાજપ અને શિવસેના બંને પક્ષો બીએમસીમાં સમાન તાકાત ધરાવે છે,'' તેમણે જણાવ્યું, અને સંકેત આપ્યો કે બંને પક્ષો પાસે નથી એવા ૫૦-૬૦ વોર્ડમાં વાટાઘાટો મહત્ત્વપૂર્ણ રહેશે. તેમણે એ પણ સ્વીકાર્યું કે એનસીપી (અજિત પવાર જૂથ) થોડી બેઠકોનો દાવો કરે તેવી અપેક્ષા છે.

વિધાનસભા ચૂંટણી એકનાથ શિંદેને ભાજપના નેતાઓ દ્વારા મુખ્યમંત્રી પદનો ઇનકાર કરવામાં આવ્યો હતો તે સમયને યાદ કરતાં, ગોગાવલેએ સંકેત આપ્યો કે શિવસેના મુંબઈમાં મેયરપદ માટે લક્ષ્ય રાખી શકે છે. ■

# મહારાષ્ટ્રમાં શરૂ થઇ છ દિવસની ભારત ગૌરવ ટ્રેન યાત્રા

મુંબઈઃ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ૯ જૂન સોમવારે સવારે છ વાગ્યે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી ઉપડનારી ભારત ગૌરવ ટ્રેનને લીલી ઝંડી આપી હતી. આ ટ્રેનને લોકોનો જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે, બધી સીટો બુક થઈ ગઈ છે.

આઈઆરસીટીસીના જણાવ્યા અનુસાર, આ છ દિવસની હેરિટેજ યાત્રા સુપ્રસિદ્ધ મરાઠા યોદ્ધા, છત્રપતિ શિવાજી મહારાજની ૩૫૧મી રાજ્યાભિષેક વર્ષગાંઠ નિમિત્તે ડિઝાઇન કરવામાં આવી છે. આ પ્રવાસ શિવાજી મહારાજના જીવન અને વારસા સાથે જોડાયેલા અનેક પ્રતિષ્ઠિત સ્થળોને આવરી લેશે, જે મુસાફરોને મરાઠા ઇતિહાસ અને સંસ્કૃતિનો અનોખો અનુભવ કરાવશે.

આ ટ્રેન છત્રપતિ શિવાજી મહારાજના જીવનના મહત્ત્વપૂર્ણ સ્થળો જેવા કે, રાયગઢ કિલ્લો, શિવનેરી કિલ્લો, પ્રતાપગઢ કિલ્લો, પન્હાળા કિલ્લો, લાલ મહેલ, કસ્બા ગણપતિ અને શિવસૃષ્ટિ જેવા ઐતિહાસિક સ્થળોની મુલાકાત લેશે. વધારાના આકર્ષણોમાં ભીમાશંકર જ્યોતિર્લિંગ અને કોલ્હાપુરમાં મહાલક્ષ્મી મંદિરનો સમાવેશ થાય છે. ■

# ₹૨૫ લાખના વળતરની કૉંગ્રેસની માગણી

નાગપુરઃ મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રદેશપ્રમુખ હર્ષવર્ધન સપકાળે સોમવારે થાણા જિલ્લામાં થયેલા લોકલ ટ્રેન અકસ્માત માટે રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવના રાજીનામાની માગણી કરી હતી. મૃતકોના પરિવાર માટે ૨૫ લાખ રૂપિયા વળતરની પણ કૉંગ્રેસ નેતાએ માંગ કરી હતી. નાગપુરમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં સપકાળે દાવો કર્યો હતો કે લોકલ ટ્રેન અકસ્માત માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર જવાબદાર છે. સુવિધાઓમાં સુધારો કરવા અંગે અજાણ હોવાનો આરોપ તેમણે રેલવે પ્રધાન પર મૂકી તેમના રાજીનામાની માગ કરી હતી. સૌશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પરની પોસ્ટમાં સપકાળે મૃત્યુ અંગે શોક વ્યક્ત કરી કહ્યું હતું કે 'છેલ્લા ૧૧ વર્ષથી મુંબઈવાસીઓ માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને મુસાફરીની સરળતા વિશે ખાલી વાતોના વડા થઈ રહ્યા છે. સુવિધાઓ અને વિકાસના નામે મહારાષ્ટ્રમાં ટેન્ડર આપવા અને કમિશન લેવાની રમત જોવા મળી રહી છે. આ ભ્રષ્ટાચારમાં નાગરિકોના જીવ ગયા છે.' (પીટીઆઈ)■

# રાજ્યમાં સોમવારે કોરોનાના ૬૫ નવા કેસ નોંધાયા

મુંબઈઃ મહારાષ્ટ્રમાં કોરોના કેસમાં ધીમો વધારો નોંધાઈ રહ્યો છે. સોમવારે કોરોનાના ૬૫ નવા દર્દી નોંધાયા હતા. એ સાથે જ પહેલી જાન્યુઆરી, ૨૦૨૫થી અત્યાર સુધીમાં કોરોના કુલ દર્દીની સંખ્યા ૧,૫૦૪ એ પહોંચી ગઈ છે. રાજ્યના આરોગ્ય ખાતાના જણાવ્યા મુજબ સોમવારે મુંબઈમાં બાવીસ નવા દર્દી નોંધાયા હતા. નવી મુંબઈમાં એક, કલ્યાણમાં એક, પુણેમાં એક પિંપરી ચિંચવડમાં બે, નાગપુરમાં પાંચ, કોલ્હાપુરમાં ચાર અને થાણેમાં બે નવા કેસ નોંધાયા હતા. ■

નવમાં પાનાનું ચાલુ

## અકસ્માત પછી

### કેટલા વાગ્યે અને કઈ રીતે બન્યો બનાવ?

મધ્ય રેલવેના મુંબ્રા સ્ટેશન નજીક સવારના ૯.૨૦ વાગ્યાના સુમારે બન્યો હતો. કસારાથી સીએસએમટી જનારી લોકલ ટ્રેન (અપ ફાસ્ટ)ના ફૂટબોર્ડ પર લટકીને મુસાફરી કરી રહેલા પ્રવાસીઓ ભોગ બન્યા હતા, જ્યારે બીજી સીએસએમટીથી કર્જત જનારી લોકલ ટ્રેન (ડાઉન ફાસ્ટ)ના પ્રવાસી ભોગ બન્યા હતા. આ બંને ટ્રેન જ્યારે મુંબ્રા નજીકથી પસાર થઈ રહી હતી ત્યારે ફૂટબોર્ડ પર પ્રવાસ કરી રહેલા અમુક પ્રવાસીઓ ચાલતી ટ્રેનમાંથી ટ્રેક પર પડ્યા હતા. અકસ્માત પછી કલવા અને થાણેની હોસ્પિટલમાં વધુ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જોકે, અકસ્માત પછી અપ એન્ડ ડાઉન લાઈનની લોકલ ટ્રેનસેવા પ્રભાવિત થઈ હતી. પ્રાથમિક માહિતી પૂરી પાડતા અધિકારીએ કહ્યું હતું કે કસારાથી સીએસએમટી લોકલ ટ્રેનના ગાર્ડના નિવેદન અનુસાર બે ચાલતી ટ્રેનમાંથી અમુક પ્રવાસીઓ મુંબ્રા સ્ટેશન (ડાઉન ફાસ્ટ લાઈન) નજીક પડ્યા હતા. આ અકસ્માત મુદ્દે તપાસ હાથ ધરવામાં આવી છે.

### નવી લાઈનના નિર્માણ પછી જૂના ટ્રેક ચેન્જ કર્યા નથી

રેલવે પ્રવાસી સંગઠને કહ્યું હતું કે રેલવેએ નવી લાઈન બનાવ્યા પછી હજુ પણ યોગ્ય રીતે નવી લાઈનનો ઉપયોગ કરતું નથી. લાંબા અંતરની મેલ-એક્સપ્રેસ ટ્રેનોને વારંવાર છોડવામાં આવે છે, પરંતુ લોકલ ટ્રેનોને કલ્યાણ પછીના સ્ટેશનો પર રોકી દેવાય છે, તેથી ટ્રેનો મોડી પડે છે. એટલું જ નહીં, નવી લાઈન બનાવ્યા પછી જૂના ટ્રેક ચેન્જ કરવામાં આવ્યા નથી. મુંબ્રા સેક્શનમાં લોકલ ટ્રેનો સ્પીડમાં ક્યારેક ઝૂકતી હોય છે, તેથી ફૂટબોર્ડ પર ઊભેલા પ્રવાસીઓ પર પ્રેશર બિલ્ડ થાય છે અને જો કોઈ હેન્ડલ પકડ્યું ના હોય તો ટ્રેનમાંથી પડી શકે છે, એમ સંગઠને દાવો કર્યો હતો. આ મુદ્દે ડોંબિવલીના એક પ્રવાસીએ કહ્યું હતું કે મુંબ્રા સેક્શનમાંથી જ્યારે પણ લોકલ ટ્રેન પસાર થાય છે, સ્ટેશનથી લઈને ટનલ સુધીનો વળાંકમાં એક જર્ક લાગે છે, જે દરેક વખતે ડરામણો સાબિત થયો છે. આ વળાંકવાળી જગ્યામાંથી પસાર થતી વખતે જો પ્રવાસીઓ ફૂટબોર્ડ પર ટ્રાવેલ કરતા હોય તો તેમણે ટ્રેનને બરાબર પકડવાનું જરૂરી રહે છે નહીં તો ટ્રેક પર પડવાની સંભાવના રહેલી છે, એમ અનિલ પાંડેએ જણાવ્યું હતું.

### ૨૦૨૪માં ચાલતી ટ્રેનમાંથી પડતા ૩૮૭ જણનાં મોત

મધ્ય રેલવેની મેઈન લાઈનમાં સીએસએમટીથી કલ્યાણ/કસારા/કર્જત સેક્શનમાં કુલ ૨૬ લાખથી વધુ પ્રવાસી મુસાફરી કરે છે, જેમાં થાણે અને કર્જત/કસારા સેક્શનમાં ૧૧ લાખ પ્રવાસીનો સમાવેશ થાય છે. રેલવેમાં લોકલ ટ્રેન સંબંધિત વિવિધ અકસ્માતમાં અનેક પ્રવાસીઓ મોતને ભેટે છે, જેમાં ગયા વર્ષે ૩૮૭ પ્રવાસીનાં મોત થયા હતા, જ્યારે ૭૮૮ જણને ઈજા પહોંચી હતી.

વધતા અકસ્માતો રેલવે પોલીસ અને પ્રશાસન માટે અનેક પડકારો ઊભા કર્યા છે. રેલવે પુલ, એસ્કેલેટર, લિફ્ટ સહિત અને ટ્રેનોની ફ્રિકવન્સી વધાર્યા પછી વધતી સંખ્યા પ્રશાસન માટે પડકાર છે. મધ્ય રેલવેમાં રોજના ૪૦ લાખ અને પશ્ચિમ રેલવેમાં ૩૫ લાખ પ્રવાસી ટ્રાવેલ કરે છે, પરંતુ નબળા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને કારણે હજારો પ્રવાસીઓ બિનજરુરી ભોગ બને છે. રેલવે એક્ટિવિસ્ટના દાવા અનુસાર છેલ્લા ૨૦ વર્ષમાં ૫૧,૮૦૨ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૨૦૦૫થી જુલાઈ ૨૦૨૪ સુધીમાં મધ્ય રેલવેમાં ૨૯,૨૩૧ અને પશ્ચિમ રેલવેમાં ૨૨૪૮૧ લોકો મોતને ભેટ્યાં છે. મધ્ય રેલવેમાં કલ્યાણ, થાણે, વસઈ અને બોરીવલી (પશ્ચિમ રેલવે) સેક્શનમાં સૌથી વધુ અકસ્માતો થાય છે, જે ગંભીર વાત છે. રેલવેએ સૌથી વધુ પંદર કોચની ટ્રેન દોડાવવાનું જરુરી છે, એમ એક્ટિવિસ્ટે જણાવ્યું હતું.

### પ્રત્યક્ષદર્શીએ કર્યું ઘટનાનું વિવરણ

હું પત્નીને છોડવા માટે રેલવે સ્ટેશન પર આવ્યો હતો. સ્ટેશનથી બહાર નીકળવા જઇ રહ્યો હતો ત્યારે અચાનક લોકોની ચીસો સંભળાતાં હું થોભી ગયો. આગળ જઇને જોયું તો બે ટ્રેન નજરે પડી. બંને ટ્રેન આગળ નીકળી ગઇ ત્યારે ટ્રેક પર અમુક લોકો પડેલા દેખાયા હતા, જેમાં મહિલાઓનો પણ સમાવેશ હતો. સ્ટેશન પર હાજર પ્રવાસીઓ મદદ માટે ત્યાં પહોંચી ગયા હતા. ઘાયલ થયેલા લોકોને ને મળે તે વાહનોમાં સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવામાં આવી રહ્યા હતા. બીજી તરફ મૃતકોને એમ્બ્યુલન્સમાં લઇ જવાયા હતા. મુંબ્રાનો વળાંક એટલો ભયાનક છે કે દર પંદર દિવસે ત્યાં એકાદો અકસ્માત થતો હોય છે, એમ પ્રત્યક્ષદર્શી શિવા સુરવઇએ જણાવ્યું હતું. ■

## ઓટોમેટિક ડોરવાળી

કરી રહેલાં પ્રવાસીઓ પડ્યા હોય. અકસ્માત થયો એ સ્થળે સીસીટીવી હતા કે નહીં, લોકલમાં ભીડ કેટલી હતી એ તમામ પાસાઓની તપાસ કરવામાં આવશે.

જોકે કેટલાક લોકોનું એવું પણ કહેવું છે કે લોકલ ટ્રેનમાં પ્રવાસીઓ જૂથ વચ્ચે ઝઘડો ચાલી રહ્યો હતો અને એ કારણે પણ આ ધક્કા મુક્કી થઈને પ્રવાસીઓ ટ્રેક પડ્યા હતા. જોકે, આ બાબતે કોઈ પ્રત્યક્ષદર્શી કે સત્તાવાર માહિતી સામે આવી શકી નથી. રેલવે બોર્ડ દ્વારા પણ લોકલ ટ્રેનમાં ઓટોમેટિક ડોર લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સિવાય હાલમાં દોડાવવામાં આવતી લોકલ ટ્રેનના કોચનું પણ રિડિઝાઈનિંગ કરવામાં આવશે, અને આ કોચમાં પણ ઓટોમેટિક ડોર બંધ થાય એવી સુવિધા ઉપલબ્ધ કરાવી આપવામાં આવશે. ■

## ઘરમા કમાનારો

થતાં આઘાત પામેલા મૂકેશ ચૌબે સહિત અન્ય મિત્રો ત્વરિત ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. રાહુલના પરિવારમાં માતા-પિતા, બે નાની બહેન અને નાના ભાઇનો સમાવેશ છે. રાહુલને તેની બહેનનાં લગ્નની ખૂબ ચિંતા હતી. ઘરે કમાનારા એકના એક દીકરાને ગુમાવનારા ગુપ્તા પરિવારને મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાન તરફથી આર્થિક મદદ મળવી જોઇએ, એવી રાહુલના મિત્રો દ્વારા માગણી કરવામાં આવી છે. ■

## ઓન ડ્યૂટી રેલવે

હતો, જેનામાં ગુના ઉકેલવાની સારી કુશળતા હતી. વિકી મુખ્યદળ તેની પત્ની અને પુત્રી સાથે કલ્યાણ વિસ્તારમાં રહેતો હતો,થ એમ કલ્યાણ જીઆરપીના આસિસ્ટન્ટ પોલીસ કમિશનર સુધાકર શિરસાટે જણાવ્યું હતું.

વિકીની માસી પ્રમીલા જાધવે જણાવ્યું હતું કે અમને ફોન આવ્યો એટલે અમે તાત્કાલિક કલવાની હોસ્પિટલમાં પહોંચી ગયા હતા. શરૂઆતમાં અમને શું થયું છે તે ખબર નહોતી. બાદમાં અમને જાણ થઇ કે વિકીનું મૃત્યુ થયું છે. ■

# જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જામનગર નિવાસી હાલ ઘાટકોપર, પ્રાણલાલ નવલચંદ મેહતા (ઉં. વ. ૯૯) તે સ્વ. ભાનુબેનના પતિ. દિપક, ચેતન, બિમલ, મીરા નલીનભાઈ મોદી, નીના હર્ષદભાઈ શેઠના પિતા. સ્વ. જયશ્રી, કલ્પના, પલ્લવીના સસરા. સ્વ. છબલબેન અમૃતલાલ દડિયાના જમાઈ તા. ૮-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહારની પ્રથા બંધ છે.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ લાકડીયાના હાલે જોગેશ્વરી, ભાવલબેન ભીમજી લખમણ નિસરના પૌત્રવધૂ. જીવતીબેન બાબુલાલ ભીમજી નિસરના પુત્રવધૂ. કીર્તિકુમારના ધર્મપત્ની દિવાળીબેન (ઉં. વ. ૬૧) ૮-૬-૨૫, રવિવારે અવસાન પામેલ છે. મેહુલ, વિમલના માતુશ્રી. લક્ષ્મી, સમતાના સાસુમા. ખારોઈના સ્વ. પાર્વતીબેન વિરમ મુરજી ગડાના દીકરી. પ્રાર્થનાસભા તા. ૧૧-૬-૨૫, બુધવાર. ૧૦ થી ૧૧.૩૦. પ્રાર્થનાસ્થળ: અચલગચ્છ જૈન સંઘ, જોગેશ્વરી ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

વિલેપાર્લે સ્થિત મિતા દિપક શાહ, (ઉં. વ. ૬૧) તા. ૯-૬-૨૫, સોમવારના અરિહંતશરણ પામેલ છે. દીપક મહેન્દ્રકુમાર ચુનીલાલ શાહના ધર્મપત્ની. મનન-વિધીના માતુશ્રી. સૌર્યના દાદી. રાજેન્દ્ર અને લીલાબેનના ભાભી. પિયર પક્ષે વલસાડ નિવાસી વાડીલાલ મગનલાલ શાહના સુપુત્રી. સમગ્ર લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી સ્થા. જૈન**

છત્રીયાળા નિવાસી હાલ વિરાર, સ્વ. શાંતાબેન રમણીકલાલ શાહના પુત્ર કીર્તિકાંતભાઈ (ઉં. વ. ૮૫) ૯/૬/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે રંજનબેનના પતિ. વિંછિયા નિવાસી સ્વ. શિવલાલ લલ્લુભાઇ ખંધારના જમાઈ. ચંદ્રકાન્તભાઈ, સ્વ. શિરીષભાઈ, સ્વ. જશવંતભાઈ, શશીકાંતભાઈ, અશોકભાઈ, વનીતાબેન તથા નયનાબેનના ભાઈ. શિલ્પાબેન અતુલકુમાર શાહ, સ્મિતાબેન વીરેનકુમાર સંઘવી તથા મમતાબેન રાજેશકુમાર શાહના પિતા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી જૈન**

લીંબડી નિવાસી હાલ કાંદિવલી, રજનીકાંત ધ્રુવ (ઉં. વ. ૭૯) સોમવાર, તા.૯/૬/૨૦૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જયાબેન રમણીકલાલ ધ્રુવના પુત્ર. માલતીબેનના પતિ. ભાવના, વિજય, પારસના પિતા. જીજ્ઞેશ મહાસુખલાલ બગડિયા, દીપિકા, ઝરણાના સસરા. સ્વ. ગીરીશભાઈ તથા જયશ્રીબેન ગુણવંતરાયના ભાઈ. સ્વ. મંગળદાસ નાગરદાસ તલસાણીયાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશાશ્રીમાળી દેરાવાસી જૈન**

ભાવનગર નિવાસી હાલ કાંદિવલી, ગં.સ્વ. લીલાબેન શાંતિલાલ શાહના સુપુત્ર અતુલભાઈ શાહ (ઉં. વ. ૬૪) તે ભાવનાબેનના પતિ. રુતિક તથા સૌમિકના પિતાશ્રી. વિરતી તથા મુદ્રાના સસરા. હિમાંશુભાઈ તથા નીલાબેનના ભાઈ. પીયરપક્ષે બોટાદ નિવાસી હાલ કાંદિવલી, સ્વ.નગીનદાસ કસ્તુરચંદ સલોતના જમાઈ રવિવાર, તા. ૮-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર પ્રથા બંધ રાખેલ છે.

**જામનગર હાલાર વીસા શ્રીમાળી જૈન**

સાંતાક્રુઝ, સ્વ. અચરતબેન નવલચંદ્ર લક્ષ્મીચંદ્ર શેઠનાં પુત્રવધૂ. સ્વ. સેવંતીલાલનાં પત્ની પુષ્પાબેન (ઉં. વ. ૮૫) તા.૮-૬-૨૫ને રવિવારે અરિહંતશરણ પામ્યાં છે. તે રાજીવનાં માતા. અ.સૌ. કેતનાનાં સાસુ. ધ્વનિ કેવલ શાહ, રીયાનાં દાદી. સ્વ. સંતોકબેન કેશવલાલ જીવાભાઈ મકીમના દીકરી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભીંસરા હાલે ભોજાયના પુરબાઇ પુંજાભાઇ રતનશી દેઢીયા (ઉં. વ. ૭૯) તા. ૮-૬-૨૫ના દેહ પરીવર્તન કરેલ છે. સ્વ. પુંજાભાઇના ધર્મપત્ની. સ્વ. રતનબાઇ રતનશી મુરજીના પુત્રવધૂ. ભોજાયના મોંઘીબેન કેશવજી જીવરાજ પાસડના પુત્રી. વર્ષા, સ્વ. કિરણ, દીલીપ, ઉષા, શોભા (દીપીકા)ના માતુશ્રી. સ્વ. ખીમજી, ખેતશી, લક્ષ્મી, હસમુખના બહેન. પ્રાર્થના રાખેલ નથી. રે.ઠે.: દિલીપ દેઢીયા, બી-૯૦૩, વૈભવ કો.હા.સો., શાસ્ત્રીનગર, ગોરેગામ (વેસ્ટ).

કોટડા રોહા હાલે ભુજના તારાચંદ દેઢિયા (ઉં. વ. ૬૮) તા. ૮-૬-૨૫ના મુંબઈમાં અવસાન પામેલ છે. દેવકાબાઈ પ્રેમજીના પુત્ર. મણીબેનના પતિ. દેઢીઆના ભચીબાઇ પ્રેમજી પાસડના જમાઈ. મેહુલ, વનિતા, હિમાંશુ, નિમેષના પિતા. સ્વ. સુંદરજી, રમેશ, મુલચંદ, સ્વ. દમયંતીના ભાઈ. ચક્ષુદાન-ત્વચાદાન કરેલ છે. પ્રા. યોગી સભાગૃહ, દાદર વેસ્ટ ૩ થી ૪.૩૦.

બાંભડાઈના વલ્લભજી ભાણજી સોની (ઉં. વ. ૭૯) તા. ૭-૬-૨૫ના અવસાન પામેલ છે. બાંયાબાઈ ભાણજીના પુત્ર. દેવકાંબેન સોનીના પતિ. સુનીલ, ભાવના, હીના, ટીના, સ્વ. પ્રવિણાના પિતા. વિરજી, સ્વ. પ્રેમજી, મુરજી, સ્વ. ભાનુબેન, તારાબેન (કમળા) નાનજી, વિજયાબેન મોહનલાલના ભાઇ. કોકલીયા કેસરબાઇ/પુરબાઈ કલ્યાણજીના જમાઇ. ચક્ષુદાન અને ત્વચાદાન કરેલ છે. પ્રા. શ્રી વ.સ્થા. જૈન શ્રા. સંઘ કરસન લધુ હોલ, દાદર (વે). ટા. ૨ થી ૩.૩૦.

નાના ભાડીયાના જેઠાલાલ નથુભાઇ ગાલા (ઉં. વ. ૯૭) તા. ૮-૬-૨૫ના અવસાન પામેલ છે. ખેતબાઈ નથુભાઈ ગોસર ગાલાના પુત્ર. મણીબેનના પતિ. નરેન્દ્ર, ગુલાબ, દીના, ચેતના, મનોજના પિતા. હાંસબાઇ, પાનબાઈ, નાનજી, ઝવેરબેન, ખેતશી, નિર્મળાના ભાઇ. નાની ખાખર દેવકાંબેન નાનજી લાલજીના જમાઈ. પ્રા. કાલીદાસ મેરેજ હોલ, પી.કે.રોડ, મુલુંડ. સાંજે ૪ થી ૫.૩૦.

# પારસી મરણ

રોશન જહાંગીર લેન્ટીન તે મરહુમ જહાંગીર પી. લેન્ટીનના વિધવા. તે મરહુમો બચા તથા રૂસ્તમ ઓલબ્લેશના દીકરી. તે પરશીના મમ્મી. તે નવાઝના સાસુજી. તે મેહરૂ આર. બારીયા તથા મરહુમ હોમી આર. ઓલબ્લેસના બહેન. તે પરીઝાદ ને કમલના માસી. (ઉં. વ. ૮૬) રે.ઠે. ૨૦૧, વીજય એપાર્ટમેન્ટ, ભુલાભાઈ દેસાઈ રોડ, મુંબઈ ૪૦૦૦૩૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૦-૬-૨૫ને બપોરે ૩:૪૫ કલાકે મુંબઈ ડુંગરવાડી પર ઉપરની ઓલબ્લેસ બંગલીમાં.

દારા જમશેદજી દારૂવાલા તે દીનાના ખાવીંદ. તે મરહુમો મહેરબાઈ જમશેદજી દારૂવાલાના દીકરા. તે પરવીન, ફીરદોશ ને નેવીલના પપ્પા. તે નોશીર જે. ગોટલાના સસરા. તે મરહુમો દોલી, આલુ ને એમીના ભાઈ. તે વહીસ્તા ને વિસ્તાસ્પના મમાવા. (ઉં. વ. ૯૫) રે.ઠે. શેઠના બિલ્ડિંગ નં.- ૧૦, પહેલે માળે, ઝોરાસ્ટ્રિયન કોલોની, તારદેવ, મુંબઈ ૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૧-૬-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે મીઠાઈવાલા અગ્યારીમાં છે.

# હિન્દુ મરણ

**દશા સોરઠિયા વણિક**

લાલપર નિવાસી હાલ બોરીવલી, અ.સૌ. શીલા નીતિન જનાણી (ઉં. વ. ૬૮) તા. ૨-૬-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે હિમાંશુ તથા હેતલ કુણાલ ધોળકિયાના માતુશ્રી. કમલેશ, પંકજ મથુરાદાસ જનાણી, અ.સૌ. અંજના કાંતીલાલ ધ્રુવ અને અ.સૌ. રીટા હર્ષદ ગાંધીના ભાભી. સ્વ. નરેન્દ્ર, હિતેષ, ગં.સ્વ. રમીલાબેન મધુકાન્ત ગગલાણીના બહેન. હિરલ તથા કુણાલના સાસુ. સ્વ. શાંતાબેન નાગરદાસ શાહના પુત્રી. હેતના દાદી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ વતન વેરાવળ બંદર હાલ થાણા, સ્વ. વિજયકાંત (ઉં. વ. ૮૭) હેમકુવર - કેશવજી કાળીદાસ રાયઠઠાના પુત્ર. ગં.સ્વ. મંદાકિનીના પતિ. નટવરલાલ મનજી કચ્છીના જમાઈ. અરુણ, હેમાક્ષીના પિતા. મનીષા તથા જયેશકુમાર ઠક્કરના સસરા. સ્વ. પુરુષોત્તમભાઈ, સ્વ. નારણદાસ, સ્વ. રસીલાબેન, સ્વ. સુશીલાબેન, સ્વ. લીલાબેન, સ્વ. ભાનુબેનના ભાઈ તા.૮/૬/૨૫ રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા રાખેલ નથી.

**કચ્છી લોહાણા**

મૂળ ગામ ભુજ, લક્ષ્મીબેન અને મંજુલાબેન મણીલાલ કોઠારીના સુપુત્ર વસંતભાઈ (ઉં. વ. ૮૫) હાલે થાણા તા. ૬/૬/૨૫ના સ્વર્ગલોક પામ્યા છે. તે ઇન્દુબેનના પતિ. સ્વ. મણીબેન હંસરાજ ભવનજી પોપટના જમાઈ (ગામ ભુજ). બિનલ અને નીનાના પિતાશ્રી. અ.સો. રશ્મિના સસરા. તથા પ્રમોદભાઈ, અ.સો પ્રતિમાબેન, ગં.સ્વ. ઉષાબેન, અ.સૌ. જ્યોતિબેન, અ.સો. લતિકાબેનના મોટાભાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**સુરતી પંચાલ**

સુરત નિવાસી હાલ કાંદિવલી, સ્વ. પ્રભાબેન તથા સ્વ. કેશવલાલ નારાયણભાઈ પંચાલના પુત્ર કૈલાશભાઈ પંચાલ (ઉં. વ. ૬૧) ૭/૬/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સીમાબેનના પતિ. કુણાલ તથા રીમાના પિતા. ભાગ્યશ્રીના સસરા. સ્વ. પરેશભાઈ, સ્વ. હંસાબેન પંચાલ, રાગીણીબેન પંચાલ તથા નયનાબેન મહેતાના ભાઈ. સાસરાપક્ષે ગં. સ્વ. સુલોચનાબેન તથા સ્વ. ભગવાનદાસ અંબારામ કોન્ટ્રાકટરના જમાઈ. પ્રાર્થનાસભા ૧૨/૬/૨૫ના ૪ થી ૬. ૩/બી, ૫૦૧, સિદ્ધિવિનાયક સોસાયટી, આશાનગર, ચિલ્ડ્રન એકડમી સ્કૂલ પાસે, ઠાકુર કોમ્પ્લેઝ, કાંદિવલી ઈસ્ટ.

## ૮ દિવસ પૂર્વે

માટે કસારાથી આવતી ફાસ્ટ લોકલ પકડી હતી, પરંતુ સ્નેહા કે તેના પરિવારને નહોતી ખબર કે આ લોકલ સ્નેહાને ઓફિસ નહીં પણ હોસ્પિટલના આઈસીયુના બેડ પર પહોંચાડી દેશે. એક અઠવાડિયા પહેલાં દીકરીની સફળતા પર ખુશીઓ મનાવતા પરિવારની આંખોમાંથી આજે વહી રહેલાં આંસુઓ રોકાવાનું નામ નથી લઈ રહ્યા.

સ્નેહાના પિતાએ આ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે અમને સવારે સ્નેહા મુંબ્રા ખાતે થયેલાં અકસ્માતમાં ઈજાગ્રસ્ત થઈ હોવાની માહિતી આપતો ફોન આવ્યો હતો. ફોન આવતા જ અમે લોકો કલવા ખાતે આવેલી છત્રપતિ શિવાજી મહારાજ હોસ્પિટલ પહોંચ્યા હતા. પરંતુ મારી તો હિંમત નથી થતી મારી દીકરીને આ રીતે જોવાની. સ્નેહાની બહેન સ્નેહાને મળવા માટે આઈસીયુમાં ગઈ હતી અને તેણે મને કહ્યું કે સ્નેહાની સ્થિતિ સારી છે.

સ્નેહાના પિતા હોસ્પિટલની બહાર જ દીકરીની ઝડપી રિકવરી માટે પ્રાર્થના કરી રહ્યા હતા. સ્નેહા સહિત અનેક ઈજાગ્રસ્ત પ્રવાસીઓને કલવા ખાતે આવેલી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં પાંચ પ્રવાસીઓનાં મૃત્યુ થયાં હોવાની સત્તાવાર માહિતી સામે આવી રહી છે. ■

## સરકાર મૃતકોના

દુર્ઘટનામાં જીઆરપી કોન્સ્ટેબલ સહિત ઓછામાં ઓછા ચાર મુસાફરોનાં મોત થયાં છે અને છ ઘાયલ થયા છે. બે વિરુદ્ધ દિશામાં પસાર થતી ભીડવાળી ટ્રેનોના ફૂટબોર્ડ પર ઊભેલા લોકોની બેકપેક એકબીજા સાથે અથડાઈ હશે અને તેથી મુસાફરો નીચે પડી ગયા હશે. ઘટના સ્થળે રેલ માર્ગ પરના વળાંક વિશે બોલતા, ગિરીશ મહાજને કહ્યું કે રાજ્ય સરકાર રેલવે વહીવટીતંત્રને કાયમી ઉકેલ લાવવા વિનંતી કરશે. 'પહેલી વાર આવી ઘટના બની છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ અકસ્માત અંગે દિલ્હીમાં અધિકારીઓ સાથે વાત કરી છે. તેની સંપૂર્ણ તપાસ થવી જોઈએ. અને આવું ફરી ક્યારેય ન બને તેની ખાતરી કરવી જોઈએ,' મહાજને કહ્યું. રાજ્ય સરકાર આ ઘટનાને લઈને કેટલી ગંભીર છે તે દર્શાવતા, મહાજને કહ્યું કે તેઓ શહેરની બહાર હતા, પરંતુ ફડણવીસે તેમને તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈને પરિસ્થિતિની સમીક્ષા કરવા અને રાહત પ્રયાસોનું નિરીક્ષણ કરવા નિર્દેશ આપ્યો હતો. (પીટીઆઈ) ■

મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# તન-મન-ધનથી રહો તરોતાજા




# વ્યાજદરનું જોખમ સમજી લેવું જરૂરી છે...

**‘છેલ્લાં ૬૦ વર્ષોમાં મેં વોલ સ્ટ્રીટ પર જો કોઈ નિરીક્ષણ કર્યું હોય તો એ છે કે સ્ટોક માર્કેટ વિશે આગાહી કરવામાં કોઈ સફળ થતું નથી.’ - બેન્જામિન ગ્રેહામ**

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

વ્યાજદરનું જોખમ સમજાવવાનું થોડું અઘરું છે, પણ ચાલો, પ્રયત્ન કરું છું. નામ પરથી સ્પષ્ટ થાય છે કે જે પ્રકારના રોકાણને વ્યાજ સાથે સંબંધ હોય તેને વ્યાજદર સંબંધી જોખમ લાગુ પડે છે. હવે સવાલ એ છે કે કયાં રોકાણો વ્યાજ ચૂકવતાં હોય છે? ફિક્સ્ડ ડિપોઝિટ, બોન્ડ, ડિબેન્ચર, વગેરે પ્રકારનાં સાધનોમાં રોકાણ કરીએ તો વ્યાજ મળે. બીજા શબ્દોમાં કહીએ તો ડેટ સાધનો પર વ્યાજ મળતું હોય છે અને તેથી જ એ સાધનોને વ્યાજદર સંબંધી જોખમ લાગુ પડે છે. આપણે નાણાં રોકીએ અને નિશ્ચિત મુદત બાદ મુદ્દલ રકમ પાછી મળે છે અને મુદ્દલ પાછી મળે ત્યાં સુધી તેના પર વ્યાજ મળતું રહે છે.

ક્યારેક એવું બની શકે કે આપણે મુદત પૂરી થવા સુધી રાહ જોવાની સ્થિતિમાં ન હોઈએ. જો એ રોકાણ ફિક્સ્ડ ડિપોઝિટમાં હોય તો એફડી તોડાવવી પડે. તેમાં જો બેન્ક વ્યાજદર પર કોઈ દંડ લાગુ કરતી હોય તો તેટલી રકમ કપાઈને મુદ્દલ તથા જમા થયેલું વ્યાજ પાછાં મળે છે.

જો આ જ રોકાણ બોન્ડ કે ડિબેન્ચરમાં હોય તો શું થાય?

ફિક્સ્ડ ડિપોઝિટ અને બોન્ડ/ડિબેન્ચર વચ્ચે તફાવત એ જ કે બોન્ડ/ડિબેન્ચર મુદત પૂરી થવા પહેલાં ટ્રાન્સફર કરી શકાય કે વેચી શકાય છે. ઈક્વિટીની જેમ સ્ટોક માર્કેટમાં લિસ્ટેડ બોન્ડ/ડિબેન્ચર ખરીદી અને વેચી શકાય છે. આથી તેના માટે બોન્ડ/ડિબેન્ચર તોડ્યાં એવું કહેવામાં આવતું નથી.

હવે આપણા વિષય પર આવીએ. ધારો કે શશીભાઈએ ૧૦ વર્ષની મુદત ધરાવતા ભારત સરકારના બોન્ડ ખરીદ્યા છે. એ ખરીદી કર્યા બાદ એમના ધ્યાનમાં આવે છે કે દીકરીના ઊચ્ચ શિક્ષણ માટે પૈસાની જરૂર પડશે. આથી સ્ટોક માર્કેટમાં એ બોન્ડ વેચી દે છે. તેમના દરેક બોન્ડની મૂળ કિંમત ૧૦૦ રૂપિયા છે અને તેના પર ૯.૫ ટકાના વાર્ષિક દરે વ્યાજ મળવાનું હતું. એમણે બોન્ડ ખરીદ્યા બાદ બજારમાં વ્યાજદર વધારે મળવા લાગ્યો છે. હવે નવા બોન્ડ પર ૧૦.૨૫ ટકાનું વ્યાજ મળવા લાગ્યું છે.

બજારમાં કોઈ ખરીદદાર શશીભાઈના બોન્ડ ખરીદવા તૈયાર નહીં હોય. જો કે, શશીભાઈએ બોન્ડ વેચ્યા વગર છૂટકો નથી. આથી તેઓ ૧૦૦ રૂપિયાની મૂળ કિંમતના બોન્ડ ૯૨.૫૦ રૂપિયાના ભાવે વેચવા તૈયાર થાય છે. બજારમાં વ્યાજદર વધવાને કારણે શશીભાઈએ મૂળ કિંમત કરતાં ઓછા ભાવે બોન્ડ વેચવા પડે છે.

હવે જો આપણે ધારીએ કે બજારમાં વ્યાજદર ઘટીને ૮ ટકા થઈ ગયો છે. આ સ્થિતિમાં શશીભાઈ ઊંચા ભાવે વેચાણ કરીને નફો રળી શકે છે.

અહીં એ નિયમ યાદ રાખવા જેવો છે. જ્યારે વ્યાજદરમાં વધારો થાય ત્યારે બોન્ડના ભાવ ઘટે અને વ્યાજદર ઘટે ત્યારે બોન્ડના ભાવ વધે. આને વ્યાજદરનું જોખમ કહેવાય છે. જો શશીભાઈને વચ્ચે નાણાંની જરૂર પડી ન હોત અને એમણે પાકતી તારીખ સુધી રોકાણ રહેવા દીધું હોત તો એમના રોકાણ (અર્થાત્ બોન્ડ)ને વ્યાજદર સંબંધી જોખમની અસર થઈ ન હોત.

વ્યાજદરમાં વધઘટ થવા માટે અનેક પરિબળો હોય છે, પરંતુ અહીં આપણે તેની ચર્ચા કરતા નથી. અત્યારે તો એટલું જ કહેવાનું કે સિક્યોર્ડ ગણાતા બોન્ડ/ડિબેન્ચરમાં પણ જોખમ હોય છે અને એ જોખમ વ્યાજદર સંબંધી જોખમ હોય છે. ■

ફાઈનાન્સના ફંડા
મિતાલી મહેતા
feedback@bombaysamachar.com

## હાઈન્ડસાઈટ બાયસ

# ‘મેં તો પહેલેથી જ કહ્યું હતું કે...’




બિહેવિયરલ ફાઇનાન્સ વિષયમાં અગાઉ એન્કરિંગ બાયસ અને કન્ફર્મેશન બાયસ વિશે વાત કર્યા બાદ આજે આપણે ‘હાઇન્ડસાઇટ બાયસ’ વિશે વાત કરીશું.

ગુજરાતીમાં એક ઉક્તિ છે : ‘વિધવા થયા પછીનું ડહાપણ’ અર્થાત્ કોઈ ઘટના બની ગયા પછી કે પરિસ્થિતિ સર્જાયા બાદ માણસને વાસ્તવિકતા સમજાય છે. અંગ્રેજીમાં એને ‘હાઇન્ડસાઇટ’ કહે છે.

બિહેવિયરલ ફાઇનાન્સ વિષયમાં આ ‘હાઇન્ડસાઇટ બાયસ’ નામે એક પૂર્વગ્રહ જાણીતો છે. હાઇન્ડસાઇટ બાયસમાં એમ કહેવાનું તાત્પર્ય છે કે લોકો અમુક પરિણામ આવશે એવું અનુમાન કરવાની પોતાની ક્ષમતા વિશે વધુ પડતો આત્મવિશ્વાસ ધરાવતા હોય છે, જેમકે ‘મને તો પહેલેથી ખબર હતી કે આવું થશે’ અથવા ‘હું તો પહેલેથી જ કહેતો હતો...’ એવાં વિધાન આપણને અવારનવાર સાંભળવા મળતાં હોય છે તેની પાછળ હાઇન્ડસાઇટ બાયસ જવાબદાર હોય છે.

કદાચ ક્યારેક પરિણામ વિશે અનુમાન લગાડી શકાય, પરંતુ ચોક્કસ શું થવાનું છે એ કોઈ જ જાણતું નથી.આ વાતને એક ઉદાહરણ દ્વારા સમજીએ...

લગભગ દરેક વ્યક્તિએ સુપ્રસિદ્ધ ફ્રેન્ચ જ્યોતિષી નોસ્ત્રાદમસ વિશે સાંભળ્યું જ હોય છે. એમણે કરેલી અનેક ભવિષ્યવાણીની વાતો પણ પ્રખ્યાત છે. એમણે લંડનમાં લાગનારી પ્રચંડ આગ, ફ્રાન્સની ક્રાંતિ, હિરોશિમા અને નાગાસાકી પરના અણુબોમ્બના ધડાકા જેવા કેટલાંક બનાવોની આગાહી કરી હોવાનું કહેવાય છે. આજે પણ કોઈ મોટી કરુણાંતિકા સર્જાય ત્યારે લોકો એને નોસ્ત્રાદમસની આગાહી ગણાવી દેતા હોય છે. આમ છતાં, કોઈ વ્યક્તિ પહેલેથી કહેતી નથી કે અમુક ઘટના આ વખતે બનવાની છે. ઘટના બની ગયા પછી એને આગાહીઓ સાથે સાંકળી દેવામાં આવે છે.

હવે બીજું ઉદાહરણ લઈએ: ‘મારા માટે તો આ શર્ટ લકી છે...’ કે ‘મારા માટે આ રંગ લકી છે....’ એવું પણ ઘણી વાર ઘણા લોકોના મોંઢે સાંભળવા મળે છે. આથી જ એ લોકો પોતાનું લકી શર્ટ પહેરીને અથવા લકી રંગની વસ્તુ લઈને પરીક્ષા આપવા જાય છે. ક્યારેક જો એવું શક્ય બને નહીં તો મનમાં ખટકો રહી જાય. હકીકતમાં, પરીક્ષાના માર્ક્સ દરેક વ્યક્તિના લકી રંગના આધારે જ મળતા હોત તો અત્યારે કોઈ વ્યક્તિ નાપાસ થતી જ ન હોત.!

વિશ્વભરમાં કોરોના વાઈરસ ફેલાયો ત્યારે વૈશ્વિક સ્તરે શેરબજારોમાં મોટો ઘટાડો થયો હતો. એ વલણ જોઈને મોટાભાગના લોકોએ આગાહી કરી કે ભારતીય શેરબજારમાં પણ કડાકો બોલાશે. ભારતમાં કોવિડના દરદીઓની સંખ્યામાં ઝડપી વધારો થવાને પગલે લોકડાઉન લાગું કરાયું ત્યારે શેરબજાર પડ્યું પણ ખરું. એ જોઈને લોકો પોતાના દાવાને સાચો ગણાવવા લાગ્યા, પરંતુ હકીકત એ પણ છે કે બજાર થોડા જ વખતમાં એટલું બધું વધી ગયું કે ઘણા લોકોએ એમાં ભરપૂર કમાણી પણ કરી લીધી. બજાર નવી ઉંચાઈએ પણ પહોંચી ગયું. બજાર ઉપર ગયું ત્યારે બીજા લોકો કહેવા લાગ્યા‘ ‘અમે તો પહેલેથી જ કહ્યું હતું કે બજાર ઊંચે ચડશે...!’

શેરબજાર ઉપર-નીચે થાય એ તો એનો ક્રમ છે. આથી બજાર નીચે જશે અથવા ઉપર જશે એવું કહેનાર વ્યક્તિ એક વખત તો સાચી પડે જ છે. જોકે, ચોક્કસ કયા દિવસે ઉપર જશે અને કયા દિવસે નીચે જશે એની ભવિષ્યવાણી કોઈ કરી શકતું નથી.

**હાઇન્ડસાઇટ બાયસથી કેવી રીતે છૂટકારો મેળવવો?**

૧) ભવિષ્ય વિશે ચોક્કસ આગાહી કરવાનું શક્ય નથી. પોતાની ભવિષ્યવાણી સાચી પડશે એવું જો તમને લાગતું હોય તો એ જ વખતે તમે કરેલી ભવિષ્યવાણીથી વિપરીત ભવિષ્યવાણી કરનાર વ્યક્તિને પણ એવું જ લાગતું હોય છે.

તમારા બન્નેમાંથી કોઈક તો ખોટું પડવાનું જ છે.

૨) તમારા વિચારોના આધારે નહીં, પણ આંકડાઓના આધારે નક્કી કરો કે શું બની શકે છે.

૩) જો તમે કોઈ આગાહી કરો અને એ સાચી પડે તો તેના આધારે બાકીની વસ્તુઓમાં ફેરફાર કરવા લાગી જવું નહીં.

તમે અથવા સામેવાળી વ્યક્તિ સાચી પડે એવી ૫૦-૫૦ ટકા શક્યતા હંમેશાં રહેતી જ હોય છે. ક્યારેક તમે સાચા પડો, ક્યારેક બીજો માણસ સાચો પડે.

૪) કોઈ પણ નવું કાર્ય શરૂ કરતાં પહેલાં એની કાર્યયોજના તૈયાર હોવી જોઈએ. તમારાં કાર્યના સંભવિત પરિણામ વિશે અંદાજ બાંધવા માટે આંકડાઓનો અથવા નિષ્ણાતની સલાહનો આધાર લેવો. આ રીતે તમે ભવિષ્યવાણી કરવાના પોતાના આડેધડ વિચારોને કાબૂમાં રાખી શકશો.■

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

# કયાં યોગ આસન વધારી શકે તમારું મેટાબોલિઝમ?

*આજકાલ સૌથી મોટી શારીરિક સમસ્યા કઈ? એવો પ્રશ્ન પુછાય તો મોટાભાગના લોકો કહેશે : વધી ગયેલું વજન. વજનને નિયંત્રણમાં રાખવા લોકો જાતજાતના ઉપાયો અજમાવે છે. આપણા પ્રાચીન યોગ વિજ્ઞાનમાં એવાં કેટલાંક આસન છે, જે તેમાં ઉપયોગી સાબિત થઇ શકે છે.*

*ચાલો, આજે તેના વિશે જાણીએ.....*

*વજન વધવાનાં અનેક કારણોમાં એક છે નબળું મેટાબોલિઝમ એટલે કે ચયાપચયની ક્રિયા. એ જો સક્ષમ બને તો શરીરને કેલરી અને વધારાની ચરબી ઝડપથી બાળવામાં મદદ કરે છે, જેનાથી વજન ઘટાડવામાં મદદ મળે છે.*



### ત્રિકોણાસન

તમારા પગ વચ્ચે ૩-૪ ફૂટનું અંતર રહે તેમ ઊભા રહો.

તમારા બંને હાથને તમારા ખભા સુધી ફેલાવો.

પછી ધીમે ધીમે શ્વાસ લેતા, જમણા હાથને માથા ઉપર તરફ લઇ જાઓ. આ દરમિયાન તમારો ઉપર ગયેલો હાથ તમારા કાનને સ્પર્શ કરવો જોઈએ.

હવે શ્વાસ બહાર કાઢતી વખતે, તમારા શરીરને ડાબી બાજુ વાળો. ધ્યાનમાં રાખો કે આ દરમિયાન તમારા ઘૂંટણ વાંકા ન થવા જોઈએ. થોડા સમય માટે આ મુદ્રામાં રહો. આ પછી શરૂઆતની સ્થિતિમાં પાછા આવો. પછી ડાબો હાથ ઉપર લઇ જઈને જમણી તરફ આ આસનનું પુનરાવર્તન કરો. તમે ૩ થી ૫ વખત આ આસન દોહરાવી શકો છો.

### સર્વાંગાસન



આ આસન શીર્ષાસનની પહેલાની અવસ્થા જેવું છે. આ આસન કરતી વખતે પણ શરૂઆતમાં એકાદ જાણકારનું માર્ગદર્શન અવશ્ય લેવું જોઈએ. તમારી પીઠના બળે સૂઈ જાઓ. હાથ સામાન્ય રીતે બાજુમાં રાખો. એક જ હલનચલનમાં, તમારા પગ, નિતંબ અને પીઠને એવી રીતે ઊંચા કરો કે તમે તમારા ખભા પર ઉપર આવો. આ દરમિયાન હાથ વડે તમારી પીઠને ટેકો આપો.

તમારી કોણીઓને એકબીજાની નજીક લાવો, અને તમારા હાથને તમારી પીઠ સાથે ખસેડો, ખભાના બ્લેડ તરફ ઉપર તરફ.કોણીઓને ફ્લોર પર અને હાથને પાછળ દબાવીને પગ અને કરોડરજ્જુ ને સીધા કરતા રહો. તમારું વજન તમારા ખભા અને ઉપલા હાથ પર રાખવું જોઈએ, તમારા માથા અને ગરદન પર નહીં. હવે તમારા અંગૂઠા ઉપર કરો. તમારી ગરદન પર ધ્યાન આપો. ગરદનને ફ્લોર પર દબાવશો નહીં. તેના બદલે ગરદનના સ્નાયુઓને સહેજ કડક બનાવવાની લાગણી સાથે ગરદનને મજબૂત રાખો. ઊંડા શ્વાસ લેતા રહો અને ૩૦-૬૦ સેકન્ડ સુધી આ સ્થિતિમાં રહો. આસનમાંથી બહાર આવવા માટે, ઘૂંટણને કપાળ સુધી નીચે કરો. તમારા હાથને ફ્લોર પર લાવો, હથેળીઓ નીચે તરફ રાખો. માથું ઊંચુ કર્યા વિના ધીમે ધીમે તમારી કરોડરજ્જુને નીચે લાવો, પછી સંપૂર્ણ પીઠ અને અંતે સંપૂર્ણ શરીર જમીન પર. ઓછામાં ઓછા ૬૦ સેકન્ડ માટે આરામ કરો.



### ઉષ્ટ્રાસન

આ આસન થોડું મુશ્કેલ છે, કારણકે તેમાં શરીરને સંપૂર્ણપણે પાછળની તરફ વાળવાનું છે. તેથી એ આસન તમારી શારીરિક મર્યાદાઓનું ધ્યાન રાખીને કરવું. શરૂઆતમાં કોઈ જાણકારની હાજરીમાં અભ્યાસ કરવો. આ આસન કરવા માટે, જમીન પર ઘૂંટણ પર બેસો અને બંને હાથ તમારા કમર પર રાખો. ધ્યાનમાં રાખો કે બંને ઘૂંટણ તમારા ખભાને સમાંતર હોવા જોઈએ. હવે ઊંડો શ્વાસ લો અને કરોડરજ્જુના નીચેના ભાગ પર આગળ દબાણ આપો. આ દરમિયાન, સંપૂર્ણ દબાણ નાભિ પર અનુભવવું જોઈએ. આ પછી, તમારા પગને તમારા હાથથી પકડી રાખો અને તમારી કમરને પાછળની તરફ વાળો. ૩૦-૬૦ સેકન્ડ સુધી આ સ્થિતિમાં રહ્યા પછી, તમે ધીમે ધીમે સામાન્ય સ્થિતિમાં પાછા આવી શકો છો.આ પ્રક્રિયાને ૩-૫ વાર પુનરાવર્તન કરો.

### શલભાસન

આ આસન પણ થોડી શારીરિક તૈયારી માગી લે તેવું છે તેથી શરૂઆત કોઈ જાણકારની હાજરીમાં કરવી જોઈએ.

આ આસન કરવા માટે, પેટના આધારે સૂઈ જાઓ. તમારા બંને પગ એકબીજાની નજીક રાખો. હવે તમારી બંને હથેળીઓને તમારી બંને જાંઘ નીચે રાખો. ચહેરો એવી રીતે રાખો જેથી દાઢીનો ભાગ જમીનને સ્પર્શે. હવે શ્વાસ લેતી વખતે તમારા પગ ઉપર ઉઠાવવાનો પ્રયાસ કરો. ૩૦ થી ૬૦ સેકન્ડ સુધી આ સ્થિતિમાં રહો. પછી તમારી શરૂઆતની મુદ્રામાં પાછા ફરો. આ પ્રક્રિયાનું ૩-૫ વાર પુનરાવર્તન કરો.



### હલાસન

આ આસન કરવા માટે, સૌપ્રથમ પીઠના બળે સૂઈ જાઓ. તમારા હાથ શરીરની નજીક રાખો અને હથેળીઓ જમીન તરફ રાખો. આ પછી, શ્વાસ લેતી વખતે ધીમે ધીમે તમારા પગ ઊંચા કરો અને ૯૦ ડિગ્રીનો ખૂણો બનાવો.

હવે શ્વાસ બહાર કાઢતી વખતે તમારી પીઠ પણ ઊંચી કરો. પછી ધીમે ધીમે તમારા પગના અંગૂઠાને પાછળની તરફ લઇ જઈને જમીન પર સ્પર્શ કરવાનો પ્રયાસ કરો. ૩૦ સેકન્ડ માટે આ સ્થિતિમાં રહો. પછી ફરીથી મૂળ સ્થિતિમાં આવો.આ પ્રક્રિયાને ૩-૫ વાર પુનરાવર્તન કરો.



કોઈપણ યોગમાં શરીરના સામાન્ય કરતાં અલગ વળાંકો હોય છે. તેથી જો કરોડરજ્જુને લગતી કોઈ સમસ્યા હોય, બ્લડપ્રેશર, ગર્ભાવસ્થા, થાયરોઇડની સમસ્યા કે અન્ય કોઈ ક્રોનિક સમસ્યાઓ હોય તો શરીરની મર્યાદાઓને ધ્યાનમાં રાખીને નિષ્ણાતો સાથે અને તમારા ડોક્ટર સાથે ચર્ચા કર્યા પછી જ આસનો કરવા વધુ હિતકારક છે. ■

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

# યોગાસન ચિકિત્સા પદ્ધતિ નથી!



(ગતાંકથી ચાલુ)

જ્ઞાનતંત્રની કાર્યપદ્ધતિના નવસંસ્કરણથી વ્યક્તિના સાંવેગિક જીવનને વધુ સ્વસ્થ બનાવવામાં સહાય મળે છે.

(III) જ્યાં sympathetic જ્ઞાનતંત્રનું આધિપત્ય વધારે પડતું હોય ત્યાં પ્રાણાયામના અભ્યાસથી ઉચિત સમતુલા પ્રાપ્ત કરી શકાય છે. આ સમતોલ જ્ઞાનતંત્ર મનની સમતુલામાં અને આખરે ચેતનાના ઊર્ધ્વીકરણમાં પણ ફાળો આપે છે.

(૫) દીર્ઘ પૂરકના અભ્યાસને પરિણામે ઉચ્છ્વાસનો Tone વધે છે.

(૬) પ્રાણાયામના અભ્યાસ દરમિયાન નાભિથી નીચેનો ભાગ અંદર સંકોચાયેલો રાખવામાં આવે છે. પરિણામે ઉદરપટલ ઊંચો રહે છે. આમ થવાથી છાતીના પોલાણની ખાલી જગ્યા (Dead space volume) ઘટે છે. પેડુના ભાગમાં થતો અનાવશ્યક સંચય અટકે છે.

(૭) શ્વાસોચ્છ્વાસની ક્રિયા દરમિયાન પેડુ, પેટ અને છાતીની અંદરના ભાગમાં દબાણમાં પરિવર્તન (pressure change) થયા કરે છે. પ્રાણાયામમાં આ દબાણ-પરિવર્તનમાં ઘણો વધારો થાય છે. ત્રિબંધ પ્રાણાયામમાં આ દબાણ-પરિવર્તન તેથી પણ વધે છે. પરિણામે આ વિસ્તારમાં રહેલ જ્ઞાનતંત્રની ગ્રંથિઓ (Nerve plexuses)ને ઉત્તેજના મળે છે, જેને લીધે એક અપૂર્વ અને વિશિષ્ટ પ્રકારની સંવેદનાઓ ઉત્પન્ન થાય છે. આ સંવેદનાઓ સાધકની ચેતનાને અંદર વાળે છે અને ચેતનાને અંતરંગ યોગાભ્યાસ તરફ પ્રગતિ કરવામાં સહાયક બને છે.

(૮) પ્રાણાયામના અભ્યાસ દરમિયાન કરોડની અંદર રહેલ પોલાણ (Central canal of spinal cord) અને મગજના પોલાણ (Ventricles of brain)માં દબાણ વધે છે. પરિણામે સમગ્ર જ્ઞાનતંત્રમાં એક વિશિષ્ટ ઉત્તેજના ઉત્પન્ન થાય છે. આ ઉત્તેજનાથી ચેતના અંતર્મુખી બને છે; સાધક સમક્ષ કાંઈક અપૂર્ણ એવી અનુભૂતિઓનાં દ્વાર ખુલ્લાં થાય છે અને વ્યક્તિચેતના વૈશ્વિક ચેતનામાં વિલીન થવા તરફ અગ્રેસર થાય છે.

**૧૨. ઉપસંહારઃ**

ભારતીય સંસ્કૃતિ અને ભારતીય અધ્યાત્મ પરંપરામાં લગભગ સર્વત્ર પ્રાણાયામનો અપૂર્ણ મહિમા ગવાયો છે.

વૈદિક પરંપરા પ્રમાણે કર્મકાંડના યજ્ઞાદિ પ્રયોગોના પ્રારંભમાં જ પ્રાણાયામ કરવાનો હોય છે. 'ત્રિભિઃ પ્રાણાન્ આયમ્ય' આવી સ્પષ્ટ સૂચના અપાય છે. પૌરાણિક કર્મોના પ્રારંભમાં પણ આ જ પરંપરા જળવાયેલ છે.

સનાતન પરંપરામાં સંધ્યાકર્મને ખૂબ મૂલ્યવાન ગણવામાં આવે છે. તેમાં પણ પ્રાણાયામનું અનિવાર્ય સ્થાન છે.

મનુસ્મૃતિ, વસિષ્ઠસંહિતા, યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ આદિ સ્મૃતિગ્રંથોમાં પ્રાણાયામનો અભ્યાસ સૂચવવામાં આવેલ છે અને તેની મહત્તા પણ દર્શાવવામાં આવેલ છે. પુરાણોમાં લગભગ સર્વત્ર પ્રાણાયામનું વર્ણન, ભલામણ અને મહત્તા જોવાં મળે છે.

પ્રાણાયામને આપણી પરંપરામાં એક શ્રેષ્ઠ તપ અને એક મૂલ્યવાન પ્રાયશ્ચિતકર્મ ગણવામાં આવેલ છે.

શ્રીમદ્ ભગવદ્ગીતા અને શ્રીમદ્ ભાગવતમાં પણ પ્રાણાયામની મહત્તાનું વર્ણન જોવા મળે છે.

હઠયોગમાં તો પ્રાણાયામ કેન્દ્રવર્તી સાધના છે. ભગવાન પતંજલિ પ્રણિત રાજયોગમાં પણ પ્રાણાયામ મહત્ત્વનું અંગ છે.

આમ વૈદિક પરંપરાના સર્વ પ્રવાહોમાં પ્રારંભથી અંત સુધી પ્રાણાયામની મહત્તાનું ગાન થયું છે.

આવું છે પ્રાણાયામસાધન અને આવી છે પ્રાણાયામની મહત્તા.

• • •

**યોગાસન એટલે શું?**

૧. પ્રસ્તાવઃ

વર્તમાનકાળમાં યોગાસનના અભ્યાસનો વ્યાપક પ્રચાર થયો છે. ગઈકાલ સુધી થોડા સાધુઓના આશ્રમોમાં સીમિત અને લગભગ ગુપ્તપ્રાય રહેલાં યોગાસનો હવે ચોરે અને ચૌટે પહોંચી ગયાં છે. યોગાસનોનો પ્રસાર થાય, તેમાં કાંઈ ખોટું નથી. લોકો વ્યાપક પ્રમાણમાં યોગાસનોનો અભ્યાસ કરે તે માન્ય અને આવકાર્ય છે, પરંતુ સમસ્યા એ છે કે યોગાસનોની સાથે સાથે યોગાસનોવિષયક ગેરસમજોનો પણ પ્રસાર થઈ રહ્યો છે.

લોકો યોગાસનોના યથાર્થ સ્વરૂપને સમજે અને યોગાસનોનો ઉચિત પદ્ધતિથી અભ્યાસ કરે તો જ તેમનો અભ્યાસ ફળદાયી અને ઉપકારક બની શકે છે. તેથી યોગાસનોના યથાર્થ સ્વરૂપને સમજવાનું કાર્ય આવશ્યક જ નહિ, પરંતુ અનિવાર્ય છે.

આપણી સમક્ષ યોગાસનો વિશે અનેક પ્રશ્નો છેઃ

- યોગાસન ખરેખર શું છે?
- કોઈ પણ આસન ખરેખર યોગાસન ક્યારે ગણાય?
- યોગાસન વિશે શાસ્ત્રોમાં શું કહ્યું છે?
- યોગાસનો વિશે થયેલાં વૈજ્ઞાનિક સંશોધનો શું કહે છે?
- યોગાસનોના અભ્યાસથી શારીરિક, પ્રાણિક, માનસિક અને આધ્યાત્મિક રીતે શું બને છે?
- શારીરિક વ્યાયામની અન્ય પદ્ધતિઓથી યોગાસનો કઈ રીતે જુદાં પડે છે?

આ અને આવા અનેકવિધ પ્રશ્નો જિજ્ઞાસુઓના ચિત્તમાં ઉપસ્થિત થાય છે. આપણે અહીં યોગાસનો વિષયક આ પ્રશ્નોના ઉત્તરો મેળવવા પ્રયત્ન કરીએ.

૨. યોગાસન શું નથી?

સામાન્ય જનસમાજમાં યોગાસનવિષયક ઘણી ગેરસમજ પ્રવર્તે છે. આ ગેરસમજનું નિરસન થાય તે આવશ્યક છે. તેથી આપણે યોગાસન શું છે, તે સમજતાં પહેલાં યોગાસન શું નથી તે સમજી લઈએ.

(૧) યોગાસન શારીરિક વ્યાયામ પદ્ધતિ નથીઃ

પ્રથમ દૃષ્ટિએ યોગાસન શરીરની ક્રિયા લાગે છે અને તેથી યોગાસન પણ શારીરિક વ્યાયામની એક પદ્ધતિ છે, તેવી ગેરસમજ થવા પામી છે. યોગાસનના અભ્યાસનો પ્રારંભ શરીરથી થાય છે, છતાં આ અભ્યાસ શરીર પર જ અટકી જતો નથી. તેનાં પરિણામો પ્રાણ અને મન સુધી પહોંચે છે અને તેનું મુખ વસ્તુતઃ અધ્યાત્મ તરફ છે. તેથી આપણે સ્પષ્ટ રીતે સમજી લેવું જોઈએ કે યોગાસન શારીરિક વ્યાયામની પદ્ધતિ નથી. યોગાસન શારીરિક વ્યાયામ કરતાં ઘણી ગહન ઘટના છે.

(૨) યોગાસન ચિકિત્સા પદ્ધતિ નથીઃ

વર્તમાનકાળમાં રોગમુક્તિ માટે લોકોએ યોગ તરફ અને ખાસ કરીને યોગાસન તરફ દોડ મૂકી છે. યોગાસનના અભ્યાસથી શારીરિક-માનસિક સ્વાસ્થ્યની જાળવણીમાં સહાય મળી શકે તેમ છે અને યોગાસનના અભ્યાસથી શરીર- મનના કેટલાક રોગોમાંથી મુક્તિ મળી શકે તેમ છે, તે પણ સાચું છે, પરંતુ આ સર્વ તો યોગાસનના અભ્યાસની આડપેદાશ છે. યોગાસનના અભ્યાસનું પ્રધાન લક્ષ્ય ચિકિત્સા નથી. અષ્ટાંગયોગ અધ્યાત્મવિદ્યા છે અને યોગાસન અષ્ટાંગયોગનું એક અંગ છે. યોગાસનનું મુખ શરીર-મનની ચિકિત્સા તરફ નહિ, પરંતુ આધ્યાત્મિક વિકાસ તરફ છે.

(૩) યોગાસન હેરત પમાડે તેવા અંગકસરતના પ્રયોગો નથીઃ

સરકસના ખેલાડીઓ હેરત પમાડે તેવા અંગકસરતના પ્રયોગો કરતા હોય છે. વ્યાયામવીરો પણ આવા પ્રયોગોનું પ્રદર્શન કરતા હોય છે. કેટલાંક યોગાસનો ખૂબ કઠિન છે અને તેમના પ્રયોગોનું પ્રદર્શન લોકોની તાલીઓ મેળવી શકે તેમ છે, પરંતુ સાવધાન! આવા પ્રયોગો કે તેમનું પ્રદર્શન યોગ નથી. યોગાસનના અભ્યાસનું મુખ સમાધિ પ્રત્યે છે. લોકો હેરત પામી જાય તે પ્રકારના અંગકસરતના પ્રયોગો કરવા તે યોગાસનનું યથાર્થ સ્વરૂપ નથી અને યોગાસનના મૂળ સ્વરૂપ સાથે આવા પ્રયોગો સુસંગત પણ નથી.

(૪) યોગાસન ચમત્કારિક શક્તિઓની પ્રાપ્તિ માટે નથીઃ

કેટલાક મદારીઓ, જાદુગરો, તમાશગીરો લોકો સમક્ષ શરીર-મનની અસાધારણ શક્તિઓનું પ્રદર્શન કરતા હોય છે અને પોતે આ શક્તિઓ યોગાસન કે યોગના અભ્યાસથી પ્રાપ્ત કરેલ છે, તેવો દાવો કરતા હોય છે. આથી લોકોના ચિત્તમાં એવી ગેરસમજ જન્મે છે કે યોગાસન આવી અસાધારણ શક્તિઓની પ્રાપ્તિ માટેની સાધના છે.

આ ગેરસમજ ભ્રામક અને ગેરમાર્ગે દોરનારી છે, તેથી તેનું નિરસન થવું જોઈએ.

યોગાસન ચમત્કારિક શક્તિઓની પ્રાપ્તિ માટેનો અભ્યાસ નથી. યોગાસનનો અભ્યાસ અધ્યાત્મપથ પર સહાયક અભ્યાસ છે અને બાકી બધું યોગાસનનાં મળમૂત્ર છે, તેમ સમજવું જોઈએ.


(૫) યોગાસન એટલે યોગ નહિઃ

કેટલાક લોકો માત્ર યોગાસનને જ યોગ માની લેવાની ભૂલ કરી રહ્યા છે. તેઓ માત્ર થોડાં યોગાસનોનો અભ્યાસ કરે છે અને માને છે કે તેઓ યોગાભ્યાસ કે યોગસાધના કરી રહ્યા છે.

(ક્રમશઃ)■

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

# સંગીતના અસુરને આ સૂર કેમ સમજાય?



વહેલી પરોઢે કોયલનો મધુર ટહુકાર હોય કે રાતના અંધારામાં કોઈ શ્વાનનું બોરિવલીથી વિરાર જેવડું 'વાઉઉઉ...' કરતું પોક મુકાતુ લાંબું રુદન હોય પણ મારા બાપાના બાપા, એના બાપાના બાપા, એના બાપાના બાપાના બાપા એવા દૂર સુધીના અગણિત બાપાઓથી મારા હાલના હયાત બાપુજીને મધુર સંગીત જ સંભળાતુ. એમ કરતાં અમારા ખાનદાનમાં સંગીત એવું વણાઈ ગયું કે તમે નહીં જ માનો,પણ પરિવારમાં કોઈનેય કોઈ અંગ પર ઉઝરડો પડે ને વાગે તો હાર્મોનિયમની કાળી-ધોળી પટ્ટીઓના દર્શન થતા. ઇવન કોઈ રકતદાન કરવા જાય તો નર્સને પણ અંદર નસના બદલે ગિટારનાં તાર દેખાતા..!

યેસ, આઈ એગ્રી કે મારા બાપામાં ખાનદાની કદાચ ઓછી હશે પણ સંગીત તો એમનાં અંગેઅંગમાં, અણુઅણુમાં, રોમેરોમમાં એવું ફેલાયેલું કે ધીરે ધીરે બા સામે ઊંચી ઊંચી ફેકવા લાગ્યા ને કૂતરું ન્હોતું કરડ્યું તો પણ બાને ધનુરના ૧૪ ઈંજેક્શન લેવાં પડેલાં. એ કેવી કેવી ફેંકતા એ પણ જાણી લો...

'યુ નો ? આ રાહુલને કોણે તૈયાર કર્યો?' બાપુજીની ફેકું શરૂઆત.

'સોનિયાએ.' બાનો જવાબ

'અરે ડોબી, એ પપુ રાહુલની વાત નથી કરતો. રાહુલદેવ બર્મન- સંગીતના શહેનશાહ, જેમનો આ ૨૭ જૂને જન્મ દિવસ ઉજવાશે. મૃત્યુ પછી પણ બધાના જન્મદિન ઉજવાય એવા બધાના નસીબ નથી હોતા. કેવું નઇ? જન્મદિવસે જાતે મીણબત્તી પ્રગટાવે, ને મૃત્યુદિને બીજા ચિતા પ્રગટાવે..વોટ એ ટ્રેજેડી.... મૂળ વાત યુ નો એ રાહુલદેવ બર્મનને સંગીત માટે ગિટાર કોણે ભેટ આપેલી? આ બંદાએ, અને પેલા.. તંબૂરા જેવું વગાડે છે એ...શું નામ... હા શ્રી શ્રી રવિશંકરને સિતારવાદન કોણે શિખવાડેલુ?

'તારા પતિએ.'

'અરે ડોબાશંકર, પ્લીઝ બફાટ ન કરો એ શ્રી શ્રી રવિશંકર નઇ પણ પંડિત રવિશંકરને... હે પ્રભુ, ગગાને આ ભેદ કોણ સમજાવશે?'

'પણ રવિશંકર તો છે ને? આ તારા વિરાટ કોહલીને ગઝલ ગાતો કોણે કર્યો? મેં! ' બાપુએ પાછું ફેક્યું.

'માર્યા ઠાર, આમાં ગઝલ તંબૂરામાંથી આવે? અરે વિરાટ તો મહાન ક્રિકેટર છે.' બા અંદરથી સળગી ઊઠયાં.

'ખબર છે હવે એટલે તો ગઝલ શિખવાડવી પડે, ભલેને એ આપણને ક્રિકેટ ન શીખવાડે પણ મારું મન મોટું છે. આ જગુને પણ ગઝલ ગાતો મેં જ કરેલો..'

'જગુને?' એ વળી કોણ?

'અરે જગુ એટલે જગજીતસિંહ ડોબી, આ તારા શંકર જયકીશનો, લક્ષ્મી-પ્યારેઓ, કલ્યાણજી-આણંદજીઓ, ને મદન- મોહન જેવી સંગીતકાર બેલડીઓને કયું ધન ક્યાં વાપરવું... સોરી કઇ ધૂન ક્યાં વાપરવી એ જ્ઞાન કોણે આપેલું? આ બંદાએ...'

'પણ મારા બાપ , મદનમોહન અલગ ન્હોતા. એ જોડીમાં કંકોડામાંથી આવે?' બાની છટકી

'એકઝેટલી, હું પણ એ જ કહું છું કે સંગીત માટેની ધગશ હોય, કાબેલિયત હોય, દિવસરાત મહેનત કરવાની તૈયારી હોય તો ક્યાં પહોંચી શકાય એનો જીવતો જાગતો પુરાવો એટલે મદનમોહન માલવિયા.' બાપા ફેંકવામાં પાછા પડતાં જ ન્હોતા.

'એ જમાનામાં એક સંગીતકાર પણ જોડીમાં સંગીત આપતો..' ત્યાં તો બાએ પોતાના જ માથાં પર ચાર પાંચ ટપલી ઠોકી દીધી.

એકવાર અચાનક અડધી રાત્રે બાપુજી પલંગ પર ઉછળ્યાં ને મુખમાંથી શબ્દો સર્યા 'આહાહાહા વાહ વાહ કયા બાત હૈ.. દુબારા દુબારા.. વાહ સુભાન-અલ્લાહ....'

'અબે એય સુભનલ્લા. શું થયુ?' બાજુમાં સૂતેલા બાએ દુકાનનું શટર પરાણે ખૂલતું હોય એમ આંખોના પોપચાં અડધા ઉઘાડયાં:

'રાત્રે એક વાગે શું બબડો છો?'

'શીઇઇઇઇસ' બાપુજીના બે હોઠ વચ્ચેથી બોડી સ્પ્રે છંટાતો હોય એવો સિસકારો નીકળ્યો :

'સંભળાય છે વ્હાલી તને સંભળાય છે? જો કોઈ મીઠા સંગીતના સૂર છેડી રહ્યું છે. તું આખો દિવસ જીભડીનો ઉપયોગ કરે છે તો ભગવાને તને સાંભળવા બે કાન પણ આપ્યા છે એનો ઉપયોગ કર..'

'અરે મેરે લલ્લુરામ, સૂઈ જાઓ છાનામાના ને સુવા દો. કોઈ સૂર-બુર છેડતું નથી ....આ તો બિલ્ડિંગમાં કૂતરાના રડવાનો અવાજ છે'

'વાહ તો તો આનંદ-કમ-આશ્ચર્ય! શું રડે છે, યાર એની સાથે રડતાં એના સાથીદારો, સગાં વ્હાલાં સૂર પુરાવે ત્યારે કેવું સુંદર સંગીતમય વાતાવરણ ઊભું થાય છે શ્વાનના કંઠમાંથી નીકળતું એક વખતનું 'વા' ત્રણ વખતનું 'આઆઆ' પછી ખેચાતુ લાંબું 'ઉઉઉ, જે તાલબધ્ધ રડે છે, વાહ દાદ આપવી જોઈએ દાદ..'

'અરે દાદ નઇ એને દૂધ પીવડાવવાની જરૂર છે. એ ભૂખે રડે છે. દૂધ પીધા પછી એનો સૂર ને તમારી દાદ તળિયે જતી રહેશે, સમજ્યા?'

'અપમાન, ઘોર અપમાન, સંગીતમય રૂદનનું ખતરનાક અપમાન ....નઇ સમજાય, તને નઇ સમજાય તુજે સૂરકી સમજ નહીં આઈ...અરે તારા પેલા ચવાયેલા ૧૬ એમેએમના બગાસા ખાતા ડાયરાના હે જી રે.. કરતાં માથામાં વાગે એવા રાગડા કરતાં સારું છે.

સાંભળ સાંભળ એક પછી એક શ્વાનના સૂર...કેવા લયબધ્ધ'!

'અરે મને કહો છો કાન સાંભળવા આપ્યા છે તો બુધ્ધિ પણ વાપરવા માટે આપી છે. સમજ્યા? આ કોયલથી કૂતરા સુધી કોઈ પણ પશુ-પંખી ધારે તોયે બીજો સૂર કાઢી શકતા નથી. ઈશ્વર જાણે આપણા બંનેનો સૂર ક્યારે મળશે?'

'આ તું મને કહે છે? એક સુંદર ગાયકની ઈજ્જતનો ફાલૂદો કરે છે? હું સૂર સર્જ્યા વગર પણ ગાઈ શકું એનું જ્ઞાન છે ને? પણ તારા જેવા અસુરને સૂરની શું સમજ પડે? હું જ્યારે બાથરૂમમાં ગાઉ છું ત્યારે રફી સાહેબ, મુકેશ, મન્નાડે કે મહેન્દ્ર કપૂર બધા ગાયકો પાણી કમ ચા...'

'બસ, હવે તમે ફેંકવાની હદ વટાવો છો' બામાં ડાકુરાણી ગંગા પ્રવેશી:

'નથી માનતી? તારે સાંભળવુ છે? એટલું બોલી બાપુજી બાથરૂમમાં ગયા ને બાએ બહારથી કડી મારી દીધી, પૂરી દીધા.

મિત્રો, અહીં રહસ્ય એ છે કે હજી મારું આ દુનિયામાં આગમન થયું નહોતું...આગમન પછીની વાત આવતા મંગળવારે....શું કહો છો? ■

feedback@bombaysamachar.com
વિશેષ
ખુશ્બુ મુલાણી ઠક્કર

# પરિવારના સાથ સાથે સ્વાદ પીરસતી...

આજના આધુનિક યુગમાં ઘર ચલાવવાની જવાબદારી માત્ર એક જ વ્યક્તિની નથી, પણ બન્ને જીવનસાથીઓની બને છે. આર્થિક સંજોગો બદલાય છે, સ્થિતિઓ બદલાય છે, એક બીજાને સમજવાના માપદંડ બદલાય છે. ઘર બન્ને જીવનસાથીની સંયુક્ત જવાબદારી છે જ્યાં સહયોગ, સમજૂતી અને સહભાગિતા જરૂરી બને છે. ઘણી વખત એવું સાંભળ્યું હશે કે, એક મહિલાએ તેના પતિના ધંધામા સાથ આપ્યો હોય અને તેઓ ક્યાંના ક્યાં પહોંચી ગયા, પરંતુ એવું બહુ ઓછું સાંભળ્યું હશે કે, એક પતિએ કોઈ મહિલાને સાથ આપ્યો હોય અને તેઓએ ખૂબ જ સફળતા પ્રાપ્ત કરી હોય. મુંબઈ સમાચારે અમુક એવી મહિલાઓ સાથે વાત કરી છે જેઓએ પોતે મહેનત કરી આગળ આવ્યા છે. ચાલો જાણીએ તેમના અનુભવો વિષે,



ગીતા સરૈયા

વિરાર વેસ્ટમાં રહેતા ૬૮ વર્ષીય ગીતા સરૈયા કે જે કેટરિંગના ઉદ્યોગમાં છેલ્લાં ૨૫ વર્ષથી છે તેઓ જણાવે છે કે, 'મારા લગ્ન થયા ત્યારે અમારું કપડાંનું કારખાનું હતું. ધંધો સારો ચાલે પરંતુ કારીગરોના હિસાબે ખૂબ જ હેરાન થવું પડતું હતું. તેથી મેં ઘરે રહીને કઈક આવક ઊભી કરવાનો વિચાર કર્યો. મને બાળપણથી જ ખાવાનું બનાવવાનો ખૂબ જ શોખ હતો. મને ઊંધિયું ખૂબ જ ભાવે અને બનાવવું પણ એટલું જ ગમે.જ્યારે હું ઊંધિયું બનવું ત્યારે હું મારા મિત્રો, પાડોશી અને મારા કઝિન્સને હંમેશાં આપતી. એક વખત મારી બહેને કહ્યું કે, તું ઓર્ડર કેમ નથી લેતી? બસ, ત્યારથી પાછા વળીને જોયું નથી. ક્યારેક એવું બનતું હોય છે કે આપણી આવડતના જયારે બીજા કોઈ વખાણ કરે ત્યારે આપણને આપણી કિંમત સમજાય. સૌથી પહેલો ઓર્ડર મેં ૫ કિલો ઊંધિયાનો લીધો હતો. ત્યાર બાદ મેં થેપલા સપ્લાઈ કરવાનું ચાલુ કર્યું. એક વસ્તુ મેં પહેલેથી જ વિચારેલી કે, મારે બલ્ક ઓર્ડરમાં જ કામ કરવું છે. જેમ જેમ આપણે વિચાર કરતા જઈએ તેમ આપણને કુદરતી સહાય મળતી જ રહે છે શર્ત માત્ર એટલી જ કે, તમારા વિચારો મક્કમ હોવા જોઈએ અને કામ કરવાની ધગશ હોવી જોઈએ. ધીરે ધીરે મેં થેપલા અને રોટલી હોટલોમાં સપ્લાઈ કરવાનું ચાલુ કર્યું. ત્યાર બાદ સીઝમાં દાબેલી આપવાનું ચાલુ કર્યું. જેમ જેમ ઓર્ડર મળતા ગયા તેમ તેમ કોન્ફિડન્સ પણ વધતો ગયો.'

ગીતાબહેન આગળ જણાવતા કહે છે કે, 'જ્યાં સુધી કંઈ ચાલુ ન કરીયે ત્યાં સુધી બધું જ અઘરું લાગે છે. હું ઘરમાં રસોઈ કરું અને મારા પતિ મને ડિલિવરી કરવામાં મદદ કરે. ત્યાર બાદ મેં કેટરિંગ ચાલુ કર્યું. સૌથી પહેલો ઓર્ડર મેં ૩૫ જણનો લીધેલો. રિસ્પોન્સ સારો આવતા એમાં શું નવું આપી શકીએ તે વિચારવાનું ચાલુ કર્યું. કેટરિંગ સાથે સાથે એક બાજુ માત્ર ફરસાણ ચાલુ કર્યા. ફરસાણ એટલે કે, ખાંડવી, ઢોકળા, પાત્રા, ચાઈનિઝ સમોસા, અમીરી ખમણ અને અમારી સૌથી વધુ પ્રચલિત વાનગી એટલે કે, દાબેલી ઢોકળા.

ગીતાબહેન આગળ જણાવતા કહે છે કે, 'કેટરિંગ ચાલુ કરવું એ સેહલું નહોતું. તમારી પાસે મેન્યુની વિશેષતા અને હેલ્પર હોવા જોઈએ. સાથે સાથે મેન્જમેન્ટ પણ એટલું જ જરૂરી છે. અમુક વાનગીઓ એટલે કે, દાળ, ભાત, શાક ઘરેથી બનાવીને લઇ જવા પડે અને જે ફરસાણ હોય તેને હાફ ફ્રાઈ કરીને લઇ જવાના. પુરી અને ફરસાણ ગરમ જ હોવા જોઈએ. સૌથી પહેલો ઓર્ડર ૩૫ જણનો હતો અને હાલમાં હું ૫૦૦ સુધી કેટરિંગના ઓર્ડર લઉં છું. ઉંમરના હિસાબે બધે નથી પહોંચી શકાતું. થાળીમાં પણ વેરાઈટી રાખી છે. જેમકે,૧૫૦ રૂપિયાથી લઈને ૩૦૦ રૂપિયા સુધીની થાળી રાખી છે. મારે ઓછી કિંમતે સારો અને શુદ્ધ માલ આપવો છે. મારે ઘર ઘરમાં પહોંચવું છે. મારી પાસે વધારે કિંમતની થાળી પણ છે, પરંતુ જેઓનું બજેટ નથી તેઓને હું નારાજ નથી કરતી. મારાથી જે બને તે હું કરી આપું છું. આજે આખો પરિવાર મારી સાથે જોડાઈ ગયો છે અને મને સાથ આપે છે. મારું બધાને એમ જ કહેવું છે કે, જો તમારા જીવનસાથી ક્યાંક પાછા પડે તો તમે આગળ ચાલીને તે ખાડો પૂરી શકો છો. આપણા બધામાં કોઈ એવી એક ટેલેન્ટ હોય જ છે જેને આપણે વ્યવસાય બનાવી શકીએ. જરૂર છે માત્ર તમારામાં છુપાયેલા હુનરને ઓળખવાની. '



મીના પરમાર

ઘાટકોપર ઇસ્ટમાં રહેતા ૫૩ વર્ષીય મીના બહેન પરમાર કે જે ૩૮ વર્ષથી થેપલા બનાવે છે તેમનું કહેવું છે કે, 'મારા લગ્ન ૧૭ વર્ષની ઉંમરે થયા હતા. મને હંમેશાં કંઈક ઠોસ કરવાની ઈચ્છા હતી એટલે કે હું જે પણ કઈ કરું તેમાં મારું નામ થાય. લગ્ન જલ્દી થવાને કારણે મેં મારા પતિને તેમના કામમાં મદદ કરવાનું વિચાર્યું અને સાથે સાથે મહિલાઓને જરૂરિયાતની વસ્તુઓ વેચતી. સુરતથી સાડીઓ લાવીને વેચતી. આટલા વર્ષોમાં ખ્યાલ આવી ગયો હતો કે કોઈ એકની ઇન્કમ પર ઘર નહિં ચાલે અને મારે કઈક કરવું તો પડશે જ. મને પહેલેથી જ થેપલા બનાવવાનો ખૂબ જ શોખ હતો. મને જયારે લગ્ન માટે પસંદ કરવાં આવ્યા હતા ત્યારે પણ હું થેપલા જ બનાવતી હતી. મેં મનમાં વિચારી લીધું કે જેનો શોખ છે તે વસ્તુને હું મારો વ્યવસાય કેમ નથી બનાવતી? ગમતી વસ્તુ કરવાનો ક્યારેય થાક કે કંટાળો ન આવે. વાત સો ટકાની પરંતુ શરૂઆત કેમ કરવી? એટલે મેં વિચાર્યું કે કોઈના ઘરે રોટલી બનાવવાનું કામ ચાલુ કરું અને જેમના પણ ઘરે જાવ ત્યાં મારા થેપલાંની વાત કરીશ. ક્યારેક તો ઓર્ડર મળશે. કઈક કરવા માટે ઘરની બહાર નીકળવું જરૂરી છે. ધીરે ધીરે થેપલાંના ઓર્ડર મળવાના ચાલુ થયા. પહેલો ઓર્ડર ૧ કિલો થેપલાંનો હતો. કામ કરતા કરતા મને બીજું એક ઘર મળી ગયું જેમાં મારે માત્ર રોટલી કરવાની. બીજા ઘરનું કામ મળ્યું અને બીજો એક વિચાર આવ્યો કે હું કોઈ રિટેલ શોપવાળાને ત્યાં મારા થેપલા અને રોટલી આપું. બસ વિચાર આવ્યો નથી કે તેને અમલમાં મુક્યો નથી. સાથે સાથે હું થેપલા બનાવવાની કંપનીમાં જોડાઈ ગઈ, જેથી મારી થેપલા વણવાની ઝડપ વધી ગઈ. હું દિવસના ૬૦ થી ૬૫ કિલો થેપલા કરતી અને તેની મજૂરી ખૂબ જ ઓછી, પરંતુ જો કઈ શીખવું હોય તો ભોગ આપવો પડે.

મીના બહેન આગળ જણાવતા કહે છે કે, ભલે મને ૬૦-૬૫ કિલો થેપલા કરવાની મજૂરી ખૂબ જ ઓછી મળતી , પરંતુ મારો હાથ ખૂબ જ સારા બેસી ગયો હતો. સાથે સાથે હું મારા બનાવેલા થેપલા પણ વેચતી. આજે તમને ૩૦ કિલો થી લઇ ૫૦ કિલો જેટલા થેપલા ૧ દિવસમાં મળી રહેશે માત્ર ૧ દિવસ પહેલા જણાવવાનું હોય છે. મેં મક્કમ રહીને વિચારેલું કે, મારી માસ્ટરી માત્ર થેપલા, રોટલી અને પરોઠામાં કરવી છે. ધીરે ધીરે બધી દુકાનોમાં હું થેપલા, રોટલી અને પરાઠા આપતી રહી. ૧ કિલો થેપલાંથી શરૂ કરેલું કામ ક્યારે ૭૦ કિલો થેપલા સુધી પહોંચી ગયું એની ખબર જ ન પડી. હવે તો મને બધા મીનાબહેન થેપલાવાળા તરીકે ઓળખે છે. આ ઓળખ માટે મેં કેટલો ભોગ આપ્યો છે અને કેટલો અથાગ પરિશ્રમ કર્યો છે તે મારું મન જ જાણે છે.

મીના બહેન આગળ જણાવતા કહે છે કે જો તમારે માર્કેટમાં ઊભા રહેવું હોય તો તમારે કઈક નવું કરવું પડે. એટલે મેં થેપલાંમાં વેરાઈટી આપવાનું ચાલુ કર્યું એટલે કે, સાદા થેપલા, મેથી વાળા, ગાર્લિક, કોથમીર અને બાજરા મેથીના થેપલા. આવી રીતે મારી પાસે ૫થી ૬ ટાઈપના થેપલાં મળી રહે છે. સાથે સાથે એવો પણ વિચાર આવ્યો કે, જે પણ ઓર્ડર લેવા આવે ત્યારે જો કોઈ સૂકો નાસ્તો રાખ્યો હશે તો તે પણ ઊપડશે. એટલે મેં ૬ થી ૭ બેઝિક સૂકા નાસ્તા વેચવાનું ચાલુ કર્યું. એમાં પણ મને સારો પ્રતિસાદ મળ્યો. હવે મેં બે બહેનો રાખ્યા છે. આ બધું કામ નાના પાયાથી મોટા પાયા સુધી લઇ જવામાં માત્ર એક વાતનો સંતોષ હતો કે મારે કોઈની પાસે મારી જરૂરિયાત પૂરી કરવા માટે હાથ નહિં લંબાવવો પડે. અને જ્યારે આપણે આપણા પૈસા ખર્ચ કરીયે ત્યારે તેનો આંનદ જ કઈક અલગ હોય.. મીનાબહેન પોતાની વાત પૂરી કરતા કહે છે કે, ગૃહિણીઓ પાસે એટલી બધી કળાઓ અને ખૂબીઓ હોય છે કે તેઓ તેને ઓળખીને આગળ લાવી શકે અને તમે તમારા શોખને વ્યવસાયમાં બદલી શકો. ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# રામબુતાન

## એક એવું ફળ જે અનેક બીમારીમાં કારગર



**ભારતમાં** એવાં અનેક ફળો છે જેને વિશે મોટાભાગના લોકોને જાણકારી હોતી નથી. કેમ કે આ ફળ બજારમાં સરળતાથી મળવા મુશ્કેલ છે. મોસમી ફળોમાં તેની ગણના થાય છે. આજે આપણે જે ફળ વિશે વાત કરવાના છીએ તેનું નામ છે 'રામબુતાન'. આ ફળના માવામાં અનેક આરોગ્યવર્ધક ગુણો સમાયેલાં છે. ફળની વિશિષ્ટતા એટલે ખાસ વરસાદી મોસમમાં બજારમાં દેખાય છે. વળી સામાન્ય ફળની તુલનામાં આવા ક્યારેક જોવા મળતાં ફળમાં અનેક સ્વાસ્થ્ય સબંધિત ગુણો સમાયેલાં છે. તેથી જ આવા ફળનો ઉપયોગ ઔષધી બનાવવામાં મોટે ભાગે થતો હોય છે. રામબુતાન..... મલય શબ્દ 'રમ્બૂટ'થી આવ્યો છે. જેનો અર્થ થાય છે 'વાળ'. કારણકે ફળની બહારની સંરચના વાળ જેવી છે. વાળવાળા ફળ તરીકે ઓળખ ધરાવે છે. તેથી તેનું આ નામ પાડવામાં આવ્યું 'રામબુતાન'.

રામબુતાનના વૃક્ષ ઉપર ફૂલ આવવાથી ફળ બનવાની ક્રિયામાં ઓછામાં ઓછો ત્રણ માસનો સમય લાગે છે. ફળ દ્રાક્ષની જેમ ગુચ્છામાં ઊગે છે. તોડ્યા બાદ તેને ઝડપથી ખાઈ લેવાં આવશ્યક છે. કેમ કે લાંબા સમય સુધી રાખવાથી ફળનો રસ સૂકાઈ જાય છે. રામબુતાન ફળ માટે એવું કહેવાય છે કે તેની છાલમાં ફેલોનિક નામક કમ્પાઉન્ડ સમાયેલું છે. જે હાડકાંના સ્વાસ્થ્ય માટે લાભકારક ગણાય છે. હાડકાંને મજબૂતાઈ આપવાની સાથે તેનું ઘનત્વ વધારવામાં મદદ કરે છે. તેથી જ આહાર તજજ્ઞો આવા વિશિષ્ટ ફળ ખાવાની સલાહ આપે છે. રામબુતાન ફળનું વૈજ્ઞાનિક નામ નેફેલિયમ લૈપેસિયમ છે દક્ષિણ-પૂર્વ એશિયાનું ફળ ગણાય છે. સૈપિન્ડાસી પરિવારનું સદસ્ય ગણાતું આવ્યું છે. જેમાં લીચી તથા લોગન જેવા ફળનો સમાવેશ કરવામાં આવે છે. આ ફળને મલેશિયા, થાઈલૅન્ડ, વિયેતનામ, ફિલિપાઈન્સ તથા ઈન્ડોનેશિયામાં સૌથી વધુ ઉગાવવામાં આવે છે. રામબુતાન એક આગવી ઓળખ ધરાવતું ફળ ગણાય છે. કેમ કે આ ફળનો માવો મીઠો તથા રસદાર હોય છે. તેથી જ આ ફળનો ઉપયોગ નાના-મોટા પ્રત્યેક વ્યક્તિ કરે છે. ઉપરથી દેખાવમાં અત્યંત વાળવાળું હોવા છતાં અંદરથી રસદાર-સ્વાદિષ્ટ ફળમાં ગણના થાય છે.

ભારતમાં રામબુતાનની વિવિધ જાતો ઉગાવવામાં આવેલી છે. જેના સ્વાદ-રૂપ તથા રંગમાં વિવિધતા જોવા મળે છે. રામબુતાનની લોકપ્રિય જાતીમાં રોગંડોર, ઓલૌર તથા કર્ણાટકનો સમાવેશ થાય છે. ભારતનાં દક્ષિણી રાજ્યોમાં તેનો પાક વધુ થતો જોવા મળે છે. દેખાવમાં ફળ ગુલાબી, લાલ, પીળું, નારંગી, ચમકદાર લાલ તથા ઘેરા મરૂન રંગનું હોય છે. રામબુટાન, રામબુતાન, રામબાઉટન કે રામબુસ્તાન જેવાં વિવિધ નામોથી લોકો ઓળખે છે. ભારતના અન્ય ભાગમાં તેની ખેતી ઓછી જોવા મળે છે.

ભારતની વિવિધ ભાષામાં તેને અલગ અલગ નામે ઓળખવામાં આવે છે જેમ કે અંગ્રેજીમાં રામબુતાન, હિન્દીમાં રામબુટન, યા પુલાસન, કન્નડમાં હુજરાના, તમિળમાં રામબુસ્તાન.

### રામબુતાન ફળના આરોગ્યવર્ધક ગુણ

**અનેક વિટામિનથી ભૂરપૂર :** રામબુતાનમાં અનેક વિટામિન સમાયેલાં છે જેમ કે વિટામિન સી, વિટામિન એ, પોટેશિયમ, આયર્નની સાથે ખનીજની માત્રા સમાયેલી છે. આમ એક નાના અમથાં ફળમાં શરીરને આવશ્યક પોષક ગુણો મળી રહે છે.

**ઍન્ટિ-ઍજિંગ માટે ઍન્ટિ-ઓક્સિડન્ટ:** રામબુતાનમાં વિટામિન સીની સાથે કૈરોટીનૉઈડ તથા ફેનોલિક જેવા ઍન્ટિ-ઓક્સિડન્ટ હોય છે. ઍન્ટિ-ઓક્સિડન્ટ શરીરને મુક્ત કણોથી થતી હાનિથી બચાવવામાં મદદ કરે છે. વળી જૂની બીમારીના ખતરાથી બચાવવામાં મદદ કરે છે. વધતી વયને ધીમી કરવામાં મદદ કરે છે.

**હૃદયની તંદુરસ્તી માટે ગુણકારી :** રામબુતાન ફળમાં પોટેશિયમની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી છે. જેને કારણે બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખવામાં મદદ કરી શકે છે. હૃદયરોગનો ખતરો ઘટાડવામાં મદદ કરી શકે છે. વળી તેમાં સમાયેલું ઍન્ટિ-ઓક્સિડન્ટ ઓક્સિડેટિવ સ્ટ્રેસ તથા સોજો ઘટાડવામાં મદદ કરીને હૃદયની તંદુરસ્તી સુધારવામાં મદદ કરી શકે છે.

**શરીરને તાજગી બક્ષે છે :** રામબુતાન ફળ નાનું હોવા છતાં તેમાં પાણીની માત્રા અધિક છે જેને કારણે તેનું સેવન કરવાથી શરીર તાજગી અનુભવે છે. શરીરમાં પાણીની યોગ્ય માત્રા જળવાઈ રહે તે આવશ્યક છે. જે રામબુતાન ફળના સેવનથી મેળવી શકાય છે.

**હાડકાંની મજબૂતાઈ માટે ગુણકારી :** રામબુતાનમાં કેલ્શિયમ તથા ફોસ્ફરસ જેવાં મિનરલ્સ સમાયેલાં છે. જે હાંડકાંને મજબૂત બનાવવામાં ઉપયોગી ગણાય છે. વળી તેનું સેવન કરવાથી ઑસ્ટિયોપોરોસિસ જેવી સમસ્યાથી બચાવે છે.

રામબુતાન ફળની છાલ કાઢીને તેનું સેવન કરવામાં આવે છે. અંદરનો સફેદ માવો રસદાર હોવાની સાથે સ્વાદસભર છે. રામબુતાનનો અન્ય રીતે ઉપયોગ કરવો હોય તો સલાડ, મિલ્કશૅક, જામ, સ્મૂધી કે તેની મીઠાઈ બનાવીને ખાઈ શકાય છે.

**ત્વચાને ચમકદાર બનાવવામાં ગુણકારી :** ત્વચાને ચમકદાર બનાવવામાં રામબુતાન ફળનો ઉપયોગ ગુણકારી ગણાય છે. તેનો આહારમાં સમાવેશ કરવાથી સ્વાસ્થ્ય સંબંધિત અનેક ફાયદા મેળવી શકાય છે. ત્વચા ચમકદાર બનવાની સાથે વાળને મજબૂતાઈ બક્ષવાનું કામ કરે છે. ખરતાં વાળને અટકાવવામાં ગુણકારી ગણાય છે.

**પાચનતંત્રને સુધારવામાં ગુણકારી :** આપણે ત્યાં કહેવત છે કે જેનું પેટ ખરાબ તેને સો બીમારી. રામબુતાનમાં ફાઈબરની માત્રા અધિક હોય છે. જે કબજિયાતની તકલીફથી બચાવ કરે છે. ફાઈબરયુક્ત આહાર લેતી વ્યક્તિને ક્યારેય પાચનતંત્રની તકલીફની સમસ્યા સતાવતી નથી. ફાઈબર નિયમિત મળ ત્યાગમાં મદદ કરવાની સાથે માઈક્રોબાયોનને સમર્થન કરવામાં મદદ કરે છે. જે સમગ્ર પાચન-સ્વાસ્થ્ય માટે આવશ્યક છે.



### રામબુતાન-સ્ટ્રોબેરી શૅક


૧૦ નંગ રામબુતાન, ૪ નંગ સ્ટ્રોબેરી, ૧ ચમચી ફુદીનાના પાન, ૨ નંગ ખજૂર, ૫૦૦ ગ્રામ દૂધ, ૨ મોટી ચમચી મિલ્કમૅડ, સ્વાદાનુસાર દળેલી ખાંડ. સજાવટ માટે રામબુતાન તથા સ્ટ્રોબેરીના ટુકડાં. ૧૦-૧૨ નંગ બરફના ટુકડાં.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ રામબુતાનને સારી રીતે સાફ કરી લેવા. તેને છોલીને ઠળીયા કાઢી લેવાં. હવે એક મિક્સર જારમાં રામબુતાનનો માવો, ૪ નંગ સ્ટ્રોબેરી, ફુદીનાના પાન, ૨ નંગ ખજૂર ભેળવીને વાટી લેવું. ત્યારબાદ તેમાં દૂધ, મિલ્કમૅડ તથા આવશ્યક્તા મુજબ ખાંડ ભેળવીને એકરસ કરી લેવું. ગ્લાસમાં બરફના ટુકડાં ગોઠવીને સ્વાદિષ્ટ રામબુતાન-સ્ટ્રોબેરી મિલ્કશૅક કાઢી લેવો. રામબુતાન તથા સ્ટ્રોબેરીના ટુકડાંથી સજાવીને તેનો આનંદ માણવો.

---

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# થાઈરોઈડનું એક કારણ સેલેનિયમની ઓછપ...



**બાળકને શરીરમાં લગભગ શરીરમાં સેલેનિયમ વીસથી પચ્ચીસ માઈક્રોગ્રામ તથા પુરુષ - સ્ત્રી સોથી બસ્સો માઈક્રોગ્રામની જરૂરિયાત હોય છે.**

**શરીરમાં** ખનિજ તત્ત્વ બહુજ મહત્ત્વપૂર્ણ હોય છે. બધાં જ શરીરના કાર્યોમાં આ તત્ત્વ હોય જ છે. શરીરમાં સંતુલન બનાવી રાખવા માટે બધા જ ખનિજ તત્ત્વો જરૂરી છે. અધિકતા કે ઓછપથી બીમારીઓનો ઉદ્ભવ થાય છે. સેલેનિયમ એક આવશ્યક (મિનરલ) ખનિજ તત્ત્વ છે. જે પ્રાકૃતિક રૂપથી માટીમાં અને દરેક ઊગતી વનસ્પતિમાં હોય છે. આ મહત્ત્વપૂર્ણ ખનિજ તત્ત્વ જે માનવ સ્વાસ્થ્ય માટે જરૂરી છે. આ એક પ્રાકૃતિક એન્ટી ઓક્સિડેન્ટના સ્વરૂપમાં કાર્ય કરે છે જે શરીરની પ્રતિરક્ષા પ્રણાલી થાઈરોઈડ ફંકશન અને ડી.એન.એ.ના સંશ્લેષણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. પ્રાકૃતિક રૂપથી માટીમાં છે, જે માટીની ગુણવત્તા અને સ્થાન પર નિર્ભર કરે છે. ઘણી જગ્યાએ વધુ અને ઘણી જગ્યાએ સિમિત માત્રામાં હોય છે. ઓછપથી થાઈરોઈડ જેવી સમસ્યા થાય છે. અધિકતા પણ નુકસાન દાયક છે. આનું સંતુલન અતિ જરૂરી છે. દુર્ભાગ્યથી સેલેનિયમ એક એવું તત્ત્વ છે જેની છબિ ઘણી ખરાબ છે એનું કારણ આહારમાં સેલેનિયમની માત્રા ઈષ્ટતમ સ્વાસ્થ્ય માટે બિલકુલ સાચી (જરૂર મુજબની) હોવી જોઈએ.

સેલેનિયમની અધિક માત્રાથી પણ બીમારી થાય છે. જેમ કે મહારાષ્ટ્રના બુલઢાલા જિલ્લાના લગભગ અઢાર જેટલા ગામોમાં લગભગ ત્રણસો જેટલા વ્યક્તિઓના (દરેક ઉંમરના) વાળ ખરી ગયા તેઓ ટકલ થઈ ગયા. રીપોર્ટ અનુસાર એવું જણાયું કે પંજાબ અને હરિયાણાના ઘઉં જે રાશનની દુકાનમાં આવતા હતાં તેમાં સેલેનિયમની અધિક માત્રાના કારણે આવું બન્યું. બીજા અન્ય કારણ હોઈ શકે છે. જેવા કે ઈંડા અને માંસ ખાવાને કારણે પણ શરીરનું એવિડીન તત્ત્વ ખરાબ થતાં પણ વ્યક્તિ ટકલ થઈ જાય છે.

શરીરમાં સેલેનિયમ લગભગ બાળકને વીસથી પચ્ચીસ માઈક્રોગ્રામ પુરુષો અને સ્ત્રીઓને સોથી બસ્સો માઈક્રોગ્રામની જરૂરિયાત હોય છે. પણ આપણને લગભગ રોજિંદુ પચાસથી સાંઈઠ માઈક્રોગ્રામ મળે છે આનું કારણ છે કે ભારતની લગભગ બધી જગ્યાએ માટીમાં સેલેનિયમનું પ્રમાણ ઓછું છે. જેથી ભારતમાં થાઈરોઈડના દર્દી વધુ જોવા મળે છે. અમુક એક બે રાજ્યમાં સેલેનિયમ માત્રા માટીમાં વધુ છે.

સેલેનિયમ ખનિજ તત્ત્વ જે T3 ને T4માં ફેરવે છે (કન્ટવર્ટ) કરે છે, જે એક એન્ઝાઈમ બનાવે છે. આ એન્ઝાઈમ (પાચક રસ) જે આપણને ઓક્સિડેટીવ ડેમેન્ડ અને સ્ટ્રેસથી બચાવે છે. આ ખનિજ તત્ત્વ પૂરતું ન હોય તો થાઈરોઈડ મટતો નથી.

સેલેનિયમ શરીરમાં પૂરતું હોય છતાં પણ થાઈરોઈડની સમસ્યાઓ હોય તો એના કારણ છે જુદા-જુદા કેફન દ્રવ્યો જે સેલેનિયમને કામ કરવામાં બાધિત કરે છે જેવા કે ચહા, કોફી, ચોકલેટ, કેફનવાળા ડબ્બાના પીણા, ચાઈનીઝ વાનગીઓ અને કેમિકલવાળા ખાદ્ય-પદાર્થ. રાસાયણિક રંગોવાળા ખાદ્ય પદાર્થ જેની આપણને આદત પડી ગઈ છે. આ કેફેન દ્રવ્યોને કારણે અન્ય ખનિજ તત્ત્વ (મિનરલ) ઝીંક અને આયોડિન એ વધુ જરૂરિયાતવાળું ખનિજ તત્ત્વ છે. થાઈરોઈડ માટે ઝીંક જે થકાવટ દૂર કરવા, વજનના નિયંત્રણ માટે ખૂબ જરૂરી છે. સેલેનિયમ, ઝીંક અને આયોડિન થાઈરોઈડ રોગની રોકથામ માટે જરૂરી છે.

થાઈરોઈડ માટે એન્ટીટીપીઓ (TPo) ટેસ્ટ એ એક મહત્ત્વનું રક્તપરિક્ષણ છે જે થાઈરોઈડ પેરોક્સીડઝ (ટી.પી.ઓ)ના વિરુદ્ધ એન્ટીબોડીનું સ્તર માપે છે જે થાઈરોઈડ ગ્રંથિમાં એક એન્ઝાઈમ (પાચક રસ) છે. આ થાઈરોઈડના ઓટો ઈમ્યુન રોગોનું નિદાન કરવામાં મદદ કરે છે જેમ કે હાશિનોમોટો થાઈરોયડિટિસ અને ગ્રેવ્સ રોગ આ ટીપીઓ થાઈરોઈડ હાર્મોન ઉત્પાદન માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા બનાવે છે. જો રક્તમાં ટી.પી.ઓ. વધુ માત્રામાં હોય તો સ્ત્રીઓમાં થાઈરોઈડ ઓટો ઈમ્યુન રોગ થઈ શકે અને ઘણા એન્ટી પીટીઓ એન્ટીબોડી હોય પણ થાઈરોઈડ રોગ ન હોય. ફક્ત T3 કે T4ના નિદાન થાઈરોઈડ હોય એવું જરૂરી નથી. ઘણી વખત આ પરિક્ષણ જોઈને લોકો દવા (ગોળી)નું સેવન કરે છે જે બિનજરૂરી છે. લગભગ ડૉક્ટરો એન્ટી ટીપીઓનું ટેસ્ટ નથી કરાવતા. જો કરાવે તો સાચું નિદાન મળે ગોળી વેચવી છે પોતાનો ધંધો ચલાવો છે તેથી નથી કરાવતા. લગભગ વ્યક્તિઓ ખોટા માર્ગે દોરવાય છે ક્અને આયોડિનવાળું નમક જે બિનજરૂરી તે પણ આરોગે છે.

એક જૈન સાધ્વી જેનું થાઈરોઈડ ૨૫૬ થઈ ગયું હતું નોર્મલ રેન્જ T3ની 3.5 to 7.8 pmol/L હોય છે. તેમની તકલીફ ખૂબ વધારે હતી ગોળીઓની માત્રા વધારવાથી પણ કંટ્રોલ આવતો ન હતો લગભગ સાત આઠ વર્ષથી તકલીફ હતી. મારી પાસે આવ્યા ત્યારથી તેમની ગોળી બંધ કરાવી જરૂરી રિપોર્ટ કરાવી આહારમાં બદલાવ કર્યો (રિપોર્ટ અનુસાર) લગભગ બે મહિના પછી ૯૦ થાઈરોઈડ આવ્યો પછી દર ત્રીજા મહિને ૫૬ થયું બે મહિના પછી ૧૯ પર આવ્યું અને હાલમાં ૪ની રેન્જ આવી ગઈ લગભગ છ મહિના લાગ્યા વગર દવાએ. આવા ઘણા થાઈરોઈડની સમસ્યાવાળા વ્યક્તિઓ મારી પાસે તેમના રિપોર્ટ અનુસાર પ્રાકૃતિક આહારનું યોગ્ય લિસ્ટ લખાવીને તેનો ઉપાય કરી વગર દવાએ કે વગર ફોકટની અન્ય દવાઓ વગર સાદા ભોજન (પણ સ્વાદિષ્ટ) લઈને સાજા થયા છે.

સેલેનિયમયુક્ત અને આયોડિન ભોજન જે પ્રાકૃતિક હોય તેવો આહાર લેવો જોઈએ. સેલેનિયમ લીલી પાંદડાવાળી વનસ્પતિઓ લેવાથી મળી રહે છે. બ્રાઝીલ નટ્સ, તલ, દાડમ, શક્કરિયામાંથી જરૂર મુજબનું મળી રહે છે. કેમિકલયુક્ત આહારથી દૂર રહેવું જરૂરી છે. સેલેનિયમ હાડકાં, દાંત અને વાળ માટે પણ જરૂરી છે.

---

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# કેવા ચિકિત્સક પાસે સારવાર લેવી જોઈએ?



આપણે આ કોલમમાં વિવિધ તબક્કે અનેકવિધ રોગ - બીમારીઓ વિશેના વિભિન્ન ચિકિત્સા- ઉપચાર વિશે જાણ્યું.

આમ જૂઓ તો ભારત દેશના બહુ મોટા ભાગ્ય છે કે, આયુર્વેદનો ભવ્ય વારસો પરંપરામાં પ્રાપ્ત થયો છે. આપણી પાસે રોગને મૂળમાંથી નાબૂદ કરવા જેવા સચોટ, સરળ અને સસ્તા ઉપાયો છે, તેવા ઉપાયો તો વિશ્વની કોઈ પણ સંસ્કૃતિ પાસે ભાગ્યે જ હશે. 'આપણા ઘરનું રસોડું એ જ મોટું ઔષધાલય છે,' પરંતુ કમનસીબી એ છે કે, તેનો ઉપયોગ ન કરતા આપણે કૃત્રિમ દવાઓની ખોટી ઘેલછામાં ફસાઈ જઈએ છીએ.

આપણી રોગ અંગેની ગેરસમજ દૂર થાય, સામાન્ય બીમારીઓમાં મોંઘી દવાઓના આડેધડ ઉપયોગથી બચી શકીએ અને સરળ તથા સસ્તા ઘરગથ્થુ ઉપચારો, યોગ્ય જીવનશૈલી તથા પથ્યાપથ્ય અપનાવી રોગને દૂર કરીને નિરોગી રહી શકીએ, તે હેતુને ધ્યાનમાં રાખીને અહીં માત્ર ઘરગથ્થુ ઉપચારો જ નહીં, પરંતુ સાથોસાથ મોટા ભાગના રોગનાં લક્ષણો અને કારણો પણ દર્શાવેલ છે, કેમ કે, બે વ્યક્તિઓમાં એક જ પ્રકારના રોગમાં અલગ-અલગ કારણ અને લક્ષણો સંભવિત છે. તેથી રોગ થયાનું શું કારણ છે, તે તપાસીને રોગનો યોગ્ય ઉપચાર કરી શકાય.

આજના ઝડપી અને આધુનિક યુગમાં રોગનું પ્રમાણ દિન-પ્રતિદિન વધી રહ્યું છે. નિદાન માટે યોગ્ય ચિકિત્સક તેમ જ ચિકિત્સકો દ્વારા થતી વિધવિધ છેતરપિંડી વિશેની માહિતી પણ અહીં આપી છે.

### પ્રામાણિક ચિકિત્સક

પ્રામાણિક ચિકિત્સકને ધન ઉપાર્જન અને સ્વપ્રસિદ્ધિ કરતાં દર્દીની સારવારમાં વધુ રસ હોય છે. વળી, એ દર્દીને દવાઓ આપીને બાહ્ય રીતે રોગને નાબૂદ કરવા કરતાં રોગના મૂળ કારણને ઓળખી યોગ્ય આહાર-વિહારની પદ્ધતિ દ્વારા દર્દીને રોગમુક્ત કરવાનો પ્રયાસ કરે છે. તે ઉપરાંત દર્દીના શારીરિક અને માનસિક તમામ પાસાઓને ધ્યાનમાં રાખી સારવાર કરે છે. દર્દી બીમારીમાંથી તત્કાળ મુક્ત થાય એવી એના હૃદયમાં ભાવના સતત હોય છે અને પરમાત્માને દર્દીનું ભલું થાય તેવી પ્રાર્થના પણ કરતા હોય છે. આવા ચિકિત્સકને ઓળખી તેમની પાસે સારવાર કરાવવી જોઈએ.

### અપ્રામાણિક ચિકિત્સક


આજકાલ ઘણા વ્યક્તિઓ ચિકિત્સકનો સ્વાંગ ધારણ કરીને દર્દીઓને બૃહદ્ પ્રમાણમાં છેતરે છે. આવા ચિકિત્સકો દર્દીને રોગ અને દવા વિશે સચોટ માહિતી ન આપતાં કેવળ રોગ નાબૂદ થઈ જશે તેવા ખોટા વાયદાઓ આપ્યા કરે છે. તેવી જ રીતે અમુક ચિકિત્સકો નાની એવી બીમારી માટે ખૂબ જ ભારે પાવરની દવાઓ આપી દે છે. અરે, અમુક વૈદ્યો તો દેશી દવામાં ભારે સ્ટીરોઈડ (શરીરને નુકસાન કરતી દવા) નાખી દર્દીનો વિશ્વાસઘાત કરે છે. વળી, આજકાલ અમુક ડોક્ટરો અને લેબોરેટરીવાળા ધનની લાલચે સંપીને કમિશન રાખીને દર્દીના ખોટા નિદાન-રિપોર્ટ કરી એમને રીતસર લૂંટે છે.

આવી જ રીતે અમુક ચિકિત્સકો જે કંપની અને મેડિકલ સ્ટોર તરફથી પોતાને કમિશન મળતું હોય તે જ કંપનીની કે મેડિકલ સ્ટોરની દવા ખરીદવાનો આગ્રહ દર્દીને કરે છે.

તદુપરાંત આજે અમુક પ્રાઈવેટ હૉસ્પિટલોમાં ડોક્ટરો દર્દીને સામાન્ય રોગની પણ વધુ પડતી ભયંકરતા દર્શાવીને તાત્કાલિક પોતાને ત્યાં જ ઓપરેશન કરાવવાનો આગ્રહ રાખતા હોય છે. ખરેખર તો એ ઓપરેશનની જરૂર જ હોતી નથી.

એક સંશોધનના આધારે ભારતમાં થતાં વિવિધ ઓપરેશનોમાંથી ૪૫% તદ્દન બિનજરૂરી જ હોય છે. ભારતમાં સહુથી વધુ થતાં બિનજરૂરી પાંચ ઓપરેશનની વિગત અહીં દર્શાવી છે.

**ભારતમાં સહુથી વધુ થતાં બિનજરૂરી પાંચ ઓપરેશન**




અલબત્ત, આનો અર્થ એ નથી કે બધા જ ચિકિત્સકો અપ્રામાણિક છે. બીજાને થયેલા અનુભવોનો આધાર લઈને, આપણે પ્રામાણિક ચિકિત્સકને ઓળખી એમની પાસે સારવાર કરાવવી જોઈએ. અને જો ચિકિત્સક પ્રામાણિક જ હોય, તો એમનામાં સંપૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધા સાથે એમની નિદાન પદ્ધતિને અનુસરવું જોઈએ.

# સૌથી લાંબી ફ્રેન્ચ ઓપન ફાઈનલમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન કાર્લોસ અલ્કારાઝ ફરી વિજેતા

## વર્લ્ડ નંબર-વન સિનરને પાંચ કલાક, ૨૯ મિનિટના મુકાબલામાં છેવટે હરાવ્યો

પેરિસઃ સ્પેનના વર્લ્ડ નંબર-ટૂ અને ડિફેન્ડિંગ ચેમ્પિયન કાર્લોસ અલ્કારાઝે અહીં રવિવારે ફ્રેન્ચ ઓપનની ઐતિહાસિક ફાઈનલમાં ઇટલીના વર્લ્ડ નંબર-વન યાનિક સિનર સામે વિજય મેળવીને સતત બીજા વર્ષે આ ગ્રેન્ડ સ્લેમ ચેમ્પિયનશિપનું ટાઈટલ મેળવી લીધું હતું.

ફ્રેન્ચ ઓપનના ઇતિહાસમાં સૌથી લાંબા સમય (પાંચ કલાક, ૨૯ મિનિટ) સુધી ચાલેલી આ ફાઇનલમાં અલ્કારાઝે સિનરને ૪-૬, ૬-૭ (૪-૭), ૬-૪, ૭-૬ (૭-૩), ૭-૬ (૧૦-૨)થી હરાવીને ૨૦૨૪નું ટાઈટલ ડિફેન્ડ કર્યું હતું.

ફ્રેન્ચ ઓપનના ઇતિહાસમાં આ પહેલી ફાઇનલ હતી જે પાંચ કલાક કરતાં વધુ સમય સુધી ચાલી હતી.

યાનિક સિનર અહીં ક્લે કોર્ટ પરની ફ્રેન્ચ ઓપનનું ટાઇટલ પહેલી વખત જીતવા માગતો હતો જેમાં તે નિષ્ફળ ગયો એ ઉપરાંત આ મુકાબલા દરમ્યાન તે ગ્રેન્ડ સ્લેમ ટૂર્નામેન્ટોમાં સતત ૩૧ સેટ જીતવાનો સિલસિલો પણ ચાલુ નહોતો રાખી શક્યો.



ભારે સંઘર્ષપૂર્ણ મુકાબલામાં પહેલા ચાર સેટમાં બન્ને સર્વોત્તમ ખેલાડીએ ટાઈ-બ્રેકથી એક-એક સેટ જીતી લીધો હતો. પ્રથમ-બીજો સેટ સિનરે અને ત્રીજો-ચોથો સેટ અલ્કારાઝે જીતી લેતાં મુકાબલો પાંચમા અને નિર્ણાયક સેટ સુધી ખેંચાયો હતો. અંતિમ સેટમાં પણ અલ્કારાઝે ટાઈ-બ્રેકમાં ૧૦-૨થી રોમાંચક જીત હાંસલ કરી હતી.

૨૩ વર્ષનો સિનર બે વખત ઑસ્ટ્રેલિયન ઓપનના અને એક વખત યુએસ ઓપનનું સિંગલ્સનું ટાઇટલ જીત્યો છે, પણ રોલાં ગેરો ક્લે કોર્ટ પર ફ્રેન્ચ ઓપનની ફાઇનલમાં પહેલી જ વાર પહોંચીને ટાઇટલ જીતવા માગતો હતો. જોકે તેનું સપનું અધૂરું રહી ગયું છે. તેની પાસે હજી સુધી વિમ્બલ્ડનનો પણ એકેય તાજ નથી જે તેને ૩૦મી જૂને શરૂ થનારી આ સ્પર્ધામાં જીતવાની તક મળશે. ૨૦૨૩માં તે વિમ્બલ્ડનની સેમિ ફાઇનલમાં હારી ગયો હતો.

બાવીસ વર્ષનો અલ્કારાઝ ૨૦૨૪માં ફ્રેન્ચ ઓપન પહેલી વાર જીત્યો હતો અને તેને આ વખતે એ ટાઇટલ ડિફેન્ડ કરવાની તક હતી જે તેણે ઐતિહાસિક ફાઈનલમાં ઝડપી લીધી.

સ્પેનિશ ટેનિસના શહેનશાહ અને ક્લે કોર્ટ ટેનિસના સરતાજ રાફેલ નડાલના શિષ્ય અલ્કારાઝ પાસે હવે કુલ પાંચ ગ્રેન્ડ સ્લેમ ટાઇટલ છે જેમાં બે ફ્રેન્ચ ઓપન ઉપરાંત બે વિમ્બલ્ડનના અને એક યુએસ ઓપનના ટાઇટલનો સમાવેશ છે. રવિવારે તેણે પહેલી વખત મેચમાં પહેલા બે સેટ હારી ગયા પછી ત્રણ સેટ જીતીને મેચમાં વિજય મેળવ્યો.

મહિલાઓમાં શનિવારે અમેરિકાની ૨૧ વર્ષની કોકો ગોફ ફ્રેન્ચ ઓપનનું ટાઇટલ પહેલી વાર જીતી હતી. તેણે ફાઇનલમાં કટ્ટર હરીફ બેલારુસની અરીના સબાલેન્કાને ૭-૬ (૭-૫), ૨-૬, ૬-૪થી હરાવી દીધી હતી. ■

# મનોમન હું ક્યારની શ્રેયસ ઐયરને પરણી ગઈ છું...

## આવું ચોંકાવનારું નિવેદન આપ્યું દુબઈની અભિનેત્રીએ

નવી દિલ્હીઃ ૨૦૨૪ની સાલમાં કોલકાતા નાઈટ રાઈડર્સએ શ્રેયસ ઐયરને ૧૨.૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો અને તેને કેપ્ટન બનાવ્યો જેને પગલે કેકેઆરને તેણે આઈપીએલનું ટાઈટલ અપાવ્યું ત્યાર બાદ ૨૦૨૫માં પંજાબ કિંગ્સે શ્રેયસને ૨૬.૭૫ કરોડ રૂપિયામાં ખરીદી લીધો જેને પગલે શ્રેયસે પંજાબને રનર-અપ બનાવ્યું. સ્વાભાવિક છે કે આઈપીએલના હાલના ટોચના કેપ્ટનોમાં શ્રેયસનું નામ અચૂક લેવાય છે અને તેની લોકપ્રિયતા પણ ખૂબ વધી ગઈ છે.




જુઓને, ભારતની એક્ટ્રેસ (પંજાબની ટીમની સહ-માલિક) પ્રિટી ઝિન્ટા તો શ્રેયસની કેપ્ટન્સીથી ખુશ છે જ, દુબઈની અભિનેત્રી એડિન રોઝ તો શ્રેયસ પર આફરીન છે.

દુબઈની એક્ટ્રેસ અને ટીવી-સ્ટાર એડિન રોઝે શ્રેયસ ઐયર વિશે ભાવુક પ્રતિક્રિયા વ્યક્ત કરી છે. તેણે તાજેતરમાં એક ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું કે 'સામાન્ય રીતે કોઈ સેલિબ્રિટીને બીજી સેલિબ્રિટી પર ક્રશ હોય એના કરતાં વિશેષ લાગણી મને શ્રેયસ વિશે છે.'

એડિન રોઝે છેક ત્યાં સુધી કહ્યું હતું કે 'મનોમન હું શ્રેયસને ક્યારની પરણી ચૂકી છું. ક્યારેક મને એવો પણ વિચાર આવે છે કે હું તેનાં બાળકોની મમ્મી છું.'

એડિન રોઝની આ રોમેન્ટિક પ્રતિક્રિયાથી સોશિયલ મીડિયામાં એડિન અને શ્રેયસ, બંનેના ફેન્સમાં હલચલ મચી ગઈ છે.

શ્રેયસે એડિન વિશે જાહેરમાં કોઈ જ પ્રતિક્રિયા આપી નથી, પરંતુ એડિનનાં નિવેદનોથી શ્રેયસના અમુક ફેન્સને શંકા હશે કે તેમની વચ્ચે કંઈક તો રિલેશન છે જ.

એડિન દુબઈની અભિનેત્રી છે, પરંતુ ભારત અને ભારતની સંસ્કૃતિ તેને ખૂબ ગમે છે. તે શ્રેયસ ઐયરના શાંત સ્વભાવ અને શિસ્તબદ્ધ રમવાની સ્ટાઇલ પર ફિદા છે. એડિન ઇન્ટરવ્યૂમાં વધુમાં કહે છે કે ' હું તો શ્રેયસના અભિગમની આશિક છું અને તેના અપ્રોચ પરથી દરરોજ કોઈને કોઈ રીતે પ્રેરણા મેળવવું છું.' ■

# ઈંગ્લેન્ડમાં સારું પ્રદર્શન કરવા ભારતે પરિસ્થિતિને અનુકળ થવું પડશેઃ પૂર્વ ક્રિકેટરો

નવી દિલ્હીઃ ભૂતપૂર્વ ક્રિકેટરોએ સોમવારે શુભમન ગિલની કેપ્ટનશિપ હેઠળની ભારતીય ટીમને ઇંગ્લેન્ડમાં સફળ થવા માટે પરિસ્થિતિઓને અનુકુળ થવાની સલાહ આપી હતી, જ્યારે માઈકલ વોનનું માનવું છે કે આ પાંચ ટેસ્ટ મેચની શ્રેણી ભારત માટે 'કંઈક ખાસ'ની શરૂઆત હોઈ શકે છે. રોહિત શર્મા, વિરાટ કોહલી અને રવિચંદ્રન અશ્વિનના ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ પછી ભારતીય ક્રિકેટ પરિવર્તનના તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. ઝડપી બોલર મોહમ્મદ શમીને પણ આ પ્રવાસ માટે પસંદ કરવામાં આવ્યો નથી. ચેતેશ્વર પૂજારાએ કહ્યું હતું કે, ''ભારતે ઇંગ્લેન્ડની પરિસ્થિતિઓમાં તાત્કાલિક અનુકૂળ સાધવું પડશે. ઇંગ્લેન્ડની પરિસ્થિતિઓ અને ટીમ કોમ્બિનેશનને સમજવાને કારણે હું કહી શકું છું કે શિસ્ત, ધીરજ અને પરસ્પર સહયોગ મહત્ત્વપૂર્ણ રહેશે. તેણે સોની સ્પોર્ટ્સને કહ્યું હતું કે, ''દરેક ખેલાડીએ ફાળો આપવો પડશે અને પડકારનો આદર કરવો પડશે. મને ખાતરી છે કે આ દરેક ખેલાડીના વિકાસ અને સફળતા માટે એક મોટી તક હશે.''



ભૂતપૂર્વ ઝડપી બોલર આશિષ નેહરાએ કહ્યું હતું કે, ''ઇંગ્લેન્ડ પ્રવાસ હંમેશાં પડકારજનક હોય છે પણ મનોરંજક પણ હોય છે. પરિસ્થિતિને અનુકૂળ થવું મહત્ત્વપૂર્ણ રહેશે અને મને ખાતરી છે કે ખેલાડીઓ તે કરી શકશે. અમારી પાસે બોલિંગમાં અનુભવ અને સ્થિરતા છે.''

ભૂતપૂર્વ ઓલરાઉન્ડર ઇરફાન પઠાણે કહ્યું હતું કે, ''ભારતની નવી ટીમ ઇંગ્લેન્ડ તરફથી મુશ્કેલ પડકારનો સામનો કરી રહી છે પરંતુ ઓલરાઉન્ડર તરીકે હું કહી શકું છું કે પરિસ્થિતિને અનુકૂળ થવું મહત્ત્વપૂર્ણ રહેશે. ગિલની કેપ્ટનશિપ, પંતની ઊર્જા અને ભારતના યુવા ખેલાડીઓએ પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરવું પડશે.''

ઇંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન વોને કહ્યું હતું કે પચીસ વર્ષીય ગિલને ટેસ્ટ કેપ્ટન બનાવવો એ એક સાહસિક નિર્ણય છે અને તે નિર્ણાયક સાબિત થઈ શકે છે. શુભમન ગિલ ભારતીય ટેસ્ટ ક્રિકેટનો નવો ચહેરો છે. ઇંગ્લેન્ડ શ્રેણી માટે તેમને કેપ્ટન બનાવવાનો નિર્ણય સાહસિક છે.■

# પોર્ટુગલે સ્પેનને પેનલ્ટી શૂટઆઉટમાં હરાવી જીત્યું નેશન્સ લીગનું ટાઇટલ, મેદાન પર રડી પડ્યો રોનાલ્ડો

મ્યુનિકઃ પોર્ટુગલની ફૂટબોલ ટીમે નેશન્સ લીગ કપનું ટાઇટલ જીતી લીધું છે. રવિવારે મોડી રાત્રે રમાયેલી ફાઇનલમાં પોર્ટુગલે પેનલ્ટી શૂટઆઉટમાં સ્પેનને ૫-૩થી હરાવ્યું હતું. અકસ્ટ્રા ટાઇમમાં પૂરો થયા પછી સ્કોર ૨-૨થી બરાબર રહ્યો હતો. ત્યારબાદ પેનલ્ટી શૂટઆઉટમાં પોર્ટુગલે તેના પાંચેય શોટમાં ગોલ કર્યો હતો જ્યારે સ્પેન બે શોટ ચૂકી ગયું હતું. પોર્ટુગલનો ગોલકીપર ડિએગો કોસ્ટા મેચનો હીરો રહ્યો હતો. તેના બે સેવનથી પોર્ટુગલ નેશન્સ લીગનું ટાઇટલ જીતવામાં સફળ રહ્યું હતું. ચેમ્પિયન બન્યા બાદ પોર્ટુગલનો કેપ્ટન ક્રિસ્ટિયાનો રોનાલ્ડો મેદાન પર જ ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યો હતો. આ પોર્ટુગલનું બીજું ટાઇટલ છે. અગાઉ તેણે ૨૦૧૮-૨૦૧૯માં ટુર્નામેન્ટની પ્રથમ સીઝનમાં પણ ટાઇટલ જીત્યું હતુ.




ફાઇનલમાં પોર્ટુગલ માટે શરૂઆત સારી નહોતી. ૨૧મી મિનિટે સ્પેનના માર્ટિન ઝુબીમેન્ડીએ ગોલ કરીને ટીમને ૧-૦થી આગળ કરી દીધી. જોકે, સ્પેનની ટીમ આ લીડને લાંબા સમય સુધી જાળવી શકી નહીં. ૨૬મી મિનિટે નુનો મેન્ડેસે ગોલ કરીને સ્કોર સમાન કર્યો હતો. હાફ ટાઇમ પહેલા સ્પેનના મિકેલ ઓયરઝબાઇએ ગોલ કરીને સ્પેનને ૨-૧થી આગળ કરી દીધું. આ પછી ૬૧મી મિનિટે રોનાલ્ડોએ ગોલ કરીને સ્કોર ૨-૨થી બરાબરી કરી દીધો હતો. આ પછી પૂર્ણ સમય સુધી સ્કોર ૨-૨ પર સમાન રહ્યો હતો. પછી મેચ ૩૦ મિનિટના વધારાના સમયમાં ગઈ હતી. તેમાં પણ કોઈ ટીમ ગોલ કરી શકી નહોતી. પછી મેચનું પરિણામ પેનલ્ટી શૂટઆઉટમાં આવ્યું હતું.

ટીમની જીત થતાં જ રોનાલ્ડોની આંખો ખુશીના આંસુઓથી છલકાઈ ગઈ હતી. તેણે કહ્યું કે દેશ માટે ટ્રોફી જીતવાથી મોટું કંઈ નથી. ૪૦ વર્ષીય પોર્ટુગલના કેપ્ટને કહ્યું હતું કે, 'મેં મારા ક્લબ સાથે ઘણા ટાઇટલ જીત્યા છે, પરંતુ પોર્ટુગલ માટે જીતવાથી મોટું કંઈ નથી.'

આ ટુનામેન્ટમાં રોનાલ્ડોએ ટીમની સફળતામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. રવિવારે રમાયેલી ફાઇનલમાં તેણે મેચની ૬૧મી મિનિટે ગોલ કરીને સ્કોર ૨-૨ પર બરાબર કર્યો, જેના કારણે મેચ પેનલ્ટી શૂટઆઉટમાં ગઈ હતી. પેનલ્ટી શૂટઆઉટમાં પોર્ટુગલે ૫-૩થી જીત મેળવી હતી. રોનાલ્ડો માટે આ વધુ એક ટાઇટલ આંતરરાષ્ટ્રીય ગોલના રેકોર્ડમાં સુધારો કરવા કરતાં વધુ હતો.

મેચ પહેલા વોર્મ-અપ માટે મેદાનમાં પહોંચનાર તે પહેલો ખેલાડી હતો. પોર્ટુગલના સમર્થકોએ જોરદાર હર્ષોલ્લાસ સાથે તેમનું સ્વાગત કર્યું હતું. સ્ટેડિયમમાં મોટાભાગના સમર્થકોએ તેના નામવાળી જર્સી પહેરી હતી. અગાઉ તેણે સેમિફાઇનલમાં નિર્ણાયક ગોલ કર્યો હતો અને પોર્ટુગલને જર્મની સામે ૨૫ વર્ષમાં પ્રથમ વિજય અપાવ્યો હતો. ■

# ટેનેરિફ મહિલા ઓપનમાં ભારતીય ગોલ્ફર દીક્ષા ટોપ ૧૦માંથી બહાર, કોસકોવા બની ચેમ્પિયન

ટેનેરીફ (સ્પેન): ભારતીય મહિલા ગોલ્ફર દીક્ષા ડાંગર ટેનેરિફ મહિલા ઓપનના ચોથા રાઉન્ડમાં એક ઓવર ૭૩નું કાર્ડ રમીને ૧૪મા સ્થાને રહી હતી. ત્રીજા રાઉન્ડ પછી તે ટોપ ૧૦માં રહેવાની રેસમાં હતી પરંતુ છેલ્લા રાઉન્ડમાં નિરાશાજનક પ્રદર્શનને કારણે તે ચાર અંડર ૨૮૪ના કુલ સ્કોર સાથે પાંચ સ્થાન નીચે આવી ગઈ હતી.



સારા કોસકોવા

કટમાં સ્થાન મેળવનારી બીજી ભારતીય ખેલાડી અવની પ્રશાંતે ત્રીજા રાઉન્ડમાં નબળા પ્રદર્શનમાંથી બહાર આવી અને ચોથા રાઉન્ડમાં ચાર અંડર ૬૮નું કાર્ડ રમીને શાનદાર વાપસી કરી હતી. તેણીએ ૨૩ સ્થાનનો સુધારો કર્યો અને ૨૦મા સ્થાને રહી હતી.

સારા કોસકોવા ત્રીજા રાઉન્ડની લીડ જાળવી રાખવામાં સફળ રહી હતી. તેણીએ એક અંડર ૭૧ના કાર્ડ સાથે સતત બીજું ટાઇટલ જીત્યું હતું. કોસકોવાનો કુલ સ્કોર નવ અંડર રહ્યો હતો. ■




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| કવન | GARDEN |
| ગમન | POEM |
| ચમન | OPPRESSION |
| દમન | VOMIT |
| વમન | DEPARTURE |

## ઓળખાણ પડી?



ઉત્તર ભારતના શાસ્ત્રીય સંગીતમાં પ્રમુખપણે વગાડાતા દ્વિમુખી તાલ વાદ્યની ઓળખાણ પડી? એના મુખ પર ચર્મપત્ર હોય છે.

અ) ઢોલીડો  બ) સાંબેલા  ક) પખવાજ  ડ) તબલા

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ કુ | તુ | ૨ હ | ૩ લ | તા | | ૪ દુ | રા | ૫ રા | ધ્ય |
| મા | | ૬ વા | ટ | | ૭ કા | રી | | ગિ | |
| ૮ ર | ૯ સા | લો | | ૧૦ હો | બિ | | ૧૧ વ | ણી | ૧૨ ક |
| | થ | | ૧૩ અ | હા | લે | ૧૪ ક | | | પો |
| ૧૫ પ્ર | ક | ર | ણ | | ૧૬ દા | સી | | ૧૭ વા | લ |
| યો | | | ૧૮ ન | ૧૯ ગ | દ | | ૨૦ ક | સ | ક |
| ૨૧ ગ | ભ | ૨૨ રા | મ | ણ | | ૨૩ ખા | | | લિપિ |
| શી | | વ | | ના | | ૨૪ સ | ૨૫ હ | મ | ત |
| ૨૬ લ | ૨૭ સ | ણ | | ૨૮ પા | કો | | વા | | |
| ૨૯ તા | ર | | ૩૦ યં | ત્ર | | ૩૧ હા | ડો | હા | ડ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | | | ૫ | ૬ | ૭ |
| ૮ | | | | | | ૯ | | ૧૦ | |
| | | ૧૧ | ૧૨ | | | ૧૩ | ૧૪ | | |
| | | ૧૫ | | | ૧૬ | | | | ૧૭ |
| | ૧૮ | | | | ૧૯ | | | | |
| ૨૦ | | ૨૧ | | ૨૨ | | | | ૨૩ | |
| | | ૨૪ | | | | | ૨૫ | | |
| ૨૬ | | | | ૨૭ | | ૨૮ | | ૨૯ | |
| | | ૩૦ | ૩૧ | | | ૩૨ | ૩૩ | | |
| ૩૪ | | | | | ૩૫ | | | | |

### આડી ચાવી

૧. કોલેજ (૬)
૫. મરમ જાણનાર (૩)
૮. ચિતરવા (૩)
૧૦. દૂર ખસ (તુચ્છકારથી) (૨)
૧૧. પુત્ર (જો.છૂ.) (૩)
૧૩. લંબાઈનું એક માપ (૩)
૧૫. પરવા (૨)
૧૬. પરણવું તે (૩)
૧૯. કોઈક, કંઈક (૩)
૨૦. વેતન, દરમાયો (૩)
૨૨. કવ્વાલી ગાનાર કલાકાર (૩)
૨૩. હૃદય (૨)
૨૪. બધી જ રીતે (૩)
૨૫. ધનુષ્યની દોરી (૩)
૨૬. ગરબડ, ગોટાળો, ઝઘડો (૨)
૨૭. મૃત્યુ પછીની વિધિ અને જમણ (૩)
૨૯. છાબડું (૨)
૩૦. વિશિષ્ટ નર (૩)
૩૨. રહેવા માટે જોઈએ (૨)
૩૪. અફસોસ (૪)
૩૫. બેધ્યાન (૫)

### ઊભી ચાવી

૧. મદથી ઉન્મત્ત બનેલું (૪)
૨. પરાજય (૨)
૩. ચર્ચાસ્પદ (૪)
૪. લઘરવઘર વ્યક્તિ (૩)
૬. --- સહન એટલે રહેણીકરણી (૩)
૭. દૃષ્ટિ માંડીને જોવું તે (૨)
૯. પ્રયોગ કરતાં રહેવું તે (૫)
૧૨. આવક (૩)
૧૪. પિતા, તાત (૩)
૧૬. ---ના રોગમાં જ્ઞાનતંતુ નબળા પડે (૩)
૧૭. સપાટી પરનું (૫)
૧૮. વસ્ત્રવિહીન (૨)
૨૦. નાનપણની એક રમત (૫)
૨૧. મને ફિલ્મોમાં કોઈ --- નથી (૨)
૨૨. કથા કહેનાર (૪)
૨૩. ઓછપ, કમી (૩)
૨૮. ઘોર, હલકું, કનિષ્ઠ (૩)
૩૦. પગથિયાં ઉતરી પાણી ભરો (૨)
૩૧. રગો (૨)
૩૩. 'રમવું'નું આજ્ઞાર્થ (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'તારી હાક સુણી કોઈ ન આવે તો એકલો જાને રે' પંક્તિમાં 'હાક' આ શબ્દનો અર્થ જણાવો.

અ) હિંમત  બ) સાદ  ક) ગીત  ડ) સંવાદ

## માતૃભાષાની મહેક

ડહાપણની અનેક વાતો સુભાષિતમાં રજૂ થાય છે. પૃથ્વી સમું નહીં બેસણું, આભ સમું નહીં છત્ર, પ્રેમ સમી નહીં માધુરી, આપ સમો નહીં મિત્ર. આ સુભાષિતમાં પૃથ્વી, આભ અને પ્રેમના ઉદાહરણ દ્વારા આપબળનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું છે. પૃથ્વી અને આભની વિશાળતા અને પ્રેમના માધુર્યનો મહિમા ગાવામાં આવ્યો છે.

## સુડોકુ-૯૦૧૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | | | | | ૩ | |
| ૭ | | ૫ | ૩ | | ૯ | ૬ | | ૮ |
| ૯ | | | | | | | | ૭ |
| ૩ | ૭ | | ૧ | | ૮ | | ૪ | ૬ |
| | | | | ૯ | | | | |
| ૧ | ૮ | | ૪ | | ૫ | | ૨ | ૩ |
| ૫ | | | | | | | | ૨ |
| ૪ | | ૨ | ૯ | | ૬ | ૧ | | ૫ |
| | ૯ | | | | | | ૬ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૦૦૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | ૧ | ૨ | ૫ | ૬ | ૭ | ૯ | ૪ |
| ૫ | ૨ | ૯ | ૭ | ૮ | ૪ | ૩ | ૬ | ૧ |
| ૪ | ૭ | ૬ | ૩ | ૧ | ૯ | ૨ | ૮ | ૫ |
| ૨ | ૬ | ૩ | ૯ | ૪ | ૫ | ૧ | ૭ | ૮ |
| ૮ | ૪ | ૭ | ૧ | ૨ | ૩ | ૯ | ૫ | ૬ |
| ૧ | ૯ | ૫ | ૬ | ૭ | ૮ | ૪ | ૨ | ૩ |
| ૭ | ૫ | ૨ | ૪ | ૬ | ૧ | ૮ | ૩ | ૯ |
| ૯ | ૧ | ૮ | ૫ | ૩ | ૨ | ૬ | ૪ | ૭ |
| ૬ | ૩ | ૪ | ૮ | ૯ | ૭ | ૫ | ૧ | ૨ |

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ HYDROPHOBIA થી પીડાય છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) સ્ટેજ  બ) પાણી  ક) ગેસ  ડ) ફૂલ

## ઈર્શાદ

*હૃદયને રસ્તે હું જન્મ્યો હતો, ખબર છે તને?*
*રુદનને બદલે હું મલક્યો હતો, ખબર છે તને?*

-- મુકુલ ચોક્સી

## માઈન્ડ ગેમ

હવાઈ ઉડ્ડયન હવે જરૂરિયાત બની રહી છે. વિશ્વના કયા દેશમાં સૌથી વધુ હવાઈ મથક - એરપોર્ટ આવ્યા છે એ જણાવો.

અ) ઓસ્ટ્રેલિયા  બ) યુકે  ક) ચીન  ડ) યુએસએ

## ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| જામા | OVERCOAT |
| ધામા | STAY |
| તમા | CARE |
| લામા | MONK |
| વામા | WOMAN |

ઓળખાણ પડી? — ડાકલા

ગુજરાત મોરી મોરી રે — બ્રહ્માંડ

ચતુર આપો જવાબ અર્થ જણાવો — પીડા

માઈન્ડ ગેમ — ગ્રીસ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ભારતી બુચ (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) નીતા દેસાઈ (૬) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૭) ખુશરૂ કાપડિયા (૮) નુતન વિપીન શાહ (૯) લજિતા ખોના (૧૦) પુષ્પા પટેલ (૧૧) શ્રદ્ધા આશર (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) મીનળ કાપડિયા (૧૪) મહેશ દોશી (૧૫) નિખિલ બંગાળી (૧૬) તાહેર ઔરંગાબાદવાલા (૧૭) શીરીન ઔરંગાબાદવાલા (૧૮) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૯) અમીશી બંગાળી (૨૦) પ્રવીણ વોરા (૨૧) મુલરાજ કપૂર (૨૨) મહેશ એન. સંઘવી (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) ભાવના કર્વે (૨૬) અંબરીષ ઓઝા (૨૭) અરવિંદ કામદાર (૨૮) જગદીશ ઠક્કર (૨૯) અલકા વાણી (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) વિણા સંપટ (૩૨) દિપીકા દોશી (૩૩) જ્યોત્સના ગાંધી (૩૪) ઈનાક્ષી દલાલ (૩૫) હિના દલાલ (૩૬) રમેશ દલાલ (૩૭) ડાયના સંતોકે (૩૮) નિતિન જયંતિલાલ બજરિયા (૩૯) પુષ્પા ખોના (૪૦) કિશોર બી. સંઘરાજકા (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) ધીરેન ઉદ્દેશી (૪૫) ગીતા ઉદ્દેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) ડો. પ્રકાશ કટકિયા

# લાઈફલાઈન બની ડેથલાઈન
















મુંબઈ સમાચાર પાસે રેલવે અકસ્માતના બધા જ ફોટા છે, પરંતુ આ ફોટા વિચલિત કરે એવી શક્યતા હોવાથી તેને પ્રકાશિત કરવાનું મુનાસિબ નથી માન્યું

# અકસ્માત પછી જાગ્યું તંત્ર

## પ્રવાસ સુરક્ષિત કરવાં પગલાં લેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં રોટલો મળે પણ ઓટલો મળતો નથી, તેમાંય મુંબઈની 'લાઈફલાઈન' લોકલ ટ્રેનમાં ખાસ કરીને પીકઅવર્સમાં પ્રવાસીઓને જીવના જોખમે મુસાફરી કરવી પડે છે એ વાત મધ્ય રેલવેમાં પુરવાર થઈ છે. મુંબ્રા રેલવે સ્ટેશન નજીક ચાલતી લોકલ ટ્રેનમાંથી પડતા તેર જેટલા પ્રવાસી પડવાનો ચોંકાવનારો બન્યા હતો, જેનાથી પ્રવાસીઓની સુરક્ષા મુદ્દે ફરી ગંભીર સવાલો ઊભા થયા હતા. પ્રવાસીઓની સુરક્ષા મુદ્દે વિપક્ષોની સાથે રેલવે પ્રવાસી સંગઠનોએ ઝાટકણી કાઢી હતી, જ્યારે રેલવેએ પણ પ્રવાસીઓની સુરક્ષા મુદ્દે આગામી વર્ષોમાં ઓટોમેટિક ક્લોઝડોરવાળી લોકલ ટ્રેન દોડાવવાની જાહેરાત કરી હતી. રેલવે ટ્રેક ક્રોસ કરવાનું હોય કે ચાલતી ટ્રેનમાં ઉતરવા-ચઢવાની વાત પણ જીવના જોખમે મુસાફરી કરવાનું પ્રવાસીઓ માટે જોખમી છે એ વાતમાં ના નહીં, એમ અધિકારીએ દાવો કર્યો હતો. (જુઓ પાનું ૪) ▶▶

### સમસ્યાનો ઉકેલ ઓટોમેટિક ક્લોઝ ડોર લોકલ

મુંબઈ રેલવેમાં સર્જાયેલી દુર્ઘટના મુદ્દે રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ આજે ઈન્ટિગ્રલ કોચ ફેક્ટરી (આઈસીએફ)ના અધિકારીઓ સાથે મહત્ત્વની બેઠક યોજી હતી. આ બેઠકમાં ખાસ કરીને મુંબઈની લોકલ ટ્રેન મુદ્દે ચર્ચા કરી હતી. મુંબઈની લોકલ ટ્રેનમાં ખાસ કરીને ઓટોમેટિક ક્લોઝ ડોરવાળી ટ્રેન લાવવાથી ઉકેલ લાવી શકાય એના અંગે ચર્ચા કરી હતી.

નોન એસી ટ્રેનમાં ઓટોમેટિકડોર માટે ખાસ તો વેન્ટિલેશનની સમસ્યા ઊભી થાય. જોકે, એના ઉકેલ માટે રેલવેએ દરવાજામાં લૂવર્સ (હવાઈ પટ્ટી) લગાવવામાં આવે, જેથી દરવાજા બંધ થયા પછી હવાની અવરજવર રહે. કોચની છત પર વેન્ટિલેશન યુનિટ્સ બેસાડવામાં આવે, જે બહારથી તાજી હવા અંદર આવી શકે. ઉપરાંત, કોચમાં વેસ્ટિબ્યુલ્સ હોય, જેથી પ્રવાસીઓ એક કોચમાંથી બીજા કોચમાં સરળતાથી અવરજવર કરી શકે અને ભીડને પણ નિયંત્રિત કરી શકાય. આ નવી ડિઝાઈનવાળી ટ્રેન નવેમ્બર, ૨૦૨૫માં મળશે, જ્યારે આ ટ્રેન જાન્યુઆરી, ૨૦૨૬માં ઓપરેશનમાં લાવવામાં આવશે, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

### અકસ્માત અંગે જવાબદાર પરિબળ કયું?

રેલવેના વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું કે હાલમાં આ બનાવ મુદ્દે તપાસ હાથ ધરવામાં આવી છે, પરંતુ આ અકસ્માત અંગે અનેક સંશય છે. અકસ્માતની પ્રાથમિક માહિતી અનુસાર મુમ્બ્રામાં બે ટ્રેન પસાર થતી વખતે બંને ટ્રેનના પ્રવાસીની બેગપેક સંસર્ગમાં આવવાથી પ્રવાસીઓ ટ્રેક પર પડ્યા હોઈ શકે છે, જ્યારે બીજી એક શક્યતા પ્રમાણે પ્રવાસીઓ વચ્ચે અંદરોઅંદર મારામારી થઈ હોઈ શકે છે. જો પ્રવાસીઓ વચ્ચે મારપીટ થઈ હોય તો મહિલાઓને કઈ રીતે ઈજા પહોંચી એ પણ સવાલ ઊભો થયો હતો. મુંબ્રા સેક્શનમાં ટર્નિંગ હોવાથી સ્પીડમાં ટ્રેન પસાર થતી વખતે શક્ય છે કે પ્રેશર ઊભું થયું હોવાથી પ્રવાસીઓએ સંતુલન ગુમાવ્યું હોઈ શકે છે. આમ છતાં હજુ સુધી નક્કર માહિતી મળી નથી. રેલવે સ્ટેશનના સીસીટીવી ફૂટેજની ચકાસણી કરવામાં આવ્યા પછી ખબર પડશે. આ અકસ્માત અંગે નક્કર કારણ જાણવા મળ્યું નથી. આ અકસ્માત અંગે પ્રિન્સિપાલ ચીફ સેફ્ટી ઓફિસર (પીસીએસઓ) દ્વારા તપાસ હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, એમ મધ્ય રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી ડો. સ્વપિનલ નીલાએ જણાવ્યું હતું. ■

### સરકાર મૃતકોના પરિવારજનોને ₹ પાંચ લાખ આપશે

મુંબઈઃ મહારાષ્ટ્રના મંત્રી ગિરીશ મહાજને સોમવારે પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું હતું કે રાજ્ય સરકાર થાણે જિલ્લાના મુમ્બ્રા નજીક ઉપનગરીય રેલ અકસ્માતમાં મૃતકોના પરિવારજનોને રૂ. પાંચ લાખની સહાય આપશે. તેમજ ઘાયલોના તમામ તબીબી ખર્ચ ઉઠાવશે, અને તેમને શ્રેષ્ઠ સારવાર આપવામાં આવશે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે,આ (જુઓ પાનું ૪) ▶▶

### આઈટી એન્જિનિયર મયૂર શાહનું ડોંબિવલીમાં ઘર ખરીદવાનું સપનું હતું



મુંબઈઃ મુંબ્રા સ્ટેશનની નજીક ટ્રેનમાંથી ૧૩ પ્રવાસી નીચે પડ્યા હતા, જેમાંથી મૃત્યુ પામેલા ચાર જણમાં ૪૪ વર્ષના આઇટી એન્જિનિયર મયૂર શાહનો સમાવેશ હતો. થાણેના ઘોડબંદર વિસ્તારમાં મયૂર શાહ તેની માતા સાથે રહેતો હતો. મયૂર શાહનું ડોંબિવલીમાં ઘર ખરીદવાનું સપનું હતું અને એ માટે તેના પ્રયાસ ચાલી રહ્યા હતા. સોમવારે સવારના તે ડોંબિવલી જવા નીકળ્યો હતો અને ટ્રેનમાં હાથ લપસી જતાં તે નીચે પડ્યો હતો અને જીવ ગુમાવ્યો હતો. મયૂર શાહ અપરિણીત હતો, જ્યારે તેની બે બહેનનાં લગ્ન થઇ ચૂક્યાં છે. મયૂર વિદ્યાવિહારમાં ખાનગી કંપનીમાં કામ કરતો હતો. તે ડોંબિવલી વિસ્તારમાં ઘર ખરીદવાની તૈયારીમાં હતો અને એ માટે તે ક્યારેક ઘરમાલિકને મળવા જતો હતો.મયૂરના બનેવી સંતોષ દોશીએ જણાવ્યું હતું કે મયૂરના પિતાનું ૨૨ વર્ષ પૂર્વે અવસાન થયું હતું. મયૂરના પરિવારના સભ્યોએ અનુમાન લગાવ્યું છે કે તે ઘર ખરીદવાનો હોવાથી સોમવારે સવારે ડોંબિવલી ગયો હશે અને પ્રવાસ દરમિયાન અકસ્માતમાં તેનું મૃત્યુ હશે. પોલીસે અમને ઘટનાની જાણ કરી હતી, એમ તેમણે કહ્યું હતું. ■

### ઘરમાં કમાનારો એકનો એક દીકરો ગયો....

મુંબઈઃ સોમવારે સવારે મુંબ્રા રેલવે દુર્ઘટનામાં જીવ ગુમાવનારો રાહુલ ગુપ્તા ઘરમાં કમાનારો એકનો એક દીકરો હતો. પોતાની બહેનનાં લગ્ન માટે પાઇ-પાઇ જમા કરી રહેલા રાહુલના મૃત્યુથી તેના પરિવાર પર દુખનો ડુંગર તૂટી પડ્યો હતો. હવે બહેનનાં લગ્ન તેમ જ ઘર કેવી રીતે ચલાવવું એવો પ્રશ્ન ગુપ્તા પરિવાર સામે ઉપસ્થિત થયો છે.

રાહુલ ગુપ્તા મુંબઈમાં સ્ટેશનરીની દુકાનમાં કામ કરતો હતો. તે દરરોજ કામે જવા માટે મુંબ્રાથી ટ્રેન પકડતો હતો. રોજ મુજબ સોમવારે સવારે રાહુલ કામે જવા માટે ઘરેથી નીકળ્યો હતો. ટ્રેન પકડી તે મુંબઈ આવી રહ્યો હતો ત્યારે મુંબ્રા સ્ટેશન નજીક ટ્રેનમાંથી નીચે પટકાતાં તેણે જીવ ગુમાવ્યો હતો. દરમિયાન રાહુલના મૃત્યુ વિશે જાણ (જુઓ પાનું ૪) ▶▶

### ૮ દિવસ પૂર્વે નોકરીએ લાગી હતી દીકરી

મુંબઈઃ મધ્ય રેલવે પર સોમવારે થયેલાં અકસ્માતમાં ચાર પ્રવાસીના મૃત્યુ થયા હતા જ્યારે અનેક પ્રવાસીઓને પહોંચી હતી. ઈજાગ્રસ્તોમાંથી જ એક યુવતીના પિતાએ પોતાની આપવીતી પ્રસાર માધ્યમો સાથે શેર કરી હતી. અઠવાડિયા પહેલાં જ ઈજાગ્રસ્ત યુવતીને એક પ્રાઈવેટ કંપનીમાં નોકરી મળી હતી અને આજે તે આઈસીયુમાં દાખલ હોવાની માહિતી આપતા યુવતીના પિતા ભાંગી પડ્યા હતા.

ટિટવાલા ખાતે રહેલી સ્નેહા દૌંડે નામની યુવતીને અઠવાડિયા પહેલાં જ એક પ્રાઈવેટ કંપનીમાં જોબ મળી હતી. સ્નેહાને નોકરી મળતા પરિવારમાં હસી-ખુશીનો માહોલ હતો. બારમા ધોરણ સુધી ભણેલી સ્નેહાએ સોમવારે ઓફિસ જવા (જુઓ પાનું ૪) ▶▶

### ઑન ડ્યૂટી રેલવે પોલીસના કોન્સ્ટેબલે જીવ ગુમાવ્યો



મુંબઈઃ મુંબ્રા નજીક ટ્રેનમાંથી પડીને મૃત્યુ પામેલા ચાર જણમાં રેલવે પોલીસનો કોન્સ્ટેબલ પણ હતો, જે અકસ્માત સમયે ઑન ડ્યૂટી હતો. થાણે ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી)માં કાર્યરત વિકી બાબાસાહેબ મુખ્યદલ (૩૪) સિવિલ ડ્રેસમાં સોમવારે સવારે ફરજ પર જઇ રહ્યો હતો ત્યારે મૃત્યુ પામ્યો હતો. જીઆરપીના એક અધિકારીએ કહ્યું હતું કે વિકી મુખ્યદલની એક વર્ષ પહેલા કલ્યાણ જીઆરપીથી બદલી કરવામાં આવી હતી. નવિકી ખૂબ જ હોશિયાર પોલીસ જવાન (જુઓ પાનું ૪) ▶▶

### મૃતક અને ઈજાગ્રસ્તની યાદી

મુંબ્રા રેલવે સ્ટેશન નજીક બે ટ્રેનમાંથી પડતા ૧૩ પ્રવાસીને ઈજા પહોંચી હતી, જેની યાદી આ પ્રમાણે છે.

શિવા ગવળી (૨૩), આદેશ ભોઈર (૨૬), રિહાન શેખ (૨૬), અનિલ મોરે (૪૦ વર્ષ), તુષાર ભગત (૨૨), મનીષ સરોજ (૨૬), મછિન્દ્ર ગોટાર્ને (૩૯), સ્નેહા દૌંડે (૨૧) અને પ્રિયંકા ભાટિયા. ઉપરાંત, ચાર મૃતકની ઓળખ મયુર શાહ, કેતન દિલીપ સરોજ (ઉલ્હાસનગર રહેવાસી) રાહુલ સંતોષ ગુપ્તા, વિક્કી બાબાસાહેબ (રેલવે પોલીસનો જવાન) તરીકે કરી છે.

### ઓટોમેટિક ડોરવાળી લોકલ ટ્રેનની જાહેરાત

મુંબઈઃ મુંબઈગરા માટે સોમવારની સવાર ખૂબ જ ગોઝારી રહી હતી. મુંબ્રા ખાતે લોકલ ટ્રેનમાંથી પડી જતાં પાંચ પ્રવાસીઓ પડી જતાં તેમનું મૃત્યુ હતું જ્યારે અનેક પ્રવાસીઓને ઈજા પહોંચી હતી. અકસ્માત બાદ હવે રેલવે બોર્ડ દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

હવે મુંબઈની લાઈફલાઈન ગણાતી લોકલ ટ્રેનને ઓટોમેટિક દરવાજા બેસાડવામાં આવશે, એવી માહિતી સામે આવી રહી છે.

આ દુર્ઘટના બાદ રેલવે દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રેલવે દ્વારા થાણેથી સીએસએમટી વચ્ચે પાંચમી છઠ્ઠી લાઈનનું કામ ઝડપી બનાવવામાં આવે છે. આ પ્રકારની આ પહેલી જ ઘટના બની છે, જેમાં એક જ સમયે બાજુમાંથી પસાર થઈ રહેલાં ટ્રેનના ફૂટબોર્ડ પર પ્રવાસ (જુઓ પાનું ૪) ▶▶

### હૉસ્ટેલમાં એમબીબીએસના સ્ટુડન્ટે ગળાફાંસો ખાધો

મુંબઈઃ જે. જે. હોસ્પિટલના પરિસરમાં આવેલી હોસ્ટેલમાં એમબીબીએસના ૨૨ વર્ષના સ્ટુડન્ટે ગળાફાંસો ખાધો હતો. ઘરમાં આર્થિક સમસ્યા અને અભ્યાસના તાણને કારણે તેણે અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું. જે. જે. માર્ગ પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કરી તપાસ આદરી હતી.

જે. જે. હોસ્પિટલના પરિસરમાં બોયઝ હોસ્ટેલના પાંચમા માળે આવેલી રૂમમાં રવિવારે રાતના ૧૦ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. મૃતકની ઓળખ રોહન રામફેર પ્રજાપતિ તરીકે થઇ હોઇ તે મેડિકલ કોલેજમાં એમસીબીએસના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. રોહન પ્રજાપતિ હોસ્ટેલના પાંચમા માળે રૂમ નંબર-૧૯૮માં રહેતો હતો. રવિવારે રાતે તેણે પંખા સાથે નાયલોનની રસ્તી બાંધીને ગળાફાંસો ખાધો હતો. ■

## પીઓપી મૂર્તિઓ પરનો પ્રતિબંધ હટાવાયો

### કુદરતી જળાશયોમાં પીઓપીની મૂર્તિઓનું વિસર્જન પ્રતિબંધિત

મુંબઈઃ પ્લાસ્ટર ઓફ પેરિસ (પીઓપી)ની મૂર્તિઓના ઉત્પાદન અને વેચાણ પરનો પ્રતિબંધ, બોમ્બે હાઈ કોર્ટના ૩૦ જાન્યુઆરીના આદેશમાં ફેરફાર બાદ, ગઇ કાલે ઉઠાવી લેવામાં આવ્યો હતો. જોકે, હવે માત્ર કુદરતી જળાશયોમાં પીઓપીની મૂર્તિઓનું વિસર્જન પ્રતિબંધિત રહેશે, એવું માનવામાં આવી રહ્યું છે.

પર્યાવરણવાદી રોહિત જોશી અને શાડુ માટીથી મૂર્તિ બનાવનારા શિલ્પકાર દ્વારા એડવોકેટ રોનીતા ભટ્ટાચાર્ય દ્વારા દાખલ કરાયેલી જાહેર હિતની અરજીમાં, મુખ્ય ન્યાયાધીશ આલોક આરાધેની આગેવાની હેઠળની બેન્ચે ૩૦ જાન્યુઆરીએ માઘી ગણેશ જયંતીના અવસરે સંપૂર્ણ પ્રતિબંધનો આદેશ જારી કર્યો હતો. રાજ્યના તમામ મ્યુનિસિપલ અને જિલ્લા વહીવટીતંત્રને પણ પ્રતિબંધનું કડક પાલન કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ પૃષ્ઠભૂમિ સામે, પીઓપી મૂર્તિઓ બનાવતી ઘણી સંસ્થાઓએ હાઇ કોર્ટમાં પ્રતિબંધના આદેશને પડકાર્યો હતો. આ મુદ્દે રાજ્ય સરકારનો પણ સંપર્ક કરવામાં આવ્યો હતો. રાજ્ય સરકારે આ મુદ્દા પર નિષ્ણાત સમિતિ દ્વારા કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (સીપીસીબી) ને એક અહેવાલ મોકલ્યો હતો. બેન્ચે પાંચ મેના રોજ સીપીસીબીને તેનું વલણ સ્પષ્ટ કરવા નિર્દેશ આપ્યો હતો. સીપીસીબી એ ગઈ કાલે એક સોગંદનામામાં પોતાનું વલણ સ્પષ્ટ કર્યું હતું. '૧૨ મે, ૨૦૨૦ના રોજ સીપીસીબીના સુધારેલા માર્ગદર્શિકા મુજબ, પ્રતિબંધની જોગવાઈ ફક્ત કુદરતી જળાશયોમાં પીઓપી મૂર્તિઓના વિસર્જન માટે છે. તેમના ઉત્પાદન અને વેચાણ માટે નહીં. તેમનું ઉત્પાદન અને વેચાણ કરી શકાશે, પરંતુ તેમને કુદરતી જળાશયોમાં વિસર્જન કરી શકાશે નહીં,' એવી સ્પષ્ટતા સીપીસીબીએ કરી હતી. 'કૃત્રિમ તળાવોમાં નાની પીઓપી મૂર્તિઓનું વિસર્જન કરવામાં કોઈ સમસ્યા નથી, સમસ્યા મોટી અને ઊંચી મૂર્તિઓની છે.' મૂર્તિ નિર્માતા સંગઠનોના વકીલોએ જણાવ્યું. 'મૂર્તિ નાની હોય કે મોટી... કુદરતી જળસ્રોતોમાં વિસર્જનની મંજૂરી આપી શકાતી નથી, તેના પર પ્રતિબંધ મૂકવામાં આવશે,' કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે તેના સોગંદનામામાં જણાવ્યું છે. તો મોટી મૂર્તિઓના મુદ્દા પર ખરેખર શું નિર્ણય લેવામાં આવે છે? રાજ્ય સરકાર શું નિર્ણય લે છે? તેમના વિસર્જન માટે શું વ્યવસ્થા કરવામાં આવી રહી છે? કે પછી તે હાઇ કોર્ટને આ વર્ષ માટે જ કુદરતી જળસ્રોતોમાં તેમને વિસર્જનની મંજૂરી આપવા વિનંતી કરી રહી છે? આવા બધા પ્રશ્નોના જવાબ ૩૦ જૂને આગામી સુનાવણીમાં મળવાની શક્યતા છે. ■

### વરસાદી પાણીનો નિકાલ કરવા માટે ૧૦ વેહિકલ માઉન્ટેડ પંપ ભાડાં પર લેશેઃ પાલિકા

મુંબઈઃ મુંબઈમાં ૨૬ મે, ૨૦૨૫ના રોજ પડેલા વરસાદ દરમ્યાન પાણીનો નિકાલ કરવામાં પંપ નિષ્ફળ જવાની સાથે જ નવાં પાણી ભરાવવાનાં સ્થળ ઊભરી આવ્યા બાદ જાગેલી મુંબઈ મહાનગરપાલિકાએ હવે પંપની સંખ્યા ૪૧૪થી વધારની ૫૧૪ કરી નાખી છે. પાલિકાએ જ્યાં પાણીનો નિકાલ કરવામાં પંપ નિષ્ફળ ગયા હતા તે વિસ્તારમાં ૧૦ વેહિકલ માઉન્ટેડ ડિવોટરિંગ પંપ ભાડે પર બેસાડવાનો નિર્ણય લીધો છે. આ દરેક મોબાઈલ યુનિટમાં બે ઉચ્ચ ક્ષમતાના પંપ બેસાડવામાં આવ્યા છે, જેની પ્રતિ કલાકની ૨૫૦ ઘનમીટર પાણીનો નિકાલ કરવાની ક્ષમતા છે.ગયા વર્ષે પાલિકાએ નીચાણવાળા વિસ્તારમાં ૪૮૨ પંપ બેસાડયા હતા. આ વર્ષે વરસાદી પાણીનો નિકાલ કરવાના નેટવર્કમાં સુધારો થયો હોવાને કારણે પંપની સંખ્યા ઘટાડી દેવામાં આવી હતી. જોકે ચોમાસાના વહેલા આગમનને કારણે પાલિકાની તૈયારીમાં મોટા પ્રમાણમાં ખામીઓ હોવાનું જણાઈ આવ્યું હતું. ૨૬ મેના ધોધમાર વરસાદ દરમ્યાન ૮૦ નવા સ્થળોએ પાણી ભરાઈ ગયા હોવાનું જણાઈ આવ્યું હતું. ઘણા વૉર્ડે તેમના સંબંધિત વિસ્તારોમાં વધારાના ડિવોટરિંગ પંપ માટે તાત્કાલિક માગણી કરી હતી. સામાજિક કાર્યકરો અને રાજકીય પક્ષો તરફથી પાલિકાની આકરી ટીકા થવાને કારણે પાલિકા પ્રશાસનને પાણીનો નિકાલ કરનારા પંપની સંખ્યા વધારવાની ફરજ પડી છે. ક્લાઈમેટ ચેન્જને કારણે વરસાદની પેટર્નમાં વિક્ષેપ પડયો છે. મુંબઈના અમુક વિસ્તારમાં ટૂંકા ગાળામાં ૨૫૦થી ૩૦૦ મિ.મી. જેટલો વરસાદ પડયો હતો. આ વર્ષે મે મહિનામાં થયેલા રેકોર્ડજનક વરસાદને કારણે ચોમાસાની અસામાન્ય શરૂઆત થઈ હતી. તેથી ચોમાસાના આગામી દિવસો દરમ્યાન વરસાદી પાણીનો ઝડપથી નિકાલ થાય અને શહેરના જટિલ ભૂગોળને ધ્યાનમાં રાખીને ડિવોટરિંગ પંપની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે. આ દરમ્યાન હાલ જે પંપ બેસાડવામાં આવ્યા છે તે ભારે વરસાદ દરમ્યાન કામ કરતા બંધ થઈ જાય તો બેકઅપ તરીકે સ્ટોર્મવોટર ડ્રેનેજ ડિપાર્ટમેન્ટ દ્વારા ૨૦૨૫થી ૨૦૨૮ના સમયગાળા માટે ભાડા પર ૧૦ વેહિકલ માઉન્ટેડ મોબાઈલ પંપ લેવામાં આવ્યા છે. ■

### ખાડા નાના હોય ત્યારે જ ભરોઃ કમિશનર

#### ૨૨૭ વોર્ડમાં ખાડા શોધીને તેને ભરવાનું કામ ૨૨૭ એન્જિનિયરને માથે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં ચોમાસામાં રસ્તા પર ખાડા પડવાનું નક્કી જ હોવાનું જાણનારી મુંબઈ મહાનગર પાલિકાએ રસ્તા પરના ખાડા શોધીને તેને પૂરવાની જવાબદારી ૨૨૭ વોર્ડમાં નીમેલા ૨૨૭ એન્જિનિયરોને માથે નાખી દીધી છે. તેમ જ ખાડા પૂરવા માટે કૉન્ટ્રેક્ટરને પણ પાલિકાએ નીમી દીધા છે. આ દરમ્યાન રસ્તા પર ખાડા નાના હોય ત્યારે જ તેને પૂરી નાખવા તે મોટા થાય તેની રાહ જોવી નહીં એવી સ્પષ્ટ શબ્દોમાં પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ ચેતવણી પણ તમામ અધિકારીઓને આપી છે. મુંબઈના તમામ રસ્તાઓ સિમેન્ટ-કૉંક્રીટના બનાવવામાં આવી રહ્યા છે, છતાં હજી અનેક રસ્તાઓ ડામરના છે. ચોમાસામાં આ રસ્તા પર ખાડા પડવાના છે, તેને ભરવા માટે પાલિકાએ ટેન્ડર બહાર પાડીને કૉન્ટ્રેક્ટર પણ નીમી દીધા છે અને પ્રત્યક્ષમાં કામ પણ ચાલુ થઈ ગયું છે. આ દરમ્યાન પાલિકાએ મુંબઈના તમામ ૨૨૭ વોર્ડમાં સબ એન્જિનિયરોને નીમ્યા છે અને તેમને દરરોજ તેમના વોર્ડમાં સ્કૂટર પર ફરીને ખાડા શોધીને તેને ભરવાનો નિર્દેશ પાલિકા કમિશનરે આપ્યો છે. ખાડા નાના હોય ત્યારે જ તેને ભરી નાખવા આ ખાડા ચાળણી જેવા મોટા થાય ત્યાં સુધી તેને પૂરવાની રાહ જોવી નહીં એવી સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી પણ કમિશનરે અધિકારીઓને આપી હતી. એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ) અભિજિત બાંગરે જણાવ્યું હતું કે કૉંક્રીટાઈઝેશનને કારણે રસ્તાઓ પર ખાડાની સંખ્યા ધીમે ધીમે ઓછી થઈ રહી છે. ભવિષ્યમાં ચોક્કસ તેમાં ઘટાડો થશે. ૨૦૨૩, ૨૦૨૪ અને ૨૦૨૫ની સાલમાં પ્રતિવર્ષે ખાડા ભરવા માટેના ખર્ચમાં મોટો ઘટાડો થયો છે. વાહનચાલકોને ચોમાસામાં રસ્તા પરના ખાડાને કારણે ત્રાસ થાય નહીં તે માટે રોડ વિભાગની આખી ટીમને રસ્તાની દેખરેખ અને સમારકામ માટે સતત ફીલ્ડ પર રહેવું પડશે. તેમ જ ખાડા પૂરવાના કામ કરતા સમયે જુદા જુદા ડિપાર્ટમેન્ટ આપસમાં સમન્વય રાખવાનો રહેશે. ■

# સી. આર. પાટીલે ભૂપત ભાયાણીની પ્રશંસા કરી

## વિસાવદર પેટાચૂંટણીમાં 'આપ' પર પ્રહાર કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વિધાનસભાની પેટા ચૂંટણીની તડામાર તૈયારીઓ થઈ રહી છે. રાજકીય પાર્ટીઓ મતદારોને પોતાની તરફ આકર્ષવા માટે તમામ પ્રયત્નો કરી રહી છે ત્યારે ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલની ઉપસ્થિતિમાં વિસાવદર ખાતે આયોજિત કાર્યકર્તા સંમેલન કરવામાં આવ્યું હતું. તે સિવાય તેમણે ભેંસાણમાં પણ જનસભાને સંબોધન કર્યું હતું.

વિસાવદર ખાતે આયોજિત કાર્યકર્તા સંમેલનને સંબોધતા સી. આર. પાટીલે નામ લીધા વગર જ આમ આદમી પાર્ટી પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે દિલ્હીના લોકો એવું માનતા હતા કે તેની પાર્ટીના નેતા જે કહી રહ્યા છે તે લાગુ કરશે તો દિલ્હી સ્વર્ગ થઈ જશે, પરંતુ લોકોએ દસ વર્ષ રાહ જોઇ અને બાદમાં તેનો નશો ઊતરી ગયો. જે ભાઈએ દિલ્હીમાં સોગંદ ખાધા હતા કે અને કહેતા હતા કે, જ્યાં સુધી હું જીવિત છું ત્યાં સુધી ભારતીય જનતા પાર્ટી અમને હરાવી નહીં શકે. એમના જીવતાજીવ એમને પણ હરાવી દીધા. તેમણે વધુમાં કહ્યું હતું કે ૨૦૨૨ની ચૂંટણીમાં ભાજપ માત્ર ચાર હજાર મતના તફાવતથી જ હાર્યું હતું અને આ વખતે ચાર હજાર કરતાં વધુ મતો મળવાના છે.

તેમણે વિસાવદર બેઠક પર કિરીટ પટેલના આપવામાં આવેલા પાર્ટીના મેન્ડેટ વિશે વાત કરતાં જણાવ્યું હતું કે, વિસાવદર બેઠક પર ભૂપત ભાયાણી અને હર્ષદ રિબડિયા બંનેએ દાવેદારી નોંધાવી હતી, પરંતુ પાર્ટીએ કિરીટ પટેલને મેન્ડેટ આપ્યું ત્યારે પાર્ટીથી નારાજ થવાને બદલે પાર્ટીના ઉમેદવારના સમર્થનમાં પ્રચારમાં લાગી ગયા હતા. પાટીલે તેને ભાજપની લાક્ષણિકતા ગણાવી હતી. તેમણે આગળ કહ્યું હતું કે, ભૂપત ભાયાણીને લાગ્યું કે આમ આદમી પાર્ટીમાં વિસાવદરમાં વિકાસ થઈ શકે તેમ નથી આથી તેમણે રાજીનામું આપી ભાજપમાં જોડાઈ ગયા હતા.

તેમણે આમ આદમી પાર્ટી પર પ્રહાર કરતાં કહ્યું હતું કે સામેવાળી પાર્ટીના ઉમેદવારની ઉમેદવારી સમયે દિલ્હીમાં જેના કારણે આખી સરકાર હારી તેવા પૂર્વ મુખ્ય પ્રધાન આવ્યા હતા. તેમણે કહ્યું હતું કે ભાજપ હારતા શીખી નથી અને હાર્યા બાદ વિસ્તાર છોડી દેતી નથી. તેમણે બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોર પર નામ લીધા વિના જ પ્રહાર કરતાં કહ્યું હતું કે, 'જે બેન સાંસદ બની ગયા, તેઓ તેમની બેઠક પર પોતાના મનગમતા ઉમેદવારને જિતાડી ન શક્યા.

## ગાર્ડ ઓફ ઓનર



કાશ્મીરના શ્રીનગર ખાતે ભારતીય સેનામાં ફરજ બજાવતા વીરગતિ પામેલા ભાવનગરના મોટા ખોખરા ગામનાં સૈન્ય જવાન જયદીપ ડાભીના ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમસંસ્કાર કરાયા હતા... (તસવીર- વિપુલ હિરાણી, ભાવનગર)

### કચ્છમાં શિક્ષણની સ્થિતિ દયનિય

## ૪૭૨૦ જેટલા શિક્ષકની ઘટથી વિદ્યાર્થીઓનું ભાવી અદ્ધરતાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કચ્છ જિલ્લામાં શિક્ષણની સ્થિતિ દયનિય બની છે, કચ્છમાં શિક્ષકોની ભારે ઘટથી વિદ્યાર્થીઓના ભણતર પર અસર થઈ રહી છે. નવા શૈક્ષણિક સત્રની શરૂઆત થઈ છે, પરંતુ કચ્છમાં આજે પણ ૪૭૨૦ જેટલા શિક્ષકોની ઘટ છે. કચ્છની શાળાઓમાં શિક્ષકોની ઘટ વાલીઓ માટે ચિંતાનો વિષય બન્યો છે. સરકારે કચ્છ જિલ્લા માટે શિક્ષકોની સ્પેશિયલ ભરતીની જાહેરાત કરી છે. અને તેની કામગીરી ચાલી રહી છે, પરંતુ હાલ ગ્રામ પંચાયતની ચૂંટણી, શિક્ષકોની ભરતી માટે ગ્રહણ બની છે.

સ્પેશિયલ ભરતીથી કચ્છમાં ધોરણ ૧થી ૮ માટે ૪૧૦૦ શિક્ષકની ભરતી થવાની છે, પરંતુ ભરતી થાય તે પહેલા જ જિલ્લા ફેરબદલીમાં ૨૦૩૫ જેટલા શિક્ષકે કચ્છ જિલ્લામાંથી બીજા જિલ્લામાં જવા માટે બદલી કરાવી લીધી છે, જેમાંથી ૯૮૮ શિક્ષકને છૂટા કરી દેવાયા છે, જ્યારે બાકીના ૧૧૩૫ શિક્ષકને મહેકમ ન હોવાના કારણે હજુ છૂટા કરાયા નથી.

જો કે સૌથી આઘાતજનક બાબત તો એ છે કે, કચ્છની ૧૧ શાળા તો એવી છે જ્યાં કોઈ શિક્ષક જ નથી. આ શાળાઓમાં હાલ કોઈ સ્થાયી શિક્ષક નથી, પણ અન્ય શાળાઓના શિક્ષકો વ્યવસ્થાના ભાગરૂપે અહીં બાળકોને અભ્યાસ કરવા માટે આવે છે. તો ધોરણ ૧થી ૮ની ૫૧ એવી શાળા છે, જેમાં માત્ર એક જ શિક્ષક ફરજ બજાવે છે.

## દેવભૂમિ દ્વારકા જિલ્લાને બાળશ્રમિક મુક્ત બનાવવા ખાસ ડ્રાઈવનું આયોજન કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રમાં કેટલાક જિલ્લાઓમાં બાળકો પાસે મજૂરી કરાવવામાં આવે છે ત્યારે હૉટેલ, કારખાના તેમ જ લારી ગલ્લામાં બાળકો અને કિશોરો પાસે કામ કરાવવામાં આવે છે. બાળમજૂરી એક ગુનો છે. દેવભૂમિ દ્વારકાના જિલ્લા કલેક્ટર દ્વારા જિલ્લાને બાળમજૂર મુક્ત જિલ્લો બનાવવા અપીલ કરી હતી.

બાળ અને કિશોર શ્રમ પ્રતિબંધ અધિનિયમ ૧૯૮૬ની કલમ મુજબ બાળકો પાસે મજૂરી કરાવવી તે એક અપરાધ છે. બાળકોને શાળામાં અભ્યાસ કરાવવાના બદલે પરિવાર દ્વારા ચા ની લારી, નાના-મોટા કારખાના, હૉટેલોમાં મજૂરી કરવા મોકલવામાં આવે છે. દ્વારકા જિલ્લામાં કોઈ જગ્યાએ બાળક મજૂરી કરતો નજરે ચડે તો નજીકના પોલીસ સ્ટેશનમાં કે જિલ્લા શ્રમ અધિકારી અથવા બાળ સુરક્ષા અધિકારી કચેરીનો સંપર્ક કરવા જણાવ્યું હતું.

બાળ અને કિશોર શ્રમ પ્રતિબંધ અધિનિયમ ૧૯૮૬ કલમ હેઠળ બાળકને મજૂરી કરવા બદલ બેથી વધુ વર્ષની કેદ તેમ જ ૫૦ હજારનો દંડ તેમજ લગત કલમના આધારે એક લાખનો દંડ અથવા પાંચ વર્ષની કેદની સજા ફટકારવામાં આવે છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચાઈલ્ડ લેબર એસોસિએશન માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગ્રામ્ય, તાલુકા તથા શહેર કક્ષાએ હૉટેલ, ઔદ્યોગિક એકમો, ઈંટોના ભઠ્ઠા, ખેતી, પશુપાલન, જેવા કોઈપણ કાર્યોમાં જો કોઈ બાળકને કામ પર રાખવામાં આવતા હોય તો તેને અટકાવવા માટેની સ્પેશિયલ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. આ ડ્રાઈવ તા. ૩૧ ઑગસ્ટ ૨૦૨૫ સુધી કાર્યરત રહેશે.

## તાલાલાની કેસર કેરીના નિકાસમાં નોંધપાત્ર ઘટાડો થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તાલાલા ગીર કેસર કેરી માટેનું પ્રખ્યાત સ્થળ છે. તાલાલાની કેસર કેરીની વિદેશોમાં એક્સપોર્ટ કરવામાં આવે છે ત્યારે આ વર્ષે કેસર કેરીના એક્સપોર્ટમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. મે મહિનામાં માવઠું થતા કેસર કેરીના પાકને પણ નુકસાન થયું હતું. ભારે પવનના કારણે કેરીનો પાક ખરી પડ્યો હતો. આ વર્ષે કેસર કેરીની નિકાસ પર વાતાવરણની અસર જોવા મળી હતી.

તાલાલા ગીરની કેસર કેરીની દર વર્ષે વિદેશોમાં નિકાસ કરવામાં આવે છે. તાલાલાથી એક્સપોર્ટ કરવા માટે કેસર કેરીનું ગ્રેડિંગ કરવામાં આવે છે. કેસર કેરીની બહારના દેશોમાં નિકાસ કરવા માટે આંતરરાષ્ટ્રીય ધારા ધોરણનું પાલન કરવામાં આવે છે, પરંતુ આ વર્ષે કમોસમી વરસાદ અને માવઠાને કારણે કેસર કેરીના એક્સપોર્ટમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. ઉલ્લેખનીય છે કે, દર વર્ષે ૪૫૦ થી ૫૦૦ ટન કેસર કેરીની નિકાસ કરવામાં આવે છે જે આ વર્ષે ઘટીને માત્ર ૧૦૦ ટન થઈ હતી. કમોસમી વરસાદને કારણે કેરીના પાકને નુકસાન થયું હતું.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આ વર્ષે વિમાનનું ભાડું પણ ઘટ્યું હતું જેના કારણે યુકેમાં ગત વર્ષે કેરીની નિકાસ માટે વિમાની ભાડું રૂ. ૨૯૦ પ્રતિ કિલો હતું જે હાલમાં ઘટીને ૨૦૭ રૂપિયા થયું હતું. આ સિવાય ઓસ્ટ્રેલિયામાં દર વર્ષે ૪૦-૪૫ ટનની માગ હોવા છતાં, મુંબઈના રેડિયેશન પ્લાન્ટ બંધ થવાથી નિકાસ અટકી ગઈ હતી. તાલાલા ગીરની કેસર કેરીની નિકાસની પ્રક્રિયા સામાન્ય રીતે એક થી દોઢ મહિનો ચાલે છે, પરંતુ આ વર્ષે માત્ર ૨૦ થી ૨૫ દિવસ જ ચાલી હતી. આ વર્ષે તાલાલા માર્કેટિંગ યાર્ડમાં કેસર કેરીનો વેપાર ઘટ્યો હતા. હાલમાં ૧૫ જૂન સુધી કચ્છની કેસર કેરીની એક્સપોર્ટ પ્રક્રિયા શરૂ કરાઈ છે.

## સાવરકુંડલામાં આઠ વર્ષના બાળકની આંખની પાંપણમાંથી જીવાત નીકળતા તપાસનો વિષય બન્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં એક અજીબ કિસ્સો જોવા મળ્યો હતો. સાવરકુંડલાના ૮ વર્ષના બાળકની આંખની પાંપણમાંથી જૂ નીકળવાની ઘટના સામે આવી હતી. લોકોના વાળમાં જૂ જોવા મળતી હોય છે, પરંતુ આંખના પાંપણમાંથી જીવાત નીકળતા આશ્ચર્યજનક ઘટના સામે આવી હતી.

સાવરકુંડલાના આઠ વર્ષના બાળકની આંખની પાંપણમાંથી જૂ જોવા મળી હતી. બાળકને આંખમાં દુઃખાવો તેમજ ખંજવાળ આવતી હતી, ત્યારે બાળકે પોતાના પિતાને ફરિયાદ ડૉક્ટર પાસે લઈ જઈ તપાસ કરાવવામાં આવી હતી. બાળકની આંખની પાંપણ ઉપરથી જીવાત નીકળતા ડોક્ટર પણ આશ્ચર્યચકિત થયા હતા. બાળકની તપાસ કરી તેની સર્જરી કરવામાં આવી હતી. દોઢ કલાકની સર્જરી બાદ બાળકના આંખની પાંપણમાંથી ૨૮ જૂ અને ૩૫ ઈંડા કાઢવામાં આવ્યા હતા. સમગ્ર મેડિકલ વિભાગમાં આ કિસ્સાને લઈને લોકો અચંબામાં પડ્યા હતા અને આ કિસ્સો વિજ્ઞાન ક્ષેત્રે પણ તપાસનો વિષય બન્યો છે.



રાજકોટમાં ત્રણ દિવસ પૂર્વે જૂના માર્કેટિંગ યાર્ડ પાછળ ટ્રાન્સપોર્ટ ઓફિસમાં થયેલી મારામારી મામલે પીડિત પરિવાર અને ટ્રાન્સપોર્ટ એસોસિયેશન દ્વારા પોલિસ કમિશનરને આવેદન અપાયું હતું. (તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

## ભુજમાં ફરવા આવેલા મધ્ય પ્રદેશના હરપાલપુરના નગરસેવક સાથે છેતરપિંડી

### એક આરોપી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)



ભુજઃ કચ્છમાં ફરવા આવેલા મધ્ય પ્રદેશના હરપાલપુરના નગરસેવકને ભુજમાં લૂંટી લીધો હોવાનો બનાવ બહાર આવતાં ચકચાર પ્રસરી છે. ભુજની કુખ્યાત ગેંગના સાગરીતો દ્વારા બજાર ભાવ કરતાં ઓછી કિંમતે ૨૪ કેરેટનું શુદ્ધ સોનું આપવાના નામે ઠગાઈ કરવામાં આવી હતી. મધ્ય પ્રદેશના છતરપુર જિલ્લાના હરપાલપુર નગરપાલિકાના વોર્ડ નંબર ૧૧ના નગરસેવક રાજેન્દ્ર જયરામ મિશ્રાએ ભુજ બી ડિવિઝન પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, એક સપ્તાહ અગાઉ પત્ની સાથે ભુજ-કચ્છ ફરવા આવ્યાં હતાં.

ગત તા. ૫ મી જૂનના ભુજ નગરપાલિકાની હંગામી ઓફિસમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવનારા મહેન્દ્ર સોનીએ ફોન કરીને જણાવ્યું હતું કે, ઈન્સ્ટાગ્રામ માધ્ય દ્વારા ભુજના એક સોનાના વેપારી સાથે સંપર્ક થયો હતો. તે બજાર ભાવ કરતા ૨૦ ટકા સસ્તા ભાવે સોનું આપે છે તેવી માહિતી આપી હતી.

મહેન્દ્રએ મોબાઈલ નંબર આપતા ફરિયાદીએ ફોન કરી સોનાના બિસ્કીટ બાબતે પૂછપરછ કરતા ભુજના જ્યુબિલિ સર્કલ પાસે દંપતીને મુલાકાત માટે બોલાવ્યા હતા. દંપતી ગાડી લઈને આવેલા અબ્દુલ ફારુક સમાએ તેમને તૈબાહ ટાઉનશિપમાં ઘરે લઈ ગયા હતા. ત્યાં તેમણે સોનાના બિસ્કીટ બતાવ્યા હતા. બિસ્કીટ બાબતે પૂછતા આ સોનાના બિસ્કીટ દુબઈથી લાવે છે અને બજારભાવ કરતા ૧૫ થી ૨૦ ટકા સસ્તા ભાવે અમૂક ગ્રાહકોને જ વેચાણ કરવામાં આવે છે તેવી વાત કરી હતી. દંપતીએ પોતાની પાસે રોકડા રૂપિયા ન હોવાનું જણાવ્યું હતું. ત્યાર બાદ દંપતીને વિશ્વાસમાં લેવા આરોપીએ કહ્યું હતું કે, તમારી પાસે જેટલા રૂપિયા હોય તે આપીને બિસ્કીટ સેમ્પલ માટે લઈ જવા કહ્યું હતું. આ દરમિયાન આરોપીએ દંપતી પાસે ૨.૩૦ લાખ રૂપિયા હોવાની ભાળ મેળવી હતી. થોડીવાર બાદ એક શખ્સે તેમની પત્નીના હાથમાં રહેલી બેગ છીનવી લીધી હતી અને બીજા માણસે ફરિયાદીને ધક્કો મારી નીચે પાડી દઇ ક્રેટા ગાડી લઈને ભાગી ગયા હતા. અબ્દુલ ફારુક સમા અને તેની સાથેના ૩ અજાણ્યા સાગરીતોએ બજારભાવ કરતાં સસ્તા ભાવે સોનં આપવાનું કહી બિસ્કીટ બતાવી ૨.૩૦ લાખ રૂપિયાની છેતરપીંડી અને ચીલઝડપ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

આ દરમિયાન ભુજ બી ડિવિઝન પોલીસ મથકમાં ચાર શખ્સો વિરુદ્ધ ગુનો દાખલ થયા બાદ સ્થાનિક ગુના શોધક શાખાએ ભુજ-માધાપર માર્ગ પર આવેલી હોટલ ડૉલર પાસેથી ગુનામાં વપરાયેલી ક્રેટા કારમાં જઈ રહેલા આસિફ રમજુ તુર્કને ઝડપી લીધો હતો. આરોપીના કબજામાં રહેલા બે મોબાઈલ ફોન કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસે અન્ય આરોપીઓ તથા નગર સેવકના રોકડા રૂપિયા સહિતનો મુદ્દામાલ રિકવર કરવા પોલીસે ચક્રો ગતિમાન કર્યાં છે.

## કચ્છમાં ફરજ મોકૂફ પોલીસ કર્મીનો પાલનપુરમાં ગળેફાંસો લગાવી આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગત એપ્રિલમાં પશ્ચિમ કચ્છના અબડાસા તાલુકાના જખૌ ખાતે બંદોબસ્તમાં આવેલા અને નશો કરેલી હાલતમાં પકડાયેલા હેડ કોન્સ્ટેબલ વિંદલરાજ રમેશચંદ્ર ચૌહાણે બનાસકાંઠાના પાલનપુરમાં પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આપઘાત કરી લેતાં ચકચાર પ્રસરી જવા પામી હતી.

મૃતકે લખેલી કથિત સ્યૂસાઇડ નોટમાં પશ્ચિમ કચ્છના એસ.પી વિકાસ સુંડા, નલિયા વિસ્તારના ઈન્ચાર્જ પીઆઈ બી.પી. ખરાડી તેમજ નલિયા સામૂહિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો. એમ.એન.પરમારના નામજોગ ગંભીર આક્ષેપો મૂકતાં ગુજરાત પોલીસમાં ભારે ચકચાર મચી છે.

છેલ્લાં સાત વર્ષથી પશ્ચિમ કચ્છ પોલીસ હેડ ક્વાર્ટરમાં ફરજ બજાવતા વિંદલરાજને ગત ૨૯મી એપ્રિલ-૨૦૨૫માં જખૌમાં આયોજિત ધાર્મિક સમારોહમાં બંદોબસ્ત માટે તૈનાત કરાયા હતા, ફરજ પૂરી થયા બાદ મોડી રાત્રે મારુતિ અર્ટિગા કારમાં તે તથા ડ્રાઇવર રણજિત મહેશ્વરી નલિયા તરફ જતા હતા, ત્યારે નલિયાના અબડા દાદા સર્કલ પાસે બંને દારૂના નશામાં મળી આવતાં તેમની સામે અલગ-અલગ ફરિયાદો નોંધાઇ હતી. આ બનાવ બાદ વિંદલરાજને પોલીસ અધિકારીએ ફરજ મોકૂફ કરી દીધો હતો અને બાદમાં તેની સુરત ગ્રામ્યમાં બદલી કરી દેવાઇ હતી.

દરમ્યાન, પાલનપુર રહેતા વિંદલરાજે ગત રાત્રે ઘરે પંખામાં ગળેફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. આ ઘટના સંદર્ભે પરિવારજનોએ પણ ગુજરાત પોલીસના ઉચ્ચ અધિકારીઓ પર આરોપ લગાવ્યો છે. પરિવારે કહ્યું કે, વિંદલરાજે આપઘાત કરતાં પહેલાં એક સ્યૂસાઇડ નોટ લખી હતી, જેમાં પશ્ચિમ કચ્છ પોલીસ જિલ્લાના એસપી તથા નલિયાના ઇન્ચાર્જ પી.આઈ તથા સામુહિક આરોગ્ય કેન્દ્રના તબીબ દ્વારા તેને અમાનુષી માનસિક યાતના આપવામાં આવતી હોવાનો ઉલ્લેખ કર્યો હતો.

ગુજરાત પોલીસમાં ચકચાર જગાવનારા કોન્સ્ટેબલના ચકચારી આપઘાતની ઘટનામાં બનાસકાંઠા એ.એસ.પી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, પોલીસ કોન્સ્ટેબલ વિંદલરાજના આપઘાત મુદ્દે અકસ્માત મોત અંગેની ફરિયાદ હાલ તુરત દાખલ કરવામાં આવી છે અને યોગ્ય તપાસ શરૂ કરાઈ છે. કથિત સ્યુસાઇડ નોટ અંગે તેમણે કશો ફોડ પાડ્યો નથી.

દરમ્યાન, પુત્રના મૃત્યુ બાદ પરિવારજનો અને સમાજે જ્યાં સુધી પશ્ચિમ કચ્છના પોલીસ વડા વિકાસ સુંડા, પી.આઈ ખરાડી અને મેડિકલ ઓફિસર પરમાર સામે ફરિયાદ દાખલ ના થાય ત્યાં સુધી અંતિમસંસ્કાર માટે મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કરી દેતાં પોલીસ ખાતામાં દોડધામ મચી ગઈ છે.

## મુંદરાની અદાણી વિલ્માર કંપનીની પ્રેશર પાઇપલાઇનમાં બ્લાસ્ટઃ બે કામદારોને ઈજા




(તસવીર- ઉત્સવ વૈદ્ય, ભુજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના મુંદરા તાલુકાના ધ્રબ ગામના પાદરે આવેલી રિફાઇન્ડ ખાદ્ય તેલ બનાવતી અદાણી વિલમાર કંપનીના એકમમાં રાત્રે સવા અગિયાર વાગ્યાના અરસામાં પ્રેશર પાઇપલાઇનમાં જોરદાર બ્લાસ્ટ થતાં ધ્રબથી મુંદરા શહેર સુધીના વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો. આ બ્લાસ્ટમાં પરપ્રાંતીય કામદાર એવા ૨૫ વર્ષીય ટૂંટૂંકુમાર પાસવાન અને સ્થાનિક મીઠાની વસાહતમાં રહેતા પંકજકુમાર રાયને ઈજાઓ પહોંચતા તેમને નજીકની સરકારી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છમાં સેંકડો નાના-મોટા એકમો કાર્યરત છે, જ્યાં અવારનવાર આ પ્રકારના જીવ જોખમમાં મુકાય તેવા અકસ્માતો બનતા રહે છે. સદ્‌ભાગ્યે આ બ્લાસ્ટની ઘટનામાં જાનહાની થઇ નથી.



રાજકોટમાં શાળાઓમાં શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો હતો, કુમકુમ તિલક કરી એન્ટ્રી અપાઈ હતી. (તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

## ભુજની પાલારા જેલનો પાકા કામનો કેદી પેરોલ રજા પરથી ફરાર થતા ફરિયાદ નોંધાઈ

ભુજઃ ભુજમાં આવેલી પાલારા ખાસ જેલમાં સજા ભોગવી રહેલો પાકા કામનો બંદીવાન કરીમ ઉર્ફે ટીચુકડો ઓસમાણ વાઘેર (રહે. સિક્કા, તા. જામનગર) પાંચ દિવસની પેરોલ રજા લીધા બાદ પરત ફર્યો ન હતો. આ અંગે આરોપીને ફરાર જાહેર કરીને ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ભુજની પાલારા ખાસ જેલના જેલર ગ્રૂપ-૨ના બી.કે. જાખલે નોંધાવેલી ફરિયાદ મુજબ હત્યાના પ્રયાસના ગુનામાં જેલના પાકા કામના કેદી કરીમ ઉર્ફે ટીચુકડાની હાઈ કોર્ટના હુકમથી પાંચ દિવસની પેરોલ રજા મંજૂર થઈ હતી. તેને ગત તા. ૧૫ મે માસમાં જેલ મુક્ત કર્યા બાદ પાંચ દિવસે તેને પરત જેલ સમક્ષ હાજર થવાનું હતું, પરંતુ તે હાજર ન થતાં હાઈ કોર્ટને આ બાબતે જાણ કરાઈ હતી. ત્યાર બાદ આ આરોપી વિરુદ્ધ પેરોલ રજામાંથી હાજર ન થઈ ફરાર થયાની ફરિયાદ બી-ડિવિઝન પોલીસ મથકે નોંધાવતાં પ્રિઝન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.